અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૭ મે ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર વદ ૧૪ | અંક : ૨૭૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આજે દેશમાં ત્રીજા તબક્કાનું મતદાન | ત્રીજા તબક્કાના મતદાનમાં અનેક મોટા ચહેરાઓ ચૂંટણી મેદાનમાં છે

# ત્રીજા તબક્કામાં ૧૩ રાજ્યની ૯૫ બેઠક ઉપર થશે મતદાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

લોકસભાની ચૂંટણીના બે તબક્કામાં ૧૮૦ બેઠકો પર ઉમેદવારોનું નસીબ ઈવીએમમાં કેદ થઈ ગયું છે. હવે ત્રીજા તબક્કામાં ૧૩ રાજ્યની ૯૫ લોકસભા બેઠક પર ૭ મેના રોજ મતદાન થશે. ત્રીજા તબક્કામાં કોંગ્રેસ પાસે ગુમાવવા માટે કંઈ નથી. જ્યારે બીજેપીએ દેશમાં સત્તાની હેટ્રિક લગાવવા માટે પોતાની જીતેલી બેઠકોને બચાવી રાખવાનો પડકાર છે. આ ફેઝના મતદાન પછી અડધાથી વધારે લોકસભા બેઠકની ચૂંટણી પૂરી થઈ જશે. આ ત્રણ તબક્કામાં જેનું પલડું ભારે રહેશે તેના નામે ૨૦૨૪ની સત્તાની ચાવી હશે. ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ ૧૩ રાજ્યની ૯૫ લોકસભા બેઠક પર મતદાન થશે. જેના પર કરીએ તો અસમની ૪ બેઠક પર મતદાન થશે. બિહારની ૫ બેઠક પર મતદાન થશે. છત્તીસગઢની ૭ બેઠક પર મતદાન થશે. ગોવાની ૨ બેઠક પર મતદાન થશે. ગુજરાતની તમામ ૨૬ બેઠક પર મતદાન થશે. કર્ણાટકની ૧૪ બેઠક પર મતદાન થશે. મધ્ય પ્રદેશની ૯ બેઠક પર મતદાન થશે. મહારાષ્ટ્રની ૧૧ બેઠક પર મતદાન થશે. ઉત્તર પ્રદેશની ૧૦ બેઠક પર મતદાન થશે. પશ્ચિમ બંગાળની ૪ બેઠક પર મતદાન થશે. દાદરા નગર હવેલીની ૨ બેઠક પર મતદાન



થશે. જમ્મુ અને કાશ્મીરની ૧ બેઠક પર મતદાન થશે. પહેલાં તબક્કામાં ૬૬.૧૪ ટકા મતદાન અને બીજા તબક્કામાં ૬૬.૭૧ ટકા મતદાન થયું છે ત્યારે રાજકીય પક્ષોની સાથે સાથે ચૂંટણી પંચે પણ વધુ મતદાન થાય તે માટે તમામ પ્રયાસો કર્યા છે તો રાજકીય પક્ષો આ વખતની ચૂંટણીમાં પરિણામ બદલાશે તેવો દાવો કરી રહ્યા છે. ત્રીજા તબક્કાના મતદાનમાં અનેક મોટા ચહેરાઓ ચૂંટણી મેદાનમાં છે. જેમાં મધ્ય પ્રદેશમાં બે પૂર્વ મુખ્યમંત્રીઓ અને એક કેન્દ્રીય મંત્રી લડી રહ્યા છે. વિદિશા બેઠક પરથી શિવરાજસિંહ ચૌહાણ, ગુના બેઠક પરથી જ્યોતિરાદિત્ય સિંધિયા તો રાજગઢ બેઠક પરથી કોંગ્રેસના દિગ્વિજયસિંહ ચૂંટણી લડી રહ્યા છે.

ત્રીજા તબક્કામાં રાજકીય પક્ષોના કયા મુખ્ય ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે તેના પર નજર કરીએ તો...

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશી કર્ણાટકની ધારવાડ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવ મૈનપુરીથી મેદાનમાં છે.

કોંગ્રેસના અધીર રંજન ચૌધરી બંગાળની બરહામપુર બેઠક પરથી લડી રહ્યા છે.

ટીએમસીના યુસુફ પઠાણ બંગાળની બરહામપુર બેઠક પરથી મેદાનમાં છે.

દક્ષિણ ગોવા બેઠક પરથી ભાજપના પલ્લવી ડેમો ચૂંટણી મેદાનમાં છે.

અસમની ધુબરી બેઠક પરથી AIUDFના અધ્યક્ષ બદરુદીન અજમલ લડી રહ્યા છે.

મહારાષ્ટ્રની બારામતી બેઠક પરથી શરદ પવારના પુત્રી સુપ્રિયા સુલે મેદાનમાં છે.

બારામતી બેઠક પર અજીત પવારના પત્ની સુનેત્રા પવાર ચૂંટણી લડી રહ્યા છે.

૨૦૧૯માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ત્રીજા તબક્કાની ૯૫ બેઠકમાંથી ભાજપને ૭૨ બેઠક મળી હતી... જ્યારે કોંગ્રેસ માત્ર ૪ બેઠક જીતી શકી હતી... અન્ય પક્ષોને ૯ બેઠક મળી હતી.... આ વખતે કોંગ્રેસને કર્ણાટકથી લઈને મહારાષ્ટ્ર અને ગુજરાતથી રાજસ્થાન સુધી પોતાની બેઠક વધવાની આશા છે... ત્યારે એ જોવાનું રહેશે કે આ વખતે ત્રીજા તબક્કામાં કોનું પલડું ભારે રહે છે..

## ન્યૂઝ બ્રિફ

### અમેઠીમાં કોંગ્રેસકાર્યાલય પર ભાજપે હુમલો કરાવ્યો હોવાનો દાવો

। (એજન્સી) અમેઠી, તા.૬ ।

ઉત્તરપ્રદેશના અમેઠીમાં રવિવારે મોડીરાતે કોંગ્રેસ કાર્યાલયમાં હુમલો કરવામાં આવ્યો હતો. અજાણ્યા શખ્સો દ્વારા કોંગ્રેસ કાર્યાલયની બહાર પાર્ક કરવામાં આવેલા વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. પોલીસે આ ઘટનાની માહિતી મળ્યા પછી સ્થળની મુલાકાત લઈ સમગ્ર બનાવની તપાસ હાથ ધરી છે. બીજી તરફ કોંગ્રેસે આ હુમલો બીજેપીના ગુડાઓએ કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસે ટ પર એક વીડિયો પણ શેર કર્યો છે. આ વીડિયોમાં કારના કાચને નુકસાન કરવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

### T20 વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ટીમ ઈન્ડિયાની નવી જર્સી લોન્ચ કરવામાં આવી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૬ ।

T20 વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ટીમ ઈન્ડિયાની નવી જર્સી લોન્ચ કરવામાં આવી છે. ટીમ ઈન્ડિયાની જર્સી ધર્મશાલાના પહાડોની વચ્ચે હેલિકોપ્ટર દ્વારા લોન્ચ કરવામાં આવી હતી. ટીમ ઈન્ડિયાની નવી જર્સી આકર્ષક લાગી રહી છે. જર્સીની સ્લીવ્સ કેસરી રંગની છે અને આ સિવાય તેમાં વાદળી રંગ છે. જર્સી લોન્ચ કરવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ વીડિયોમાં રોહિત શર્મા, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ જોવા મળી રહ્યા છે.

### કોંગ્રેસના મતોમાં એએપી ભાગલા નહીં પડાવે તેથી સ્થિતિ બદલાશે

# ગુજરાતની સાત બેઠકો ઉપર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ

**રાજકોટ બેઠક ઉપર ભાજપના પરસોતમ રૂપાલા કડવા પાટીદાર છે : કોંગ્રેસના પરેશ ધાનાણી લેઉઆ પાટીદાર છે**

। (એજન્સી) રાજકોટ, તા.૬ ।

લોકસભાની ચૂંટણીમાં ત્રીજા તબક્કામાં ગુજરાતમાં મતદાન થશે. ગણતરીના કલાકોમાં મતદાન થનાર છે ત્યારે સવાલ એ છેકે, આ વખતની ચૂંટણીમાં કયો મુદ્દો ચાલશે? તો એનો સીધો સીધો જવાબ છે રાજકારણમાં સમાજકારણ. જીહાં, ચૂંટણી નજીક આવતા રાજનેતાઓને આખરે તો સમાજની જરૂર પડી. એટલે જ વિવિધ પક્ષના નેતાઓ ધાર્મિક કાર્યક્રમોનું બહાનું કાઢીને સંતો-મહંતોને બોલાવીને સમાજની સામે મોટા ભા થવાનો અને પોતાના પક્ષમાં લોકો મતદાન કરે તેવી અપીલો કરતા નજરે પડે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છની કુલ ૮ લોકસભા બેઠક માટે તા.૭ને મંગળવારે મતદાન થશે. ચૂંટણીમાં ઉમેદવારની જ્ઞાતિ નેતાઓ માટે અને ટિકીટ આપતી વખતે મોવડી મંડળ માટે મહત્વની રહી છે અને તે જાણતા અજાણતા ચોક્કસ બેઠક પર ચોક્કસ જ્ઞાતિના ઉમેદવારો મેદાનમાં ઉતારાતા રહ્યા છે ત્યારે આ વખતે ઉમેદવારના પક્ષ, ઈમેજ વગેરે સાથે જો જ્ઞાતિનું પરિબળ અસરકારક બની શકે તો તે ખાસ કરીને રાજકોટ, જામનગર, જુનાગઢ, સુરેન્દ્રનગર એ ચાર બેઠક પર તેની સંભાવના જણાઈ છે. સૌરાષ્ટ્ર-કચ્છની આ ચૂંટણીની વિશેષતા એ છે કે આ વખતે કોંગ્રેસના મતમાં આમ આદમી પાર્ટી ભાગલા પડાવશે નહીં. બન્ને વચ્ચે ગઠબંધન થયું છે. જે અન્વયે એકમાત્ર ભાવનગર બેઠક ઉપર ભાજપ સામે આમ પાર્ટીના ઉમેદવાર છે અને બન્ને કોળી જ્ઞાતિના છે. બાકીની તમામ સીટ ઉપર આ વખતે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. ઉલ્લેખનીય છે કે ગત ધારાસભા ચૂંટણીમાં રાજકોટ સંસદીય બેઠકની ૭ લોકસભા સીટ પૈકી ૪ ઉપર કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સંયુક્ત મતો ભાજપના કરતા વધારે હતા પરંતુ, મતોના વિભાજનથી ભાજપને તમામ બેઠકો પર જીત મળી હતી. રાજકોટ બેઠક ઉપર ભાજપના પરસોતમ રૂપાલા કડવા પાટીદાર છે જ્યારે સામે કોંગ્રેસના પરેશ ધાનાણી લેઉઆ પાટીદાર છે.

### અમિત શાહ અને આનંદીબેન પટેલ મતદાન કરશે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતમાં મતદાન કરશે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે મતદાન થવાનું છે. ત્યારે મતદાન અંગેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો.દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ગુજરાતમાં મતદાન કરવા માટે આવી રહ્યા છે. તેમના ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ ગુજરાત આવી જશે. પીએમ મોદી રાણીપની નિશાંત સ્કૂલમાં મતદાન કરવાના છે. તે પહેલા ત્યાં આજે સઘન



પોલીસ બંદોબસ્ત પણ ખડકી દેવામાં આવ્યો છે. પીએમ મોદી નિશાંત સ્કૂલમાં મતદાન કરવાના છે. જેથી ત્યાં આજે SPG અને રાણીપ પોલીસ દ્વારા સુરક્ષાના ભાગરૂપે અધિકારીઓએ શાળામાં ચેકિંગ અને નિરીક્ષણ કર્યુ છે. આ સાથે રાણીપના મતદાન બુથ પર બેરીકેટ લગાવી દેવામાં આવ્યા છે અને પોલીસનો બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.હાલ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, પીએમ મોદી સાતમી તારીખે સવારે ૭.૩૦ કલાકની આસપાસ મતદાન કરી શકે છે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ શિલજ ગામમાં મતદાન કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નારણપુરામાં મતદાન કરશે. માનવામાં આવી રહ્યુ છે કે, પીએમ મોદી સવારે મતદાન કરી ગુજરાત સહિત ત્રીજા તબક્કામાં આવનારા રાજ્યોના મતદારોને લોકશાહીના પર્વમાં મતાધિકારનો ઉત્સવ મનાવવા અપીલ કરી સીધા પોતાના નિર્ધારિત પ્રચાર પ્રવાસ માટે નિકળી જશે. પીએમ મોદીની જેમ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ પણ સવારે ૧૦ વાગે નારણપુરા અંકુર ખાતે આવેલી મ્યુનિસિપલ કચેરી ખાતે મતદાન કરી શકે છે.

### રાહુલ ગાંધીએ રતલામની એક ચૂંટણી સભામાં જાહેરાત કરી

# અનામતમાં ૫૦%ની લિમિટ દૂર કરીશું, જરૂરિયાત પ્રમાણે રિઝર્વેશન મળશે

। (એજન્સી) રતલામ, તા.૬ ।

આ વખતની ચૂંટણીમાં બંધારણ અને અનામતના મુદ્દા છવાયેલા છે ત્યારે રાહુલ ગાંધીએ એક ચૂંટણી સભામાં જાહેરાત કરી છે કે અનામત માટે સુપ્રીમ કોર્ટે ૫૦ ટકાની લિમિટ નક્કી કરી છે તેને અમે દૂર કરીશું. રાહુલે કહ્યું કે સમુદાયોને જે મુજબ અનામતની જરૂરિયાત હશે તે પ્રમાણે અનામત આપીશું. મધ્ય પ્રદેશમાં રતલામ ખાતે એક ચૂંટણી સભાને સંબોધીને રાહુલ ગાંધીએ આ જાહેરાત કરી હતી. તેમણે દાવો કર્યો કે આ લોકસભાની ચૂંટણી બંધારણને બચાવવા માટે લડાઈ રહી છે. દેશમાં જાતિ



આધારિત અનામત માટે સુપ્રીમ કોર્ટે ૫૦ ટકાની મર્યાદા નક્કી કરી છે અને તેનાથી વધારે અનામત આપી શકાય તેમ નથી. પરંતુ રાહુલ ગાંધીએ આ મર્યાદાને દૂર કરવાની વાત કરી છે. તેમણે કહ્યું કે દલિતો, પછાત વર્ગ અને આદિવાસી સમુદાયોના લાભ માટે અનામતનો ક્વોટા વધારવામાં આવશે. બંધારણની નકલ પોતાના હાથમાં પકડીને તેમણે કહ્યું કે આરએસએસ અને ભાજપ આ દેશના સંવિધાનને ખતમ કરવા માગે છે, તેને બદલવા માગે છે. જ્યારે કોંગ્રેસ અને ઈન્ડિયા બ્લોક તેને બચાવવા માટે પ્રયાસ કરે છે. આ બંધારણે તમને જળ, જંગલ અને જમીનનો અધિકાર આપ્યો છે. નરેન્દ્ર મોદી તેને દૂર કરવા માગે છે. તેમને સંપૂર્ણ સત્તા જોઈએ છે. તેમણે કહ્યું કે ભાજપના નેતાઓએ જાહેરાત કરી છે કે તેઓ ચૂંટણી જીતી જશે તો દેશનું બંધારણ બદલી નાખશે. તેથી તેમણે ૪૦૦ સીટનું સ્લોગન આપ્યું છે. પરંતુ ૪૦૦ તો ભૂલી જાવ તેમને ૧૫૦ સીટ પણ નહીં મળે. તેઓ રિઝર્વેશન દૂર કરવાની વાત કરે છે. હું આ મંચ પરથી તમને જણાવું છું કે અમે ૫૦ ટકાની લિમિટ કરતા પણ રિઝર્વેશન વધારીશું. અમે ગરીબો, પછાતવર્ગો, દલિતો અને આદિવાસીઓને જેટલી જરૂરી હોય તે મુજબ રિઝર્વેશન આપીશું. રાહુલ ગાંધીએ આ ટિપ્પણી એવા સમયે કરી છે જ્યારે લોકસભાની ચૂંટણી માટે NDA અને INDIA બ્લોક એક બીજા વિરુદ્ધ જોરદાર પ્રચાર કરી રહ્યા છે.

### શાળામાં એસીનો ચાર્જ વસૂલવા વિરુદ્ધ અરજી થઈ હતી

# હાઈકોર્ટના આદેશથી શાળાઓને રાહત અને વાલીઓને ઝટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીની મોટી મોટી શાળાઓમાં પોતાના વ્હાલાસોયા બાળકોનું એડમિશન કરાવવા ઈચ્છતા માતા પિતા હવે ક્લાસરૂમમાં જો એસીની સુવિધા ઈચ્છતા હોય તો તેનો ખર્ચો ભોગવવા માટે પણ તૈયાર રહે. દિલ્હી હાઈકોર્ટે શાળામાં એસીનો ચાર્જ વસૂલવા વિરુદ્ધ દાખલ કરાયેલી અરજી પર ટિપ્પણી કરતા કહ્યું કે એસી બાળકોની સુવિધા માટે લગાવવામાં આવે છે. આવામાં શાળા એકલી કેમ તેનો ખર્ચો ઉઠાવે? વાત જાણે એમ છે કે દિલ્હીની પબ્લિક સ્કૂલમાં નવમાં ધોરણના વિદ્યાર્થીના પિતાએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને શાળા તરફથી એસી ચાર્જ વસૂલવા મુદ્દે હાઈકોર્ટમાં પડકાર ફેંક્યો હતો. અરજીમાં કહેવાયું હતું કે શાળા એસીના નામ પર દર મહિને ૨૦૦૦ રૂપિયા વધારાની ફી વસૂલે છે. માતા પિતાનો એવો તર્ક હતો કે વિદ્યાર્થીઓને એસીની સુવિધા આપવાની જવાબદારી શાળા મેનેજમેન્ટની છે.

### સોનિયા ગાંધી, પ્રિયંકા, રાહુલ કોંગ્રેસને વોટ નહી આપી શકે

# દિલ્હીમાં ૨૫ મેના રોજ લોકસભા ચૂંટણી માટે મતદાન યોજાશે

**કોંગ્રેસે આ ચૂંટણી INDI ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લડવાનો નિર્ણય કર્યો હતો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીની તમામ ૭ લોકસભા સીટો માટે છઠ્ઠા તબક્કામાં ૨૪ મે ના દિવસે મતદાન થવાનું છે. જેનું પરિણામ ૪ જૂને આવશે. દિલ્હીમાં સતત ૧૦ વર્ષથી ઝીરો પર આઉટ રહેલી કોંગ્રેસે આ ચૂંટણી INDI ગઠબંધન હેઠળ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કરીને લડવાનો નિર્ણય કર્યો છે. જેથી આ વખતે દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડી રહ્યા છે. નવી દિલ્હી, દક્ષિણ દિલ્હી, પૂર્વ દિલ્હી અને પશ્ચિમ દિલ્હી એવી ૪ બેઠકો કુલ સાત બેઠકોમાંથી આપને મળી છે. જયારે કોંગ્રેસને ચાંદની ચોક, ઉત્તર પૂર્વ દિલ્હી અને ઉત્તર પશ્ચિમ દિલ્હી મળ્યા છે. આ ચૂંટણીમાં સૌથી મહત્વની વાત એ છે કે ગાંધી પરિવાર આ વખતે કોંગ્રેસને મત નહીં આપે. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાડ્રા આ વખતે સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસને મત નહીં આપે. આ તમામ નેતાઓ નવી દિલ્હી લોકસભા મતવિસ્તારના મતદારો છે. આપ અને કોંગ્રેસ વચ્ચે થયેલી સમજૂતી મુજબ આ સીટ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની પાર્ટીને ગઈ છે. અહીંથી પાર્ટીએ સોમનાથ ભારતીને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. એક સમયે કોંગ્રેસનો ગઢ હતો નવી દિલ્હી વર્ષ ૧૯૫૧માં નવી દિલ્હી લોકસભા મતવિસ્તારની રચના કરવામાં આવી હતી. ૧૯૫૨ થી ૨૦૦૯ સુધી કોંગ્રેસે અહીં દરેક ચૂંટણી લડી છે અને અત્યાર સુધી કોંગ્રેસ અહીં સાત વખત ચૂંટણી જીતી ચુકી છે. કોંગ્રેસ નેતા અજય માકન ૨૦૦૪ અને ૨૦૦૯માં અહીંથી ચૂંટાયા હતા.

### ચૂંટણી વચ્ચે EDના દરોડામાં ૩૦ કરોડની રોકડ મળી આવવાનો અંદાજ છે

# ઝારખંડમાં મંત્રીના પીએસના નોકરના ઘરેથી ચલણી નોટોનો ઢગલો મળ્યો

**વીરેન્દ્ર રામ કેસમાં ઝારખંડના ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના પીએસ સંજીવ લાલના ઘરેલુ નોકર પાસેથી મોટી રકમની રોકડ મળી આવી છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે રાંચી, ઝારખંડમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે અને મોટી રકમની રોકડ જપ્ત કરી છે. ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના નોકરના ઘરેથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ જંગી રોકડ જપ્ત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં ૩૦ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરવામાં આવી હોવાનો અંદાજ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ ફેબ્રુઆરી ૨૦૨૩ માં ઝારખંડ ગ્રામીણ વિકાસ વિભાગના ચીફ એન્જિનિયર વીરેન્દ્ર કે, કેટલીક યોજનાઓના અમલીકરણમાં કથિત અનિયમિતતાઓને લગતા મની લોન્ડરિંગ કેસમાં કેસ કર્યો હતો. રામની ધરપકડ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું માનવું છે કે આ



કાળા નાણાંનો એક ભાગ છે. થોડા દિવસ પહેલા જ જ્યારે પીએમ મોદી ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા ત્યારે તેમણે ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આ કાર્યવાહી તેમની રેલીના થોડા દિવસો બાદ થઈ છે જેમાં મોટી રકમની રોકડ મળી આવી છે.આલમગીર આલમ પાકુર વિધાનસભાથી ચાર વખત કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે અને હાલમાં રાજ્ય સરકારમાં સંસદીય બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રી છે.

### ઝુંઝુનુ જિલ્લામાં એક મોટો રોડ અકસ્માત સામે આવ્યો

# બેકાબુ સ્કોર્પિયોએ બાઈકને ટક્કર મારી, બસ સાથે અથડાતા અકસ્માત સર્જાયો

**આ અકસ્માત એટલો દર્દનાક હતો કે સ્કોર્પિયોમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોના ઘટનામાં મોત થયા હતા બસ ડ્રાઇવર અને બાઇક સવારનું પણ મોત થયું**

। (એજન્સી) રાજસ્થાન, તા.૬ ।

રાજસ્થાનના ઝુંઝુનુ જિલ્લામાં એક મોટો રોડ અકસ્માત સામે આવ્યો છે. અહીંના સિંઘાણા વિસ્તારમાં એક સ્પીડમાં આવતી સ્કોર્પિયો કાર બેકાબૂ થઈને પહેલા બાઈકને ટક્કર મારી અને પછી તેજ ગતિએ બસ તરફ આગળ વધી. આ અકસ્માત એટલો દર્દનાક હતો કે સ્કોર્પિયોમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોના ઘટનામાં મોત થયા હતા. બસ ડ્રાઈવર અને બાઈક સવારનું પણ મોત થયું હતું. એટલું જ નહીં આ સમગ્ર અકસ્માતમાં ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે. પોલીસ અધિકારી કૈલાશે જણાવ્યું કે, સૌપ્રથમ સ્કોર્પિયોએ બાઈકને ટક્કર મારી અને ત્યારપછી તે કાબૂ બહાર નીકળી અને સામેથી આવતી બસ તરફ ફંટાઈ ગઈ. આવી સ્થિતિમાં સ્કોર્પિયોમાં બેઠેલા કરણવીર, રિંકુ અને રાહુલનું મોત થયું હતું. આ પછી, બાઈક સવાર સુરેશને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, તેનું પણ રસ્તામાં જ મોત નીપજ્યું અને બસ ચાલક હનુમાનનું પણ ઘટનાસ્થળે જ મોત થયું. એક જ બસમાં બેઠેલા ૨૦ મુસાફરો ઘાયલ થયા હતા. પોલીસની અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે ઘટનામાં સવાર કરણવીર સેનામાં સૈનિક હતો. જેઓ રવિવારે જ રજા પર આવ્યા હતા. આસપાસના લોકોનું કહેવું છે કે આ અકસ્માત એટલો દર્દનાક હતો કે તેઓ લાંબા સમય સુધી લોકોની ચીસો સાંભળી શક્યા. આ ઘટનામાં પાંચ લોકોના મોત થયા હતા, પરંતુ જે લોકો ઘાયલ થયા હતા તેઓ પણ ખરાબ રીતે ઘાયલ થયા હતા.

## ન્યુઝ બોક્ષ

### નડિયાદ કલેક્ટર કચેરીમાં મોડી રાત્રે વિકરાળ આગ

। (એજન્સી) ખેડા, તા.૬ ।

ખેડા જિલ્લાના નડિયાદ કલેક્ટર કચેરીમાં મોડી રાતે ભીષણ આગ ફાટી નીકળી હતી. કચેરીના બીજા માળે અચાનક આગ લાગતાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આગની જાણ થતાં નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત ઘટના સ્થળે પહોંચી હોતી અને પાણીનો મારો ચલાવી આગ બુઝાવવા કાર્યવાહી હાથ ધરી હતી. કલાકોની ભારે જહેમત બાદ ફાયર ટીમે આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. પરંતુ, કચેરીમાં રાખેલ જરૂરી દસ્તાવેજો સહિત અન્ય માલસામાન બળીને ખાખ થયો હતો. જ્યાં ફાયરની બે ગાડીઓ ઘટના સ્થળે પહોંચી હતી અને ફાયરે કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ખેડા જિલ્લાની નડિયાદ કલેક્ટર કચેરીના બીજા માળે ગત મોડી રાતે વિકરાળ આગ લાગવાની ઘટના બની હતી. નડિયાદ પ્રાંત અધિકારીની ઓફિસના બાજુમાં આવેલ રૂમમાં આ આગ લાગી હતી.

### સુરત પોલીસે ખુંખાર શિવા મહાલિંગમ અને તેના સાગરીતોને ઝડપી પાડ્યા

। (એજન્સી) સુરત, તા.૬ ।

લોકસભાની ચૂંટણીને લઈને સુરત શહેર પોલીસ દ્વારા સતત ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ગુનાખોરી અટકાવવા માટે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, માન દરવાજાથી શાસ્ત્રીનગર તરફ જતા રોડ પર નેશનલ ગેરેજની સામે એક શખ્સ પાસે પિસ્તોલ છે. આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે શાહરૂખ નામના ઈસમને ઝડપી પાડ્યો હતો. જણાવી દઈએ કે, પોલીસે તેની તપાસ કરતાં શાહરુખ પાસેથી બે પિસ્તોલ અને ૧૦ કાર્ટેજ મળી આવ્યા હતા. શાહરૂખની જ્યારે પૂછપરછ કરવામાં આવી ત્યારે પોલીસના ધ્યાને આવ્યું હતું કે, આ હથિયાર શિવા મહાલિંગમ અને ફિરોજ ઉર્ફે લંગડાને આપવાનો હતો. ત્યારે બાતમીના આધારે પોલીસ દ્વારા શિવા મહાલિંગમ અને ફિરોજ ઉર્ફે લંગડાને પણ ઝડપી પાડ્યો છે.

બેટ પર રહેતા ૨૫૪ મતદારો માટે અલાયદી વ્યવસ્થા

## નર્મદા નદીના ટાપુ પર બનશે સૌથી અલાયદું મતદાન મથક

। (એજન્સી) ભરૂચ, તા.૬ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં ભરૂચ જિલ્લાનું આલીયાબેટ સ્થિત પોલિંગ બૂથ આખા દેશના તમામ મતદાન મથકથી અલગ પડે છે. આલીયાબેટ નર્મદા નદી અને ખંભાતના અખાત વચ્ચે આવેલો વિશાલ બેટ છે જ્યાં પીવાનું પાણી, રસ્તા, વીજળી અને એકપણ પાકું મકાન નથી. બેટ પર રહેતા ૨૫૪ મતદારો માટે ચૂંટણી પંચે અલાયદી વ્યવસ્થા ઉભી કરી છે. બેટ પર કન્ટેનર મુકવામાં આવ્યું છે જેમાં મતદાન થશે. આ અગાઉ અહીંના મતદાન મતદાન કરવા ૮૨ કિલોમીટરનું અંતર કાપીને મતાધિકારનો ઉપયોગ કરવા મતદાન મથક પહોંચતા હતા.ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાની મહેસુલી હદમાં આવેલા અને અંતરિયાળ તેમજ ચોતરફ પાણીથી ઘેરાયેલા આલિયા બેટના ૧૩૬ પુરૂષ અને ૧૧૮ સ્ત્રી મતદારો મળી કુલ ૨૫૪ મતદારો માટે ચૂંટણી વિભાગ દ્વારા શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરાયું છે. ખભાતના અખાત અને નર્મદા મૈયાના સંગમ સ્થાને આવેલા આલિયા બેટના મતદારો માટે આ વિશેષ વ્યવસ્થા ઉભી કરાઈ છે. દેશમાં વર્ષ ૧૯૫૧-૫૨માં દેશભરમાં યોજાયેલી પ્રથમ ચૂંટણી અને ત્યાર બાદ વર્ષ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી સુધી ૭૦ વર્ષ એટલેકે ૭ દાયકા સુધી યોજાયેલી સ્થાનિક સ્વરાજ્ય, લોકસભા-વિધાનસભા ચૂંટણીઓમાં અહીંના મતદારો નાવડીમાં સવાર થઈને જળમાર્ગે ૧૫ કિમી અથવા આલિયાબેટથી જમીન માર્ગે ૮૨ કિલોમીટર દૂર આવેલા કલાદરા ગામમાં મતદાન કરવા જતાં હતાં.

સગીર તેના મિત્રો સાથે ચા પીતો હતો ત્યારે તકરાર થઈ હતી

## ખોખરામાં બીડી પીવા ન આપતા યુવકે સગીરને ચપ્પાના ઘા મારી દીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ખોખરામાં રહેતો સગીર તેના મિત્રો સાથે રાત્રે ચા પીવા માટે ગયો ત્યારે રાહુલ નામના યુવકે આવીને સગીર પાસે બીડી પીવા માગી હતી. સગીરે બીડી ન હોવાનું કહેતા યુવકે સગીર સાથે તકરાર કરી હતી.

આ દરમિયાન સગીરના મિત્રો વચ્ચે પડતા યુવકે તેની પાસે રહેલું ચપ્પુ કાઢીને સગીરને ગળા અને માથાના ભાગે મારી દીધુ હતું. ઘાયલ સગીરે બૂમાબૂમ કરતા લોકો ભેગા થઈ ગયા હતા. તકનો લાભ લઈને હુમલાખોર નાસી ગયો હતો.

ઘાયલ સગીરને મિત્રો સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાં સગીરે રાહુલ નામના યુવક વિરુદ્ધ ખોખરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ખોખરાના ભાઈપુરા વિસ્તારમાં રહેતો ૧૭ વર્ષીય સગીર બુધવારે રાત્રે તેના મિત્રો સાથે ચાની કીટલીએ ચા પીવા ગયો હતો. ત્યારે રાહુલ નામનો યુવક સગીર પાસે આવ્યો હતા અને પીવા માટે બીડી માગી હતી. જોકે, સગીરે તેની પાસે બીડી ન હોવાનું કહેતા યુવક ઝઘડો કરવા લાગ્યો અને ગાળો બોલીને સગીર અને તેની સાથે આવેલા તેના મિત્રોને મારવા લાગ્યો હતો. આ દરમિયાનમાં બીડી માગી રહેલા રાહુલે પેન્ટના ખિસ્સામાંથી ચપ્પુ કાઢીને સગીરને મારી દીધું હતું. બૂમાબૂમ થતા ટોળું ભેગું થઈ જતા હુમલાખોર યુવક નાસી ગયો હતો. ઘાયલ સગીરને મિત્રો એલ.જી. હોસ્પિટલમાં લઈ ગયા હતા. ખોખરા પોલીસે રાહુલ સામે ગુનો નોંધ્યો હતો.

## ગુજરાતની આ બેઠકો જ્યાં ભાજપને મળશે જબરદસ્ત ટક્કર

। અમદાવાદ, તા.૬ ।

**ભરૂચ બેઠક**

ભરૂચ બેઠક પર આમ આદમી પાર્ટીના ચૈતર વસાવા અને ભાજપના મનસુખ વસાવાની વચ્ચે થવાની છે ટક્કર

લોકસભાની ચુંટણીમાં એવી બેઠકો છે જેના પર ભાજપને પણ જબરની ટક્કર મેળવાની છે જેમાં ભરૂચ બેઠક મોખરે છે કેમ કે આ બેઠક પર આમ આદમી પાર્ટીનાચૈતર વસાવા અને ભાજપના મનસુખ વસાવાની વચ્ચે થવાની ટક્કર છે.જો વાત કરીએ ભરૂચ બેઠકની તો ભરૂચમાં કુલ અદાજીત મતદારો ૧૭ લાખ ૧૮ હજાર ની આસપાસ છે. જેમાં સોથી વધુ સંખ્યા અદાજીત ૫ લાખ ૩૪ હજાર આદિવાસી મતદારીની છે, પરંતુ આ સીટ અનુસૂચિત જતી માટે અનંત નથી. આ સીટ પર બીજા ક્રમે મુસ્લિમ મતદારો છે લગભગ ૩ લાખ ૮૮ હજાર છે, જ્યારે પોણાત્રણ લાખ જેટલા ઓબીસી મતદારો પણ છે. લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ એ પહેલાંથી જ ભરૂચ લોકસભાની બેઠક સતત ચર્ચામાં રહી છે. આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની કથિતપણે વનવિભાગના કર્મચારીઓને ધમકાવવાના મામલામાં ધરપકડ થઈ હતી.ચૈતર વસાવા જે સમયે જેલમાં હતા ત્યારે જ અરવિંદ કેજરીવાલે ડેડિયાપાડા નજીક નેત્રંગમાં સભા સંબોધીને તેમને ભરૂચ લોકસભા બેઠકથી ઉમેદવાર જાહેર કરી દીધા હતા. ચૈતર વસાવા ૨૦૧૪થી ભારત ટ્રાઈબલ પાર્ટી (બીટીપી) ના સદસ્ય હતા. ૨૦૨૨ની ચૂંટણી પહેલાં તેઓ બીટીપી છોડીને આમ આદમી પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા. આમ આદમી પાર્ટીએ તેમની લોકપ્રિયતા જોઈને ડેડિયાપાડાથી ટિકિટ આપી હતી અને તેઓ ૫૬ ટકા મત મેળવીને ભારે સરસાઈથી જીત્યા હતા.તો બીજી તરફ ભાજપે આ બેઠક પરથી તેમના છ વારના સાંસદ મનસુખ વસાવાને ફરીવાર ટિકિટ આપી છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપના મનસુખ વસાવા અહીંથી ૩.૩૪ લાખ મતોથી વિજયી બન્યા હતા. ભરૂચ લોકસભા બેઠક પરથી કૉંગ્રેસના અહેમદ પટેલ ત્રણ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. પરંતુ ૧૯૮૪થી સતત આ બેઠક પર ભાજપનો કબજો રહ્યો છે. અહેમદ પટેલના પુત્ર અને પુત્રી બંને અહીંથી કૉંગ્રેસ તરફથી ચૂંટણી લડવા માંગતાં હતાં. તેમણે શરૂઆતમાં આ બેઠક આમ આદમી પાર્ટીને આપી દેવાનો વિરોધ કર્યો હતો.ભરૂચ બેઠક ગુજરાતની એક અનોખી બેઠક છે જેમાં આદિવાસી અને મુસ્લિમ મતદારો બહુમતીમાં છે.ભરૂચ લોકસભામાં સાત વિધાનસભા બેઠકો છે જેમાં ડેડિયાપાડા, જંબુસર, વાગરા, ઝઘડિયા, ભરૂચ, અંકલેશ્વર અને કરજણ વિધાનસભાઓ આવેલી છે. વિધાનસભા ચૂંટણીમાં ડેડિયાપાડા સિવાય તમામ બેઠકો ભાજપે જીતી હતી.રાજકીય વિશ્લેષક પ્રમાણે, "ભરૂચનો પૂર્વી ખૂણો આદિવાસી મતદારોથી, તો પશ્ચિમી ખૂણો મોલેસલાન ગરાસિયા સમુદાયોથી ભરેલો છે અને આ બન્ને મતદારો એક સમયે કૉંગ્રેસના મતદારો હતા. જે દિવસે ભાજપનો સારો પર્યાય મળે તે દિવસે આ બન્ને પ્રકારના મતદારો ફરી શકે તેવી શક્યતા છે."આમ આદમી પાર્ટીને આદિવાસી તથા મુસ્લિમ મતોના કૉમ્બિનેશનને કારણે આ બેઠક પર જીતની આશા છે. ૩૬ વર્ષીય ચૈતર વસાવા આદિવાસી સમાજમાં અતિશય લોકપ્રિય મનાય છે. જોકે, રાજકીય વિશ્લેષકોના મતે તેમની જીતનો આધાર મુસ્લિમ મતો અને કૉંગ્રેસના નેતાઓના સમર્થન પર રહેલો છે. ડેડિયાપાડા સિવાયની વિધાનસભાઓમાં તેમને કેટલું જનસમર્થન મળે છે તેના પર પણ તેમની જીત નક્કી થશે. કૉંગ્રેસના નારાજ નેતાઓને ચૈતર વસાવાએ મનાવી લીધા હોવાનો દાવો પણ આમ આદમી પાર્ટી કર્યો હતો.આમ આદમી પાર્ટીના નેતા સંજયસિંહ, સુનીતા કેજરીવાલ અને ભગવંત માન પણ તેમના માટે ચૂંટણીપ્રચાર કર્યો હતો. ભાજપના સાંસદ મનસુખ વસાવાની છબી પણ લડાયક રહી છે. તેઓ વારંવાર સરકારી અધિકારીઓને ધમકાવતાં જોવા મળે છે. મનસુખ વસાવાને આશા છે કે કેન્દ્ર સરકારની યોજનાઓનો ફાયદો પણ તેમને મળશે. રાજકીય વિશ્લેષકોના મતે ભરૂચ અને અંકલેશ્વરના શહેરી મતદારોમાં ભાજપનું હજુ પણ પ્રભુત્ત્વ છે. એ સિવાય આદિવાસી મતદારોને ચૈતર વસાવા તરફ જતાં મનસુખ વસાવા કેટલા પ્રમાણમાં રોકી શકે છે તેના પર ભાજપની જીતનો આધાર છે.

**બનાસકાંઠા :**

ગુજરાતમાં પ્રથમ વખત બનાસકાંઠા જિલ્લામાં લોકસભા ચૂંટણીમાં મહિલા સામે મહિલા ઉમેદવારની ટક્કર છે

ભારત પાકિસ્તાનની બોર્ડર અને રાજસ્થાનને અડીને આવેલો બનાસકાંઠા જિલ્લો ગુજરાત રાજ્યની ઉત્તર-પૂર્વે આવેલો છે. માઉન્ટ આબુ અને અરવલ્લીની ગિરિમાળાની ખીણોમાંથી પસાર થતી બનાસ નદીના નામ પરથી આ જિલ્લાનું નામ રાખવામાં આવેલું છે. આ જિલ્લાનો વિસ્તાર ૧૨૭૦૩ ચોરસ કિમી છે. તેની ભૌગોલિક પરિસ્થિતિ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે, જેમાં સરહદી વિસ્તાર, શહેરી વિસ્તાર અને આદિવાસી વિસ્તારનો સમાવેશ થાય છે.

બનાસકાંઠા લોકસભા મત વિસ્તારમાં કુલ મતદારોની સંખ્યા ૧૯,૫૩,૨૮૭ છે. જેમાં ૧૦,૧૦,૧૫૨ પુરુષ મતદાર, મહિલા મતદાર ૯,૪૩,૧૧૮ તથા ૧૭ અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદીમાં જ બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવારની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપે શિક્ષિત ઉમેદવાર તરીકે ડો. રેખાબેન ચૌધરીને મેદાને ઉતાર્યા છે. તેમણે **M.Sc., M.Phil., Ph.D. (Mathematics)** સુધીનો અભ્યાસ કર્યો છે તથા છેલ્લા ૨૦ વર્ષથી એન્જિનિયરિંગ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી રહ્યા છે. ડો. રેખાબેન બનાસડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ પટેલના પૌત્રી છે. ગલબાભાઈ પટેલનો બનાસકાંઠા જિલ્લામાં શ્વેત ક્રાંતિ લાવવામાં મહત્વનો ફાળો છે. ડો. રેખાબેનના પતિ હિતેશ ચૌધરી ભાજપ માં વિવિધ મહત્વના હોદ્દા પર જવાબદારી નિભાવી રહ્યા છે.

કોંગ્રેસ પક્ષે બનાસકાંઠા લોકસભા બેઠક માટે આ વખતે વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરને ટિકિટ આપી છે. ગેનીબેને ૪. છ. સુધીનો અભ્યાસ કર્યો છે. વાવમાં સતત બે ટર્મથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ રહેલા ગેનીબેને શંકર ચૌધરીને ૨૦૧૭ માં હરાવ્યા હતા. ગેનીબેન વાવ પંથક સહિત સરહદી વિસ્તારમાં પકડ ધરાવે છે. લોક પ્રશ્નોને ખુલીને વાચા આપતા ગેનીબેન ઠાકોર જમીનથી જોડાયેલા નેતા તરીકેની ઓળખ ધરાવે છે. બનાસકાંઠા લોકસભા બેઠક પર પ્રથમવાર મહિલા ઉમેદવારો ચૂંટણીના મેદાને ઉતર્યા છે. અહીં ચૌધરી અને ઠાકોર સમાજના પ્રભુત્વ સાથે અન્ય સમાજની નિર્ણાયક ભૂમિકા રહી છે. જેના કારણે આ બેઠક પર સતત સત્તા પરિવર્તન થયું છે. જોકે આ વખતે બંને સમાજના ઉમેદવાર આમને સામને છે. ત્યારે પોતાના સમાજના સમર્થન સાથે અન્ય સમાજને પણ કયો ઉમેદવાર સાધશે અને લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં બાજી મારશે તે જોવું રહ્યું.

**રાજકોટ :**

રૂપાલા અને ધાનાણીનો જંગ એટલે પણ રસપ્રદ બન્યો છે કે બંને નેતાઓ ભૂતકાળમાં ચૂંટણીમાં સામસામે લડી ચૂક્યા છે

ગુજરાતની રાજકોટ લોકસભા બેઠક અંગે આજથી ત્રણ મહિના અગાઉ કોઈ પૂછે કે પરિણામ શું હશે તો સૌ કોઈ એ વાત નિશ્ચિત માનતા હતા કે આ બેઠક પર ભાજપનો મોટો વિજય થશે.જોકે, કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાના એક નિવેદને માત્ર રાજકોટ જ નહીં પરંતુ ગુજરાતની છથી આઠ બેઠકોના ચૂંટણીજંગનું ચિત્ર બદલી નાખ્યું હોય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. રૂપાલાના એક નિવેદનને કારણે ગુજરાતનો ક્ષત્રિય-રાજપૂત સમાજ રોષે ભરાયો અને તેમણે પરશોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી કરી. ટિકિટ રદ ન થતાં ક્ષત્રિયોએ રાજકોટના રતનપરમાં મહાસંમેલન યોજીને ભાજપની વિરુદ્ધમાં મતદાન કરવાનું આહ્વાન કર્યું હતું. રાજકોટ સિવાય બારડોલી, આણંદ, જામનગર વગેરે જગ્યાએ હજારોની સંખ્યામાં ક્ષત્રિયોએ એકઠા થઈને ભાજપનો વિરોધ કર્યો છે. રૂપાલાના રાજકોટમાં થઈ રહેલા વિરોધને કારણે કૉંગ્રેસે આમાં તક જોઈ હતી. પહેલાં ચૂંટણી લડવાનો ઈનકાર કરી ચૂકેલા કૉંગ્રેસના મોટા નેતા પરેશ ધાનાણીએ રૂપાલા સામે ચૂંટણીજંગમાં ઝંપલાવ્યું છે.

રૂપાલા અને ધાનાણીનો જંગ એટલે પણ રસપ્રદ બન્યો છે કે બંને નેતાઓ ભૂતકાળમાં ચૂંટણીમાં સામસામે લડી ચૂક્યા છે. વર્ષ ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણીમાં ૨૬ વર્ષીય પરેશ ધાનાણીએ પરશોત્તમ રૂપાલાને પોતાની પહેલી ચૂંટણીમાં જ હરાવીને ઈતિહાસ રચ્યો હતો. રૂપાલા વર્ષ ૨૦૧૬થી કેન્દ્રીય મંત્રીમંડળમાં છે અને અત્યાર સુધી તેઓ રાજ્યસભાના સાંસદ રહ્યા છે. કાઠિયાવાડી લહેકામાં તેમનાં ભાષણોને કારણે તેઓ જાણીતા છે. તેઓ ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખથી લઈને ભાજપના રાષ્ટ્રીય ઉપપ્રમુખ પણ રહી ચૂક્યા છે.જ્યારે પરેશ ધાનાણી ત્રણ વખત ચૂંટાયેલા ધારાસભ્ય છે. ગુજરાત વિધાનસભામાં તેઓ વિપક્ષના નેતા પણ રહી ચૂક્યા છે.

રાજકોટ લોકસભામાં ૧૯૮૯થી સતત ભાજપ જીતતો આવ્યો છે પરંતુ ૨૦૦૯માં કૉંગ્રેસ અહીં જીતી હતી. ૨૦૧૯માં પણ અહીંથી ભાજપનો ૩.૬૮ લાખ મતે વિજય થયો હતો.રાજકોટ બેઠક પર સૌથી વધારે પાટીદાર મતદારો છે અને ત્યારબાદ કોળી સમુદાયનું પ્રભુત્ત્વ પણ છે. આ ચૂંટણીજંગને રસપ્રદ બનાવનાર પાસું એ છે કે પાટીદારોના જ બે ફાંટા કડવા પાટીદાર અને લેઉવા પાટીદાર વચ્ચે અહીં જંગ છે. રૂપાલા કડવા પટેલ સમાજમાંથી આવે છે જ્યારે ધાનાણી લેઉવા પટેલ સમાજના છે. બંને ઉમેદવારો મૂળ અમરેલીના છે. આ બેઠક પર મતદારોનું ધ્રુવીકરણ થાય અને ક્ષત્રિય સમાજના મત એકજૂથ થઈને પરેશ ધાનાણીને મળે તો ભાજપ માટે રાજકોટ બેઠક ગુમાવવાનો વારો પણ આવી શકે છે. રાજકોટ બેઠક પર એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે અન્ય કોઈ પણ મુદ્દાઓ કરતાં ક્ષત્રિય આંદોલનનો મુદ્દો સૌથી મોટો થઈ ગયો છે.

**સુરેન્દ્રનગર :**

સુરેન્દ્રનગર લોકસભામાં આ વખતે કૉંગ્રેસ અને ભાજપ બંનેએ નવા ઉમેદવાર ઉતાર્યા

મોટા ભાગે ગ્રામીણ વિસ્તારો ધરાવતી સુરેન્દ્રનગર લોકસભામાં આ વખતે કૉંગ્રેસ અને ભાજપ બંનેએ નવા ઉમેદવાર ઉતાર્યા છે. આ બેઠક પર પણ જાતીય સમીકરણો અતિશય પ્રભાવી મનાય છે.

ભાજપે અહીંથી ચંદુભાઈ શિહોરાને ઉમેદવાર બનાવ્યા છે જેઓ ચુંવાળિયા કોળી સમુદાયના છે. જ્યારે કૉંગ્રેસે અહીં ઋત્વિક મકવાણાને ટિકિટ આપી છે જેઓ તળપદા કોળી સમુદાયના છે.

સુરેન્દ્રનગરમાં લગભગ ચાર લાખની આસપાસ તળપદા કોળી મતદાતાઓ છે. ચુંવાળિયા કોળીના મતોની સંખ્યા તેમના કરતાં અડધી મનાય છે. અહીં ક્ષત્રિય સમાજના મતદારોની સંખ્યા પણ બે લાખ કરતાં વધુ છે.સુરેન્દ્રનગર લોકસભામાં વારંવાર પક્ષપલટો કરનારા પૂર્વ સાંસદ સોમાભાઈ પટેલ પણ અગત્યનું ફેક્ટર મનાય છે. તેઓ હાલમાં જ ફરીથી ભાજપમાં સામેલ થયા છે.

તેઓ ચાર વખત સાંસદ અને ત્રણ વખત ધારાસભ્ય બન્યા. તેઓ ત્રણ વખત ભાજપની ટિકિટ પર ચૂંટાઈને સંસદમાં પહોંચ્યા અને એક વખત તેઓ કૉંગ્રેસની ટિકિટ પરથી લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.ભાજપે ચુંવાળિયા કોળી સમુદાયના ચંદુ શિહોરાને ટિકિટ આપતાં તળપદા કોળી સમાજના લોકોએ વિરોધ કર્યો હતો. તળપદા કોળી સમાજના અગ્રણી સોમાભાઈ પટેલે પણ કે ભાજપ પર તળપદા કોળીને અન્યાય કરવાનો આરોપ મૂક્યો હતો.

ભાજપના ઉમેદવારના વિરોધ બાદ કોળી સમાજના બંને ફાંટાઓના લોકો કઈ તરફ મતદાન કરશે તે સ્પષ્ટ નથી. એવામાં ક્ષત્રિય સમાજના મતો જો કૉંગ્રેસ તરફ એકજૂથ પડે તો આ બેઠક પર અપસેટ સર્જાવાની ભીતી છે.સુરેન્દ્રનગર લોકસભામાં ક્યારેક કૉંગ્રેસ તો ક્યારેક ભાજપનો વિજય થતો રહ્યો છે. ૨૦૧૪થી અહીં ભાજપ જીતતો આવ્યો છે. ૨૦૧૯માં અહીં ભાજપનો ૨.૭૭ લાખ મતે વિજય થયો હતો. વડા પ્રધાન મોદીએ તાજેતરમાં જ અહીં ચૂંટણીસભાને સંબોધિત કરી હતી.

## રાજ્યના ૨૫ હજારથી વધુ મતદાન મથકો ખાતેથી લાઈવ વેબકાસ્ટિંગ કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટાચૂંટણી દરમિયાન મતદાન પ્રક્રિયા પર ચાંપતી નજર રાખવા રાજ્યના ૫૦% થી વધુ મતદાન મથકો ખાતેથી લાઈવ વેબકાસ્ટિંગ કરાશે. રાજ્યના કુલ ૫૦,૭૮૮ મતદાન મથકો પૈકી ૨૫ હજારથી વધુ મતદાન મથકોની કામગીરીનું લાઈવ વેબકાસ્ટિંગ કરાશે. મતદાન પ્રક્રિયા ન્યાયી અને નિષ્પક્ષ રીતે થાય તે માટે ગુજરાતનું ચૂંટણીતંત્ર સંપૂર્ણ સુસજ્જ છે. ભારતના ચૂંટણી પંચની સૂચના પ્રમાણે સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યકક્ષાએ મોનિટરીંગ રૂમ ઉપરાંત તમામ જિલ્લાઓમાં પણ જિલ્લા કક્ષાનો એક મોનિટરિંગ રૂમ કાર્યરત કરાશે. જે તે જિલ્લાના મતદાન મથકોના લાઈવ વેબકાસ્ટિંગનું આ જિલ્લા કક્ષાના મોનિટરીંગ રૂમમાં નિરીક્ષણ થતું રહેશે. જિલ્લા અને રાજ્યકક્ષા ઉપરાંત ભારતના ચૂંટણી પંચ દ્વારા પણ વેબ કાસ્ટિંગનું મોનિટરીંગ કરવામાં આવશે. મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો મોનિટરિંગ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. જ્યાંથી તમામ ૨૫ હજારથી વધુ મતદાન મથકો પર ચાંપતી નજર રાખવામાં આવશે. આ મોનિટરિંગ રૂમમાં આશરે ૯૦ જેટલા કર્મચારીઓ/અધિકારીઓ તા. ૭ મે ના રોજ સવારે ૫.૩૦ વાગ્યાથી શરૂ કરી મતદાન પ્રક્રિયા સંપન્ન થાય ત્યાં સુધી મતદાન મથકોના વેબકાસ્ટિંગ પર સતત નજર રાખશે. સાત જેટલા ઉચ્ચ અધિકારીઓ રાજ્ય કક્ષાના આ મોનિટરિંગ રૂમમાંથી વેબકાસ્ટિંગ દ્વારા મતદાન પ્રક્રિયા પર દેખરેખ રાખશે.

**વિશેષ**

ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલા વ્યવસ્થાપન અને કામગીરીને વિદેશી અધિકારીઓએ બિરદાવી

## વિવિધ દેશોના ચૂંટણી અધિકારીઓએ અમદાવાદ જિલ્લાના વિવિધ ડિસ્પેચિંગ સેન્ટર ખાતે ચૂંટણી પ્રક્રિયા નિહાળી

**રશિયા, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, મડાગાસ્કર, ફિજી તથા કિર્ગિઝ રિપબ્લિક દેશોના ચૂંટણી સબંધિત અધિકારીઓએ અમદાવાદ જિલ્લામાં વિવિધ જગ્યાએ મતદાનની તૈયારીઓ અને પ્રક્રિયાઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી**







। (માહિતી) અમદાવાદ, તા.૬ ।

લોકસભા સામાન્ય ચૂંટણીને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ડિસ્પેચિંગ સેન્ટરથી ઈવીએમ સહિતની સામગ્રી લઈને ચૂંટણી કર્મીઓ પોતપોતાના બુથ પર પહોંચી ગયા છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા આપણા દેશની ચૂંટણી પ્રક્રિયા સમગ્ર વિશ્વમાં વખણાય છે. ભારતની ચૂંટણી પ્રક્રિયાને સમજવા અને નિહાળવા માટે છ જેટલા દેશોના ચૂંટણી અધિકારીઓ અમદાવાદ પધાર્યા છે. રશિયા, મડાગાસ્કર, ઓસ્ટ્રેલિયા, શ્રીલંકા, ફિજી તથા કિર્ગિઝ રિપબ્લિકના પ્રતિનિધિઓએ ચૂંટણીના આગલા દિવસે અમદાવાદ જિલ્લામાં ચાલી રહેલી ચૂંટણીની કામગીરીને જુદા જુદા ડિસ્પેચિંગ સેન્ટર પર જઈને નિહાળી હતી. ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલા વ્યવસ્થાપન અને કામગીરીને વિદેશી અધિકારીઓએ રસપૂર્વક નિહાળ્યા ઉપરાંત બિરદાવી પણ હતી. ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકાના ડેલિગેશને ઘાટલોડિયા મતવિસ્તારના ભાડજ વિસ્તારમાં આવેલ સાલ શૈક્ષણિક સંકુલ ખાતે તૈયાર કરેલ ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. જ્યારે ફિજીના ડેલિગેશને વેજલપુર મતવિસ્તારમાં આવેલ ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તૈયાર કરેલ ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત કિર્ગિઝ રિપબ્લિકના મહેમાનોએ એલિસબ્રીજ મતવિસ્તારમાં આવેલ શેઠ સી.એન. વિદ્યાલય ખાતેના ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. રશિયા તથા મડાગાસ્કરના મહેમાનોએ ધોળકા મતવિસ્તાર ખાતે આવેલ સી.વી. મિસ્ત્રી સ્કૂલના ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. ઓસ્ટ્રેલિયાના ચૂંટણી અધિકારી કેમરોન સ્ટોક્સ અને ન્યે કોફીઈ, ફિજીના ચૂંટણી અધિકારી બાર્બરા માલમાલી અને ડો. અતુ બૈન એમ્બર્સન, કિર્ગિઝ રિપબ્લિક દેશના ચૂંટણી તંત્રના નુર્લન કોઈચકીવ અને અબ્દીઝહાપર બેકમાતોવ, મડાગાસ્કરના ચૂંટણી અધિકારી રેન્દ્રીયાનારિવોનાન્ટોનીના અને લેમ્બો એન્દ્રેયિન્જકા લુડગર તથા રશિયાના ચૂંટણી અધિકારી એન્ટન ચિચિલીમોવ સહિતના અધિકારીઓએ અમદાવાદમાં ચાલી રહેલી ચૂંટણી કામગીરીનું રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. તમામ વિદેશી ડેલિગેટ્સે વિવિધ ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લઈ મતદાન મથક પર સ્ટાફની કામગીરી અને મતદાન પ્રક્રિયા વિશે બારીકાઈથી જાણ્યું હતું. આ ઉપરાંત ઈફસ વિશે પણ વિગતવાર માહિતી મેળવી હતી તથા મતદાનથી લઈને મતગણતરી સુધીની તમામ પ્રક્રિયાથી વાકેફ થયા હતા. વધુમાં, વિદેશી ડેલિગેટ્સે ડિસ્પેચિંગ સેન્ટરના વ્યવસ્થાપન અને કામગીરી વિશે પણ જાણકારી મેળવી હતી. આ ઉપરાંત ચૂંટણી પ્રક્રિયાની ફરજમાં રોકાયેલ કર્મીઓ દ્વારા કરવામાં આવતી કામગીરી વિશે પણ જાણ્યું હતું. વિદેશી ડેલિગેટ્સે આ તમામ પ્રક્રિયા બાબતે ઉપસ્થિત જે-તે લાયઝન અધિકારીઓ સાથે સંવાદ પણ સાધ્યો હતો.

### દિલ્હી પોલીસની ક્રાઇમ બ્રાંચે કાર્યવાહી કરી

# કરાવલ નગરથી ૧૫ ટન મિલાવટી મસાલા અને કાચો માલ જપ્ત કરાયો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચે કરાવલ નગરમાં બે એવી ફેક્ટરીઓનો ભાંડાફોડ કર્યો છે, જ્યાં સડેલા ચોખા, લાકડાનું ભુસૂં અને કેમિકલ વડે ડુપ્લિકેટ મસાલા તૈયાર કરવામાં આવતા હતા. આ બંને ફેક્ટરીઓ દિલ્હીના કરાવલ નગરમાં છે. આ ઘટનામાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે કરાવલ નગરથી ૧૫ ટન ડુપ્લિકેટ મસાલા અને કાચો માલ જપ્ત કર્યો છે. આરોપી ખારી બાવલી, સદર બજાર, લોની ઉપરાંત સમગ્ર એનસીઆર અને અન્ય રાજ્યોમાં ડુપ્લીકેટ મસાલાની સપ્લાય કરતા હતા. પોલીસની સૂચના પર ફૂડ સેફ્ટી વિભાગે મસાલાના સેમ્પલ લીધા છે. આરોપીઓની ઓળખ કરાવલ નગરના જ દિલીપ સિંહ ઉર્ફે બંટી (૪૬), મુસ્તફાબાદના સરફરાજ (૩૨) અને લોનીના ખુરશીદ મલિક (૨૪) તરીકે કરવામાં આવી છે. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચને સમાચાર મળ્યા હતા કે નોર્થ ઈસ્ટ દિલ્હીમાં ઘણા મેન્યુફેક્ચરર અને દુકાનદારો અલગ-અલગ બ્રાંડના નામે ડુપ્લિકેટ મસાલા તૈયાર કરી તેને દિલ્હી-એનસીઆરમાં વેચી રહ્યા છે. ત્યારબાદ ક્રાઈમ બ્રાંચના નેતૃત્વમાં એક ટીમને આ રેકેટનો પર્દાફાશ કરવા માટે તૈયાર કરવામાં આવી. આ દરમિયાન કરાવલ નગરમાં ડુપ્લિકેટ મસાલા તૈયાર કરનાર બે ફેક્ટરીઓ પર રેડ પાડવામાં આવી. દરોડા દરમિયાન એક ફેક્ટરીમાંથી દિલીપ સિંહ અને ખુર્શીદ મલિક નામના બે લોકો મળી આવ્યા હતા.

### રાજ્યમાં ૭ મેથી વરસાદની અપેક્ષા

# ઉત્તરાખંડના ધગધગતા જંગલોને હવે ઈન્દ્રદેવ પાસેથી આશા

**ગયા વર્ષે ૧ નવેમ્બરથી અત્યાર સુધીમાં રાજ્યમાં જંગલમાં આગ લાગવાની ૯૧૦ ઘટનાઓ બની છે, જેના કારણે લગભગ ૧૧૪૫ હેક્ટર જંગલને અસર થઈ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

ઉત્તરાખંડના દેહરાદૂનમાં જંગલમાં આગ હજુ પણ પ્રસરી રહી છે. હવે રાજ્યને ઈન્દ્રદેવથી થોડી રાહત મળવાની આશા છે. દેહરાદૂનમાં હવામાન કેન્દ્રના નિર્દેશક બિક્રમ સિંહે કહ્યું કે રાજ્યમાં ૭-૮ મે સુધી વરસાદની સંભાવના છે, જે ૧૧ મેથી વધશે.

આનાથી જંગલની આગ ઓલવવામાં મદદ મળી શકે છે. બિક્રમ સિંહે કહ્યું કે કુમાઉ ક્ષેત્રમાં ૭ મેથી અને ગઢવાલ ક્ષેત્રમાં ૮ મેથી વરસાદ શરૂ થશે.મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ મુખ્ય સચિવ રાધા રાતુરીને તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને એક સપ્તાહની નોટિસ આપવા અને જંગલમાં લાગેલી આગ પર નિયમિત દેખરેખ રાખવા માટે સૂચનાઓ આપવા જણાવ્યું હતું. પૌરી તહસીલના થાપલી ગામની રહેવાસી ૬૫ વર્ષીય સાવિત્રી દેવીએ શનિવારે જોયું કે જંગલની આગ તેના ખેતર સુધી પહોંચી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે તે ખેતરમાં રાખેલા ઘાસના બંડલ લેવા ગઈ હતી, પરંતુ આગમાં ફસાઈ ગઈ અને બળી ગઈ.તેમને એઈમ્સ ઋષિકેશમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં રવિવારે વહેલી સવારે



સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, પિથોરાગઢ જિલ્લાના ગંગોલીહાટ ફોરેસ્ટ રેન્જમાં આગ લગાડવા બદલ પીયૂષ સિંહ, આયુષ સિંહ, રાહુલ સિંહ અને અંકિત નામના ચાર લોકો વિરુદ્ધ ભારતીય વન અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

વન વિભાગ દ્વારા જારી કરાયેલા દૈનિક બુલેટિનમાં જણાવાયું છે કે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના જંગલોમાં આગ લાગવાની ૨૪ ઘટનાઓ નોંધાઈ છે, જેના કારણે ૨૩.૭૫ હેક્ટર જંગલને અસર થઈ છે. આ દરમિયાન સીએમ ધામીએ તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને તાત્કાલિક અસરથી એક સપ્તાહ માટે તમામ પ્રકારના ઘાસચારાને બાળવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવા જણાવ્યું હતું. આ ઉપ રાંત શહેરી સંસ્થાઓને પણ જંગલોમાં અથવા તેની આસપ ાસનો ઘન કચરો બાળવા પર પ્રતિબંધ મૂકવા માટે કહેવામાં આવ્યું છે. ધામીએ શનિવારે રાજ્યમાં જંગલમાં આગ લાગવાની ઘટનાઓ અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.તેમણે અધિકારીઓને પોતાની વચ્ચે સંકલન સાધવા અને એવી વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યું કે જેથી જંગલની આગને વહેલી તકે કાબૂમાં લઈ શકાય. ઉત્તરાખંડના લોકોને સહકારની અપીલ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, 'વન સંપત્તિ આપણો વારસો છે.

જેનું આપણે દરેક કિંમતે રક્ષણ કરવું પડશે.' ગયા વર્ષે ૧ નવેમ્બરથી અત્યાર સુધીમાં ઉત્તરાખંડના જંગલોમાં આગ લાગવાની ૯૧૦ ઘટનાઓ બની છે અને લગભગ ૧૧૪૫ હેક્ટર જંગલને અસર થઈ છે.

### ૪ આતંકવાદીઓ માર્યા ગયા

# પાકિસ્તાનના બલોચમાં CTD ટીમ સાથે આતંકવાદીઓની અથડામણ

**બલૂચિસ્તાન પ્રાંતની રાજધાની ક્વેટામાં ક્વેટા-સિબી રોડ પર પોલીસ વાહન પર ગોળીબાર કર્યા બાદ સુરક્ષા દળોએ ચાર શંકાસ્પદ આતંકવાદીઓને ઠાર કર્યા છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

પાકિસ્તાનના અશાંત બલૂચિસ્તાન પ્રાંતની રાજધાની ક્વેટામાં ક્વેટા-સિબી રોડ પર પોલીસ વાહન પર ગોળીબાર કર્યા બાદ સુરક્ષા દળોએ ચાર શંકાસ્પદ આતંકવાદીઓને ઠાર કર્યા છે.બલૂચિસ્તાનના કાઉન્ટર-ટેરરિઝમ ડિપાર્ટમેન્ટ (સીટીડી) એ જણાવ્યું હતું કે પોલીસ વાહન પર ગોળીબાર કર્યા પછી, તેઓએ ચાર આતંકવાદીઓને શોધી કાઢ્યા અને બાદમાં ચારેયને એન્કાઉન્ટરમાં માર્યા ગયા.સીટીડીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે શનિવારે મોડી રાત્રે બે મોટરસાઈકલ પર સવાર ચાર આતંકવાદીઓએ ક્વેટા-સિબી રોડ પર શાલ કોટ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા પોલીસ વાહન પર હુમલો કર્યો હતો, પરંતુ સૈનિકો



અર્ધ-બખ્તરધારી હોવાથી પોલીસકમીઓ તેને ચૂકી ગયા હતા વાળ સાચવવામાં આવ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે આતંકવાદીઓના હુમલા બાદ પોલીસે જવાબી કાર્યવાહી શરૂ કરી હતી, જેમાં એક આતંકી ઘટનાસ્થળે જ માર્યો ગયો હતો. જ્યારે અન્ય આતંકવાદીઓ નજીકની બિલ્ડિંગમાં ભાગી ગયા હતા.

# દિલ્હીમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે દિલ્હી યુનિવર્સિટીમાં શહીદ ભગતસિંહને શ્રદ્ધાંજલિ આપી



**દિલ્હીમાં દિલ્હી યુનિવર્સિટીની સ્કૂલ ઓફ ઓપન લર્નિંગ (SOL)ના ૬૨મા સ્થાપના દિવસ સમારોહ દરમિયાન વાઇસ પ્રેસિડેન્ટ શ્રી જગદીપ ધનખરે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધિત કરીને દીપ પ્રગટાવ્યો.**

### અરવિંદ કેજરીવાલની મુશ્કેલીમાં થશે વધારો

# દિલ્હીના LGએ કેજરીવાલ વિરુદ્ધ NIA તપાસની ભલામણ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

હવે NIA દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર પણ તેની પકડ વધુ કડક કરવા જઈ રહી છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ NIA તપાસની ભલામણ કરી છે. દિલ્હીના એલજીએ ખાલિસ્તાન તરફી સંગઠન શીખ ફોર જસ્ટિસ પાસેથી ફંડ લેવાના મામલામાં સીએમ કેજરીવાલ વિરુદ્ધ NIA તપાસની ભલામણ કરી છે. તેમણે ગૃહ મંત્રાલયને પત્ર લખીને આ માંગણી કરી છે. ગૃહ મંત્રાલયને લખેલા પત્રમાં, તેમણે જણાવ્યું હતું કે આરોપો સીએમ વિરુદ્ધ છે અને ભારતમાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન તરફથી રાજકીય પક્ષને લાખો ડોલરના કથિત ભંડોળ સાથે સંબંધિત છે, ઈલેક્ટ્રોનિક ઉપકરણ ફરિયાદાની દ્વારા રજુ કરવામાં આવેલ ફોરેન્સિક તપાસ સહિત અન્ય તપાસની પણ જરુર છે. એલજીને દેવેન્દ્ર પાલ ભુલ્લરની મુક્તિ અને ખાલિસ્તાની તરફી ભાવનાઓને પ્રોત્સાહન આપ વા માટે ખાલિસ્તાની જૂથ શીખ્સ ફોર જસ્ટિસ પાસેથી યુએસ ૧૬ મિલિયન ડોલર મેળવવા બદલ AAP વિરુદ્ધ ફરિયાદ મળી હતી. વીકે સક્સેનાએ



જાન્યુઆરી ૨૦૧૪માં ગૃહ મંત્રાલયમાં કેજરીવાલ દ્વારા ઈકબાલ સિંહને લખેલા એક પત્રનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે "આપ સરકારે પહેલાથી જ રાષ્ટ્રપતિને પ્રોફેસર ભુલ્લરને મુક્ત કરવાની ભલામણ કરી છે અને એસઆઈટીની રચના સહિત અન્ય મુદ્દાઓ પર સહાનુભુતી પુર્વક અને સમયબદ્ધ રીતે. કામ કરશે. આ ફરિયાદ વર્લ્ડ હિન્દુ ફેડરેશન ઈન્ડિયાના રાષ્ટ્રીય મહાસચિવ આશુ મોંગિયા અને આમ આદમી પાર્ટીના પૂર્વ કાર્યકર મુનીશ કુમાર રાયજાદાએ કરી હતી. દેવિન્દર પાલ સિંહ ભુલ્લર ૧૯૯૩ના દિલ્હી બોમ્બ બ્લાસ્ટ કેસમાં દોષી છે. ભુલ્લરને દિલ્હીમાં યુથ કોંગ્રેસના મુખ્યાલયની બહાર થયેલા વિસ્ફોટમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો જેમાં નવ લોકો માર્યા ગયા હતા અને ૩૧ અન્ય ઘાયલ થયા હતા. જર્મનીથી દેશનિકાલ કર્યા બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી.

# કેશવપુરમમાં બે બાળકોના શંકાસ્પદ સંજોગોમાં મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હીના કેશવપુરમ વિસ્તારમાં એક પિતાએ પોતાના બંને બાળકોની હત્યા કરી નાખી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પિતાએ બાળકોને કાં તો ઝેર આપ્યું અથવા તેનું ગળું દબાવ્યું. બંને બાળકોના શરીર પર હળવા ઈજાના નિશાન પણ છે. પિતા પોતે બપોરે બંને બાળકોને શાળાએથી લઈ આવ્યા હતા. દિલ્હીના કેશવપુરમમાં શંકાસ્પદ સંજોગોમાં બે બાળકોના મોતથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. પિતાએ જ પોતાના બંને સંતાનોની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. હત્યા શા માટે અને કેવી રીતે થઈ તે હજુ સુધી બહાર આવ્યું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર ઝેર અને ગળું દબાવવા જેવી બાબતો પ્રકાશમાં આવી રહી છે. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટીમે કહ્યું કે પોસ્ટમોર્ટમ બાદ જ સ્પષ્ટ થશે કે આ બંનેની હત્યા કેવી રીતે કરવામાં આવી. કેસ નોંધવામાં આવ્યો છે.

### સવારે ઝાડીમાંથી લોહીથી લથપથ લાશ મળી

# લગ્નમાં ગયેલી ૮ વર્ષની બાળકી પર બળાત્કાર કરી હત્યા કરવામાં આવી

**ઘટના અંગે પરિવારજનોએ જણાવ્યું કે અમે લગ્ન સમારોહમાં હાજરી આપી અને ઘરે પરત ફરવાની તૈયારી કરી રહ્યા હતા**

। (એજન્સી) ઝારખંડ, તા.૬ ।

બોકારોમાં આઠ વર્ષની બાળકી પર બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી હતી. આ નિર્દયતા કોણે કરી છે તે આરોપી શોધી શક્યો નથી. યુવતી તેના પરિવાર સાથે લગ્ન પ્રસંગમાં ગઈ હતી. જ્યારે તેના માતા-પિતા ઘરે પરત ફર્યા ત્યારે બાળકી મળી ન હતી. આખી રાત શોધખોળ કરવા છતાં કંઈ મળ્યું ન હતું. સવારે બાળકીની લાશ ઘરથી થોડે દૂર ઝાડીઓમાં લોહીથી લથપથ મળી આવી હતી. ઘટના અંગે પરિવારજનોએ જણાવ્યું કે અમે લગ્ન સમારોહમાં હાજરી આપી ઘરે પરત ફરવાની તૈયારી કરી રહ્યા હતા. ત્યારબાદ અચાનક યુવતી ગાયબ થઈ ગઈ, ત્યારબાદ ઘણી શોધખોળ કરવામાં આવી, પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. સવારે બાળકીની લોહીથી લથપથ લાશ ઘરની નજીકની વેરાન ઝાડીઓમાંથી મળી આવી હતી. પરિવારજનોએ આશંકા વ્યક્ત કરી છે કે બાળકી પર બળાત્કાર કરી તેની હત્યા કરવામાં આવી શકે છે. ઘટનાની માહિતી મળતાં જ બરમોના એસડીપીઓ વિશિષ્ઠ નારાયણ સિંહ, પેટરવાર પોલીસ સ્ટેશનના પ્રભારી કૃષ્ણ કુમાર કુશવાહ સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી. અને ઘટનાની તપાસ શરૂ કરી. માસૂમની માતાએ જણાવ્યું કે અહીં એક દિવસ પહેલા લગ્ન હતા. લગ્નની સરઘસમાંથી પરત ફરતી વખતે બહુભાતનું આયોજન કરવામાં આવ્યું હતું. અમે બહુભાતમાં ભાગ લેવા અમારા ઘરે આવ્યા હતા. માતાએ જણાવ્યું કે કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ અમે ઘરે પરત ફરવાની તૈયારી કરી રહ્યા હતા.

# ૧૫ અને ૧૭ વર્ષના ૪ છોકરાઓએ છોકરી પર ગુજાર્યો બળાત્કાર

। (એજન્સી) રાંચી, તા.૬ ।

ઝારખંડના રામગઢ જિલ્લામાં ૧૯ વર્ષીય એક છોકરી સાથે દુષ્કર્મ આચરવા અને આ કૃત્યનો કથિત વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાના આરોપમાં ચાર કિશોરોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના એક અધિકારીએ આ જાણકારી આપી હતી. પોલીસ અધિકારીના અનુસાર આ ઘટના ૨૧ એપ્રિલના રોજ થઈ હતી, પરંતુ પીડિતાએ પોલીસમાં તેની ફરિયાદ નોંધાવી ન હતી, કારણ કે છોકરાઓએ ધમકી આપી હતી કે જો તેણે પોતાની આપવિતી કોઈને જણાવી તો તે દુષ્કર્મનો આપત્તિજનક વિડીયો સોશિયલ મીડિયા પર અપલોડ કરી દેશે. રામગઢના પોલીસ અધિક્ષક વિમલ કુમારે કહ્યું કે છોકરાઓએ કથિત રીતે આ વાંધાજનક વીડિયો ૩ મેના રોજ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. પોલીસ અધિકારીના અનુસાર આરોપી છોકરાની ઉંમર ૧૫ થી ૧૭ વર્ષની વચ્ચે બતાવવામાં આવી.

### આ પુલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો એક નાનો ભાગ છે

# અમેરિકામાં ૯ ટ્રિલિયન રૂપિયાના ખર્ચે બન્યો બ્રિજ

**અમેરિકાના કેલિફોર્નિયામાં ૧૧ અબજ ડોલરના ખર્ચે બનેલો પુલ લોકો માટે મજાકનો વિષય બન્યો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

અમેરિકાના કેલિફોર્નિયામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં સરકારે આવો પુલ બનાવ્યો છે. જેનો માર્ગ ક્યાંય દોરી જતો નથી. આ બ્રિજની કિંમત ૧૧ બિલિયન ડૉલર (લગભગ ૯ ટ્રિલિયન રૂપિયા) છે અને આ બ્રિજને બનાવવામાં ૯ વર્ષનો સમય લાગ્યો છે. હવે ઘણા લોકોએ આ બ્રિજને લઈને હાઈ સ્પીડ રેલ ઓથોરિટીની ટીકા કરી છે.સાન ફ્રાન્સિસ્કોથી લોસ એન્જલસને જોડવાના હેતુથી રાજ્યના લાંબા સમયથી ચાલતા બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો આ પુલ એક નાનો ભાગ છે. ગયા વર્ષે કન્સ્ટ્રક્શન કંપનીએ ફ્રેસ્નો નદી પર બનેલા આ પુલનું કામ પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. આ પછી, ટેસ્લાના સ્થાપક ઈલોન મસ્ક અને ડોગેકોઈનના સર્જક બિલી માર્કસ સહિત ઘણા લોકોએ કેલિફોર્નિયા



હાઈ-સ્પીડ રેલ ઓથોરિટીની મજાક ઉડાવી છે.એલોન મસ્ક અને બિલી માર્કસે વ્યંગ કર્યોએલોન મસ્કએ પુલના નિર્માણની જાહેરાત પછી તેના ભૂતપૂર્વ પર પ્રતિક્રિયા આપતા નિરાશા વ્યક્ત કરી હતી. તેણે રડતું ઈમોજી શેર કર્યુ હતું. તે જ સમયે, બિલી માર્કસે તેની X પોસ્ટમાં કહ્યું, આ અત્યાર સુધીની સૌથી નોંધપાત્ર માનવ સિદ્ધિ છે. તેમણે કહ્યું કે ૯ વર્ષ અને ૧૧ બિલિયન ડોલર પછી ૧૬૦૦ ફૂટની હાઈ-સ્પીડ રેલને ૧૬૦૦ ફૂટ ચાલવામાં લગભગ ૫ મિનિટ લાગે છે. હાઈ-સ્પીડ રેલ તેના માટે ખરેખર મોટી વાત છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પુલને પૂર્ણ કરવા માટે ૧૦૦ બિલિયન યુએસ ડોલરનો ખર્ચ થઈ શકે છે. માર્ક્સે કટાક્ષમાં જવાબ આપ્યો અને કહ્યું, વાહ, ખૂબ જ સાચું. આ પુલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનો એક ભાગ છેતમને જણાવી દઈએ કે આ પ્રોજેક્ટ પર ખર્ચવામાં આવેલા નાણાંમાં હાઈ-સ્પીડ રોડના પ્રથમ તબક્કા માટે પુલ અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. જે લોસ એન્જલસની દક્ષિણે આવેલા બેકર્સફીલ્ડથી બે એરિયાથી લગભગ ૮૦ માઈલ દૂર મર્સિડ સુધી વિસ્તરે છે. વિવેચકોએ માડેરામાં ફ્રેસ્નો રિવર વાયડક્ટની પૂર્ણતાની પ્રશંસા કરતી રેલ ઓથોરિટી દ્વારા અગાઉની પોસ્ટનો પ્રતિભાવ આપ્યો હતો, અને તેને પ્રથમ પૂર્ણ થયેલ હાઈ-સ્પીડ રેલ સ્ટ્રક્ચર્સમાંના એક તરીકે વર્ણવ્યું હતું. હાઈસ્પીડ ટ્રેન BNSF રેલ રૂટની સમાંતર દોડશે હાઈ-સ્પીડ રેલ ઓથોરિટીએ જણાવ્યું હતું કે અંદાજે ૧,૬૦૦ ફૂટ લાંબી હાઈ-સ્પીડ ટ્રેનો નદી પરથી પસાર થશે અને BNSF રેલરોડની સમાંતર ચાલશે.

ઓથોરિટીએ બ્રિજની તસવીરો પણ શેર કરી હતી, જે દર્શાવે છે કે આ બ્રિજ કોઈ છેડેથી જોડાયેલ નથી. ન્યૂ યોર્ક પોસ્ટ અનુસાર, વેન્ચર કેપિટલિસ્ટ પેટ્રિક બ્લુમેન્થલે સૂચવ્યું હતું કે રેલ લાઈન પ્રોજેક્ટ પર પ્રગતિના અભાવને જોતા હાઈ-સ્પીડ રેલ ઓથોરિટીએ તેના પાછળના ભાગ પર પુનર્વિચાર કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે ૧૫ વર્ષ પછી ૦.૩ માઈલનું કામ પૂર્ણ થયું છે, જેનો ખર્ચ ૧૧.૨ બિલિયન ડોલર છે.

### વડા પ્રધાન મોદીએ આપી શ્રદ્ધાંજલિ

# ઈસ્કોનના ગવર્નિંગ બોડી કમિશનર ગોપાલ કૃષ્ણ ગોસ્વામીનું નિધન થયું

**ઈસ્કોનના અધિકારીઓ રવિવારે સંત ગોપાલ કૃષ્ણ ગોસ્વામીના પાર્થિવ દેહને દેહરાદૂનથી દિલ્હીના કૈલાશ મંદિરની પૂર્વમાં લાવ્યા હતા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૬ ।

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈસ્કોન ગવર્નિંગ બોડી કમિશનર ગોપાલ કૃષ્ણ ગોસ્વામી (૭૯) ના નિધન પર શોક વ્યક્ત કર્યો, જેનું રવિવારે સવારે ૯.૨૦ વાગ્યે અવસાન થયું. તેમણે દેહરાદૂનની સિનર્જી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. સંત ગોપાલ કૃષ્ણ ૧ મેના રોજ ઈસ્કોન દ્વારા બનાવવામાં આવી રહેલા બાંકે બિહારી મંદિરના શિલાન્યાસ સમારોહમાં ભાગ લેવા દેહરાદૂન આવ્યા હતા. કાર્યક્રમ બાદ બાથરૂમમાં લપસી જવાથી તે ઘાયલ થયો હતો. તેઓ હૃદય સંબંધિત બિમારીથી પણ પીડિત હતા.પીએમ મોદીએ તેમના શોક સંદેશમાં કહ્યું કે ગોપાલ કૃષ્ણ ગોસ્વામી તેમના ઉપદેશોમાં અન્યો પ્રત્યે ભક્તિ, દયા અને સેવાના મહત્વ પર ભાર આપતા હતા. તેમણે એક પોસ્ટમાં લખ્યું હતું તેમણે ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય અને જરૂરિયાતમંદોની સેવા જેવા ક્ષેત્રોમાં ઈસ્કોનના સમુદાય સેવા પ્રયાસોને વિસ્તારવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ દુઃખદ સમયમાં



મારી સંવેદના તમામ ભક્તોની સાથે છે. ઓમ શાંતિ.'ઈસ્કોનના અધિકારીઓ રવિવારે સંત ગોપાલ કૃષ્ણ ગોસ્વામીના પાર્થિવ દેહને દેહરાદૂનથી દિલ્હીના કૈલાશ મંદિરની પૂર્વમાં લાવ્યા હતા. ૬ મેની સવાર સુધી પાર્થિવ દેહના અંતિમ દર્શન કરી શકાશે. ત્યારબાદ વૃંદાવનમાં સંતને ભૂમિ સમાધિ આપવામાં આવશે. સંત ગોપાલ કૃષ્ણ ગોસ્વામીનો જન્મ ૧૯૪૪માં નવી દિલ્હીમાં થયો હતો. તેમણે ૧૯૬૪માં દિલ્હી યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા. તેણે ફ્રાંસની સોર્બોન યુનિવર્સિટી અને કેનેડાની મેકગિલ યુનિવર્સિટીમાંથી બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસ કર્યો.

## તંત્રી લેખ...

# પરમતત્ત્વ કે બ્રહ્મવિચાર, તેનું ચિંતન, ધ્યાનએ જ્ઞાનાત્મક છે


સાધના એટલે કે ખુદને નિયંત્રિત કરવું. યોગની ભાષામાં ઈન્દ્રિયોને પોતાને આધિન કરવાનું નામ સાધના છે. તેને આપણે ખુદ પર નિયંત્રણ કરીને આપણા મન અનુસાર ફળ હાંસલ કરવાની રીત પણ કહી શકીએ છીએ. જે મનુષ્ય આ રીતને સમ્યક રીતે જાણે છે, તે સારો સાધક બની જાય છે અને જે નથી જાણતો તે સારો સાધક બની શકતો નથી. યોગદર્શનમાં ચિત્તવૃત્તિઓને નિયંત્રિત કરવાને જ યોગ સાધના માનવામાં આવે છે. યોગને સાધનાર યોગ સાધક કહેવાય છે અને અન્ય ક્ષેત્રોમાં જે સાધના કરે છે, તે એ ક્ષેત્ર વિશેષનો સાધક મનાય છે. જોકે, કેટલાંય વર્ષોથી સાધનાનો મતલબ સામાન્ય રીતે યોગ સાધના એવો જ કરવામાં આવે છે. તેથી જેવા જ આપણે સાધનાની વાત કરીએ છીએ એટલે તરત જ લોકો તેનો અર્થ યોગ સાધના સાથે લગાવી લે છે. વસ્તુતઃ સાધના એક વ્યાપક શબ્દ છે. સાધનાનો મતલબ તપસ્યા, ધ્યાન, કઠોર શ્રમ અને કોઈ વિશેષ ક્ષેત્રમાં પ્રયત્ન કરવાનો પણ હોય છે. આ તમામ ક્રિયાઓમાં ઊર્જા જ્યાં વ્યય થાય છે, ત્યાં સંચિત પણ થાય છે. આપણે સાધનાના પથ પર નિરંતર જેટલા આગળ વધતા જઈશું, એટલા જ આપણે બહાર અને અંદરથી મજબૂત પણ થતા જઈએ છીએ. સાધના જો સાચી એટલે કે માનવતાના સમ્યક પથ પર હોય તો તેનાથી પોતાનું અને માનવતાનું કલ્યાણ થાય છે અને જો ખોટી દિશામાં હોય તો પોતાનું અને માનવતા બંનેનું નુકસાન થાય છે. ગીતામાં અને ચારેય વેદોમાં મનુષ્યને શ્રેષ્ઠ સાધક બનવાની પ્રેરણા આપવામાં આવી છે. સંસારમાં જેટલા પણ મહાપુરુષ કે ઈશ્વરીય ગુણોથી ભરપૂર તપસ્વી આવ્યા છે તેઓ એક શ્રેષ્ઠ સાધક પણ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, સાધના એટલે ઈષ્ટ સિદ્ધિ માટેનો અતિત્વરાયુક્ત વ્યાપાર. સામાન્યતઃ 'આરાધના', 'ઉપાસના' અને 'સાધના' પર્યાય જેવા છે. આરાધનામાં ઈષ્ટને પ્રસન્ન કરવાનો શ્રદ્ધાયુક્ત પ્રયત્ન છે. ઉપાસનામાં ઈષ્ટની વધુ નજીક જવા માટે નવધા ભક્તિ કે વિશેષ ક્રિયાન્વિતિ અપેક્ષિત છે; જ્યારે સાધનાનો પથ અતિ દુર્ગમ છે. આ માટે ગુરુકૃપા, દીક્ષા, દીક્ષાવિધિ પછી ગુરુના માર્ગદર્શન અનુસાર સાધનાનાં સોપાનો પાર કરતાં અંતે સિદ્ધિ મળે. આ ઈષ્ટ સિદ્ધિ અભીષ્ટની પ્રાપ્તિ કરાવે છે. ચતુર્વિધ પુરુષાર્થોની સિદ્ધિ માટે પણ સાધના પૂરી લગનીથી થવી જરૂરી છે. ચારેય પુરુષાર્થોમાં મોક્ષ કે ઈષ્ટદેવની પ્રાપ્તિ હમેશાં અધ્યાત્મ-માર્ગે થાય છે. અધ્યાત્મ-પથ એટલે પરમતત્ત્વના સાક્ષાત્કારનો પથ. આ સાક્ષાત્કાર માટે સાધકનો પુરુષાર્થ એ સાધના છે. સાક્ષાત્કારની અભીપ્સા ધરાવનાર વ્યક્તિ સાધક છે.

# દુનિયાભરની વેક્સીન તેમજ કોરોના અંગે હજી રિસર્ચ ચાલુ જ છે

ભારતમાં વેકસીન પ્રોગ્રામ શરૂ થયો ત્યાર પછી ૧૭૫ કરોડ ડોઝ વેકસીનના ગયા છે. એમાં અમુકને ડબલ ડોઝ કે અમુકને બુસ્ટર સહિત ત્રણ ડોઝ ગણી લેવાના. બાકીનાઓએ આપણી સ્વદેશી 'કોવેકસીન' લીધી છે. હવે થયું એવું કે બ્રિટનમાં ૨૦૨૧ આસપાસ ૫૧ કેસ એવા નોંધાયા કે જેમાં કોઈને બ્રેઈન સ્ટ્રોક થયો તો કોઈના પ્લેટલેટ્સ કાઉન્ટ ઘટી ગયા. આ કેસ નોંધાયા પછી કોવિશિલ્ડ વેકસીન બનાવનાર ફાર્મા કંપની 'એસ્ટ્રાજેનકા' પર ૧૦૦ મિલિયન પાઉન્ડનો નુકશાનીનો દાવો અલગ અલગ વકીલો દ્વારા કરાયો. સતત ત્રણ વરસ સુધી જુદી જુદી વિચારધારાના મીડિયા સંસ્થાનો દ્વારા જુદા જુદા રિપોર્ટ્સ વિશ્વભરમાં રજૂ કરવામાં આવ્યા. એમાંથી મોટાભાગના સંસ્થાનો ભારતના કે અન્ય વિકાસશીલ દેશોના હતા, જ્યાં આ વેકસીનનો મહત્તમ ઉપયોગ થયેલો. અમુક અભ્યાસ પછી કંપનીએ બ્રિટનની કોર્ટમાં કબૂલ કર્યું કે- હા, અમારી વેકસીનની અમુક સાઈડ ઈફેક્ટસ છે જ. પણ એ રેર સાઈડ ઈફેક્ટસ છે. એક લાખમાંથી એક લોકોને થાય છે. માર્ચ ૨૦૨૧માં ઑસ્ટ્રિયાની ૪૯ વર્ષીય એક નર્સે એસ્ટ્રાનેજેકાની વેક્સીન લીધી. ૧૦ દિવસની અંદર તેને મગજની નસમાં લોહીના ગઠ્ઠા (સેરેબ્રલ વેઈન થ્રોમ્બોસીસ), ફેફસાની નળીઓમાં લોહીના ગઠ્ઠા (પલ્મોનરી એમ્બોલિઝમ), પ્લેટલેટની ઘટતી સંખ્યા (થ્રોમ્બો-સાયટો-પિનિયા) અને ડી- ડાયમરની ઊંચી માત્રા જોવા મળી. ડોકટરોએ તેને સ્વાભાવિક રીતે પ્લેટલેટ ટ્રાન્સફ્યુઝન આપ્યું પણ સ્થિતિ વધુ બગડી. ૧૧માં દિવસે તેનું મૃત્યુ થયું. તેના લોહીના સેમ્પલ જર્મનીના એક હીમેટોલોજિસ્ટ ડો એન્ડ્રિયાસ ગ્રાઈનાશરને મોકલવામાં આવ્યા. સામાન્ય રીતે લોહી પાતળી કરતી દવા હેપેરીન વડે આ પ્રકારની સ્થિતિ બનતું હોવાનું મેડિકલ સાયન્સમાં નોંધાયું છે. પણ ડો એન્ડ્રિયાસની તપાસમાં હેપેરીન નિર્દોષ છૂટી. દુનિયાભરના ડોકટરોનું માથું ભમવા લાગ્યું. વેક્સિનેશન શરુ થાયે માંડ ૩ મહિના થયા હતા ત્યાં એ જર્મન ડોકટર પાસે ૧૧ આવા કેસના ડેટા પહોંચ્યા હતા. ૯ એપ્રિલ ૨૦૨૧ના રોજ ન્યૂ ઈંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસિનમાં તેમણે એક પેપર પ્રકાશિત કર્યું. અને દુનિયાને જાણકારી આપી કે એસ્ટ્રજેનેકાની વેક્સિનથી બ્લડ ક્લોટિંગ કે લોહી જામવાના કિસ્સા બને છે. એસ્ટ્રજેનેકા વેક્સીન એ એડિનોવાયરસના ખોખામાં બની છે. આ ખોખામાં કોરોના વાયરસનો જેનેટિક માલ ભરી દેવામાં આવે. એડિનોવાયરસના આ ખોખાને ડિલિવરી બોય સમજી લો જે પોતાની અંદર કોરોનાની જેનેટિક માહિતી લઈને કોષ કેન્દ્ર સુધી લઈ જાય છે. કોરોનાની આ નબળી ખેપ દરમ્યાન આપણી રોગ પ્રતિકારક શક્તિ સતર્ક થઈ જાય છે અને વાસ્તવિક હુમલા વખતે એ જડબાતોડ જવાબ આપવા સજ્જ હોય. હવે બન્યું એવું કે આ એડીનો વાયરસનું ખોખું હેકઝોન નામનું એક પ્રોટીનનું બનેલું છે, પ્લેટલેટના **Pf4** સાથે એને પ્રેમ થઈ શકે છે એ સંભાવના કદાચ ધ્યાન બહાર રહી હશે કેમ કે દુર્લભ કિસ્સામાં જ આવું બને. હવે આ બંનેનો પ્રેમ સંબંધ શરીરની રોગ પ્રતિકારક શક્તિને મંજૂર નથી. એટલે એ એન્ટી **P³4** એન્ટિબોડી લોહીમાં છોડે. જે પેલો પ્રેમ સંબંધ અટકાવવા પ્લેટલેટ પર તવાઈ મચાવે અને એની સંખ્યા ધડધડ ઘટવા લાગે. આ પ્લેટલેટ ઘટે એને મેડિકલ ભાષામાં થ્રોમ્બોસાયટોપેનિયા કહેવાય. આ સમયે પ્લેટલેટ એકબીજાને ચોંટવા પણ માંડે છે, જે લોહીના ગઠ્ઠા પણ બનાવે. આને કહેવાય થ્રોમ્બોસિસ. એટલે વેક્સીન આપવાથી જે ઘટના ઘટી એનું નામ થ્રોમ્બોસીસ વિદ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ. પણ આ અત્યંત દુર્લભ ઘટના છે. દસ લાખમાં માંડ ૪ કેસ. એટલે ટકાવારી મુજબ ૦.૦૦૦૪% એની સામે સ્મોકિંગથી થતા બ્લડ ક્લોટિંગની સંભાવના ૦.૧૮ ટકા છે. કે પછી કોરોના થાય ત્યારે વાયરસથી થતા ક્લોટિંગની સંભાવના ૧૬ ટકા જેટલી માતબર છે. હા, પણ ક્લોટિંગની તીવ્રતા અને કદ દરેક કિસ્સામાં જુદા હોઈ શકે.

**અજવાળું ફેલાવવું એ પ્રકાશનો ગુણધર્મ છે, પણ અજવાળુ કે પ્રકાશ એમનેમ ફેલાતો નથી, એની માટે થોડું તપવુ પણ પડે!**

# ચાલો મતદાન કરીને ખિસકોલી જેમ રામકાર્ય કર્યાનો સંતોષ લઈએ! અને ભારતનાં સુવર્ણમય ભવિષ્યના સાક્ષી બનીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**દુનિયામાં પહેલા પણ એવા તત્વો હતાં, અને આજે પણ એવા તત્વો છે જેને અરાજકતા ફેલાવવામાં સૌથી વધુ આનંદ આવતો હોય, અને એમાં પણ જ્યારે પોતે બીજું કંઈ જ કરી શકવાના નથી, એવી ખાતરી થાય ત્યારે અન્યને કેમ ઉશ્કેરવા એ બાબતે એ લોકો દિવાસળી ચાંપી અને દૂર ચાલ્યા જાય છે!**



આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પૂર્વમાં ઉદય થતો અને ચમકતો સૂર્ય આજે કંઈક વિશેષ લાગી રહ્યો છે, અને સૂર્ય જાણે સમગ્ર જનતાને સંદેશ આપી રહ્યો છે કે અજવાળું ફેલાવવું એ પ્રકાશનો ગુણધર્મ છે, પણ અજવાળુ કે પ્રકાશ એમનેમ ફેલાતો નથી, એની માટે થોડું તપવુ પણ પડે! આતો સૂર્યની વાત થઈ અને એની મહાનતા એની નિર્ગુણતા અને અસંગતા આપણે ક્યાં નથી જાણતા! પરંતુ આપણાં ઘરમાં આપણે એક દીવો પ્રગટાવી શકીએ, એટલી ધાર્મિક સ્વતંત્રતા આપણને કાયમ મળતી રહે, એટલું મતદાન કરતી વખતે અવશ્ય વિચારજો! એવો સંદેશ આજે આ સૂરજદાદા આપી રહ્યાં હોય એમ લાગે છે. તમામ ગ્રંથીઓ નિરાંતે ઉકેલીશુ અત્યારે ગૂંચ નહીં ઉકલે એમ સમજી દોરી કાપી નાખવી એ અત્યંત ભૂલ ભરેલું સાબિત થશે!; દુનિયામાં પહેલા પણ એવા તત્વો હતાં, અને આજે પણ એવા તત્વો છે જેને અરાજકતા ફેલાવવામાં સૌથી વધુ આનંદ આવતો હોય, અને એમાં પણ જ્યારે પોતે બીજું કંઈ જ કરી શકવાના નથી, એવી ખાતરી થાય ત્યારે અન્યને કેમ ઉશ્કેરવા એ બાબતે એ લોકો દિવાસળી ચાંપી અને દૂર ચાલ્યા જાય છે! અને પછી આપણે જ એ નાનકડી ચિનગારી આગ કેમ બને એનું આયોજન કરતા હોઈએ છીએ, અને ગમે તેટલા દાઝીયે તોય આપણે એમાં હોંશેહોંશે ભાગ લઈ અને સત્યથી વિમુખ થતાં જતાં હોઈએ છીએ. પણ આ તાપણું તાપવાનો સમય નથી, ચૈત્ર ઉતરી રહ્યો છે, અને વૈશાખના પડગમ વાગી રહ્યાં છે, બાહ્ય ગરમીને સહન કરવાં કોઠા ઠારવા પડશે. લોકશાહીનાં પર્વ સમાન ચૂંટણીનો મહત્વનો તબક્કો એટલે કે મતદાન! અને આજે મતદાનનો દિવસ છે, ત્યારે આ ચૂંટણી એટલે કે ચૂંટવું! દરેક ભારતીય નાગરિક આજે પોતાના આ મતદાનના અધિકારનો ઉપયોગ કરશે અને યોગ્ય ઉમેદવાર ચૂંટીને પોતાની નૈતિક ફરજ અદા કરશે!: કારણ કે હવે આપણે શિક્ષિત થઈ ગયા છીએ, અને બૌદ્ધિકતાની દ્રષ્ટિએ પણ આપણે ખૂબ જ આગળ વધી ગયા છીએ, ત્યારે આપણને સાચું ખોટું, સારું ખરાબ, એ બધું જ સ્પષ્ટ દેખાય છે, અનુભવી પણ શકીએ છીએ! અને આપણો દેશ કોનાં નેતૃત્વમાં વધુ સુરક્ષિત છે! વધુને વધુ વિકાસ કરે, તેમજ આપણાં સનાતન ધર્મની ધજા વિશ્વને પણ શાંતિ માટે પ્રેરે એવાં પક્ષને જ મતદાન કરીએ એમાં કંઈ કહેવું પડે નહીં! છતાં ઈવીએમ વોટીંગ વખતે ન સમજાય તો બે જણાને પુછીને વોટ કરજો! કારણકે આપણો વોટ નકામો સાબિત થાય તો, આપણે આ પરિવર્તન માટેની તક ચૂકી ગયા એવો ભાવ થાય. ભગવાન રામ જ્યારે સમુદ્ર પર સેતુ બાંધી રહ્યાં હતાં, ત્યારે દરેક પોતાની કક્ષા પ્રમાણે મહેનતનું એમાં યોગદાન કરી રહ્યા હતાં, ત્યારે એક ખિસકોલીને એમ થયું કે આટલું મોટું રામકાર્ય થઈ રહ્યું છે, અને હું એને માત્ર જોયા કરું, એ કેમ ચાલે! અને આપણે સૌ જાણીએ છીએ તેમ એ ખિસકોલી સમુદ્ર કિનારાની રેતીમાં આળોટી અને સમુદ્ર પર પોતાની જાતને ખંખેરીને રામ કાર્ય કર્યાનો સંતોષ મેળવ્યો હતો. બસ એ જ રીતે આપણું આ એક મતદાન ખિસકોલી કાર્ય છે, અને આવતીકાલે જ્યારે ભારત શિખર પર હશે ત્યારે આપણે મતદાન કર્યાનો ગર્વ લઈ શકીશું. ચૂંટવું શબ્દ આપણે મોટેભાગે ફુલ માટે વાપરતા હોઈએ છીએ, કે ભગવાનની પૂજા માટે ફૂલ ચૂંટ્યા, કે પછી કોઈ શહીદની સમાધિ પર ચડાવવા ફૂલ ચૂંટ્યા. આપણે સૌ જાણીએ છીએ, કે પ્રકૃતિમાં ઘણી પ્રકારના ફૂલ થાય છે. પણ ઈશ્વરને અમુક પ્રકારનાં જ ફૂલ ચડાવાતાં હોય છે, અને એને આપણે સાચાં ફૂલ કહેતા હોઈએ છીએ! અને એ જ રીતે સમાધિ પર પણ સાચાં ફૂલ ચડે છે. ગુલાબ, કમળ, મોગરો, જૂઈ, ચંપો, ચમેલી, કરેણ, ટગર, આટલા પ્રકારના ફુલોની ગણતરી આપણે સાચા ફૂલ તરીકે કરીએ છીએ, એમાં ગુલાબ અને કમળ બે મુખ્ય ફૂલ છે, જે ઈશ્વરને પણ પ્રિય છે, અને એટલે જ ઈશ્વરે એને સુરક્ષિત રાખવા અવરોધ પણ મુક્યાં છે. જેમકે ગુલાબ છે તો એમાં કાંટા છે, અને આપણા સૌનો અનુભવ છે કે ગુલાબ તોડતી વખતે આપણે કાંટા ન વાગે એનું ધ્યાન રાખીએ છીએ, અને છતાં પણ કાંટા વાગી જતા હોય છે એમાં પણ દેશી ગુલાબના છોડમાં તો એટલા બધા કાંટા હોય કે, ગુલાબ તોડીએ અને કાંટા વાગે નહીં એવું બની ન શકે! પણ કાંટાના ડરથી આપણે ગુલાબ ચૂંટવાનું ભૂલી જતા નથી. ઈશ્વરને ચરણે કે સમાધિ પર રોજ કેટલાએ ગુલાબ ચડતા હશે, અને એને માટે કેટલાયને આજ સુધીમાં કાંટા વાગ્યા હશે, પણ એમાંથી કોઈએ ફૂલની બદલે કાંટા ચૂંટ્યા હોય એવું આપણે સાંભળ્યું નથી. પણ એનો મતલબ એ નથી કે કાંટા નકામા છે!: કાંટા એટલા માટે કામના છે, કે એ ગુલાબની આપણને કિંમત કરાવે છે! જે આસાનીથી ઉપલબ્ધ થાય છે, એની આપણને કદર નથી. જેમકે ૫૦૦ વર્ષ પછી રામ મંદિર બન્યું તો આપણને એ અયોધ્યા, રામ મંદિર, અને રામતત્વ વિશે હવે કિંમત થઈ! અને હવે એ કિંમત ભૂલવી આપણને પોસાય નહીં. એ જ રીતે કમળ પણ એક એવું સાચું ફૂલ છે, જેને તોડતી વખતે પણ કિચડ અને લીલવાળા ગંધાતા પાણીનો અવરોધ નડે. દુનિયામાં ગમે ત્યાં કમળ ઉગતા હોય, ત્યાં આ બેમાંથી એક અવરોધ તો હોય જ, અને તો જ એને સાચું કમળ કહેવાય. આજે તો હવે કમળની ખેતી થાય છે અને રોજ લાખો કમળ ભગવાનના ચરણે ચડે છે. આપણે ત્યાં શાસ્ત્રોમાં કહ્યા મુજબ નેત્રને પણ કમળ કહ્યું છે, અને હૃદયને પણ કમળ કહ્યું છે! પુરાણોમાં તો દેવી-દેવતાઓને પ્રસન્ન કરવા માટે સહસ્ત્ર કમળ ચઢાવવાની પૂજા વિધિ પણ થતી, અને એમાં એકાદ કમળ ઓછું થતા નેત્ર કમળ ચઢાવ્યું એવા કિસ્સાઓ પણ આપણે જાણીએ છીએ. તો મનુષ્ય શરીરના આ બે મહત્વના કમળ આપણે બધા જ ધરાવીએ છીએ! કમળને અસંગતાનું પ્રતિક ગણવામાં આવે છે, અને એ પણ આપણે જાણીએ છીએ કે કાદવમાં ખીલે છે, અને પાણી વચ્ચે રહેતું હોવા છતાં આ બંનેમાંથી એક પણ વસ્તુ એને સ્પર્શતી નથી! એની પાખડી પર પાણીનું ટીપું મૂકીએ તો એ નીતરી જાય છે. એટલે આપણી આંખ કે દ્રષ્ટિ એવી હોવી જોઈએ જે મલિનતાને છોડી દે, અને સાચા કે સારાંનું મૂલ્યાંકન કરે! એ જ રીતે મનુષ્ય હોવાથી હૃદયના ભાવમાં પણ ક્યારેક કામ, ક્રૌધ, મદ, મોહ, લોભ, મત્સર, એટલે અહંકાર સ્પર્શી જાય તો હૃદય તો કમળ છે, એમાં લાંબો સમય આ ભાવને ટકવા દેવા જોઈએ નહીં! કારણ કે અંતે તો એ દુર્ગુણ આપણા શારીરિક અને માનસિક વિકાસ માટે બાધા બને છે! તો બધાં જ મતદાન કરજો, અને એ પણ બધી રીતે વિચારીને! કે આપણું આ એક મતદાન ખિસકોલી એ કરેલા રામ કાર્ય જેવું સાબિત તો થશે ને? કે પછી કાંટા કીચડનો ચૂનાવ કરી રાવણ કાર્ય કર્યાનો જીંદગીભર અફસોસ કરીશું??? ભારતનાં સુવર્ણમય ભવિષ્યનાં આપણે સૌ સાક્ષી બનીએ, અને મા ભગવતી આપણને સૌને સદબુદ્ધિ આપે, એવી એક અનન્ય પ્રાર્થના આપ સૌના હૃદયમાં બિરાજતા ઈશ્વરના ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**જપ, યોગ આ બધું પ્રાર્થનામાં ખપ આવે ખરું પણ એ ખરેખર પ્રાર્થના નથી, એ તો પ્રાર્થનાનાં માત્ર સાધનો છે**

# ઓ કરુણાના કરનારા, તારી કરુણાનો કોઇ પાર નથી, ઓ સંકટના હરનારા, તારી કરુણા નો કોઇ પાર નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વેર ઝેરનાં પાપ તજીને મંગળ ગીતો એ ગાયે મૈત્રી ભાવનું મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે. ઓ કરુણાના કરનારા, તારી કરુણાનો કોઇ પાર નથી.**



મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે. ગુણથી ભરેલા ગુણીજન દેખી હૈયું મારું નૃત્ય કરે, એ સંતોનાં ચરણ કમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે, દીનદુઃખીયાને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ રહે, કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે મૈત્રી ભાવનુંપ માર્ગ ભૂલેલાં જીવન પથિકને માર્ગ ચીંધવા ઊભો રહું,કરે ઉપેક્ષા એ મારગની તો યે સમતા ચિત્ત ધરું, માનવતાની શુભ્ર ભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર ઝેરનાં પાપ તજીને મંગળ ગીતો એ ગાયે મૈત્રી ભાવનું મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે, શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે. ઓ કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી. ઓ સંકટના હરનારા, તારી કરુણા નો કોઈ પાર નથી. મૈત્રી એટલે મિત્ર મિત્ર વચ્ચેનો સંબંધ તેમ પ્રાર્થના એટલે ભગવાન અને ભક્ત વચ્ચેનો સંબંધ પ્રાર્થનાને આપણેના આવડે તેવી જટિલ બાબત ધારી લઈએ છીએ આપણો આ ખ્યાલ સાચો નથી. પ્રાર્થના એક સરળ બાબત છે. સંત કહે છે : 'માનસિક પ્રાર્થનાએ ગાઢ મૈત્રી સંબંધ સિવાય બીજું કશું નથી.જે આપણને ચાહી રહ્યો છે એમ આપણે જાણીએ છીએ તેનામાં તન્મય બનીને કરેલો એ વાર્તાલાપ જ છે. જપ, યોગ આ બધું પ્રાર્થનામાં ખપ આવે ખરું પણ એ ખરેખર પ્રાર્થના નથી.એ તો પ્રાર્થનાનાં માત્ર સાધનો છે. પ્રાર્થના તો છે ઈશ્વરને આત્મ સમર્પણ. જપ,યોગ ઈત્યાદિ એ નિસરણીનાં પગથિયા સમાં છે. જે આપણને પ્રાર્થનાના અંતિમ ચરણ આત્મસમર્પણ સુધી પહોંચાડે છે. પ્રાર્થનાને આપણે 'પ્રણામ' જેવી સાદી ક્રિયા જોડે જોડી શકીએ. હું મારા બે હાથ જોડું ને આખેઆખો ઈશ્વરને સોંપાઈ જાઉં એવો પ્રાર્થનાનો ભાવ પ્રણામમાં વ્યક્ત થાય છે. આપણે આગળ જોયું તેમ મારામાં આવેલા સાચા પરિવર્તનની નિશાની જ એ છે કે હું મારી જાતનો સુકાની મટી જાઉં છું ને ઈશ્વરને મારો સુકાની બનાવી દઉં છું. આજ લગી મારા જીવનના કેન્દ્રમાં હું હતો,હવે ત્યાં હું ને ભૂંસીને ઈશ્વરને સ્થાપું છું. 'ધ્યાન એક એવી પ્રાર્થના છે જેમાં માણસ કેવળ મનથી વિચારતો નથી અને હોઠથી કશું રટતો નથી. બલકે અમુક અર્થમાં તો એ આખે આખો ભાવમગ્ન બની જાય છે. પ્રાર્થનાએ માત્ર શબ્દોની ગોઠવણી નથી અથવા દિલમાં ઉદભવતી ઈચ્છાઓની કે માગણીઓની હાર માળા નથી.

પ્રાર્થના તો સમગ્ર સંવેદનાનો ઈશ્વરને ચરણે મૌન, એકાગ્રતા અને ભક્તિ સ્વરૂપે થયેલો આવિર્ભાવ છે.ધ્યાનમય પ્રાર્થનામાં ઈશ્વર ચરણે આપણી સમગ્ર જાતનું સમર્પણ છે. જો આપણે આપણા ભીતરને પૂરેપૂરું ઈશ્વર ભણી વાળ્યા વિના જ ઈશ્વરનું ધ્યાન ધરવાનો પ્રયત્ન કરીએ તો છેવટે આપણે આપણી જાતનું જ ધ્યાન કરવા ભણી વળી જઈશું ને કદાચ આપણે આપણી ઈંદ્રિય-પરાયણ પ્રકૃતિના હૂંફાળા તિમિરના કોચલામાં જ પૂરાઈ જઈશું. આ તિમિર એવું તો નથી જજેમાં કોઈ માણસ નચિંતપણે સૂતેલો રહી શકે. 'બીજીબાજુ જો આપણે આપણા તરંગો ને લાગણીઓ પર જ વધારે પડતા ઝૂકી જઈએ. તો પણ આપણે ઈશ્વરા ભિમુખ થઈ શકવાના નહિ,બલ્કે આપણે આપણા તરંગોના વમળોમાં જ ખેંચાઈ જઈશું ને આપણી રચેલી માયાજાળને જ ધર્મનો અનુભવ માનીશું. ને આ બાબત પણ એટલી જ ખોટી છે. 'આપણી સમગ્ર જાતને ઈશ્વરાભિ મુખ તો કરી શકાય. કેવળ ઊંડી, સાચી અને સરળ શ્રદ્ધાને જોરે જ આમાંથી ઉદભવતી આશા ઈશ્વર સાથે સંબંધ બાંધવો શક્ય છે એ બતાવે છેને પ્રેમ આપણને જણાવે છે કે ઈશ્વરની ઈચ્છાને પાર પાડવી એ જ સૌમાં ખરીને અસલ ચીજ છે. ઈશ્વર ઘરમાં આવે અને ઘરધણી સૂતેલો રહે એ કેવું કહેવાય? એવાને જગાડવા કંઈ કરવું પડે ને? ઈશ્વર કયા રૂપે ઘરે આવે તે કહી શકાતું નથી. કોઈકવાર તે વૃદ્ધરૂપે, કોઈ વાર દરિદ્રરૂપે, તો કોઈ વાર ભિક્ષાર્થી રૂપે આવે છે. માટે ઘરે જે કોઈ આવેતે દરેકનું સન્માન કરજો અતિથિ દેવો ભવ-અતિથિ ને દેવ માનવાનું કહ્યું છે તે ખોટું નથી. ઈશ્વરનું કોઈ એક રૂપ નથી. ઈશ્વર અનેક રૂપો ધરે છે.તે અનેક રૂપ ધારી છે. તે આકારરહિત પણ છે અને અનેક આકારવાળો પણ છે. પરમેશ્વર કોઈ પણ સ્વરૂપે આવે છે. આ જીવ પ્રમાદ- નિદ્રામાં સૂતો છે એટલે તેને આ બધી સમજ પડતી નથી. યશોદોએ ગોપીઓને સૂચન કર્યું, તમારાં છોકરાંઓને પિયેર મૂકી આવો તો? ત્યારે એક ગોપી બોલી,મા,એ પણ મેં કરી જોયું છે. હું માખણને અને છોકરાંઓને પિયેર મૂકી આવેલી. લાલો ઘરે આવ્યો.લાલાને માખણ મળ્યું નહીં.છોકરાં જોવામાંઆવ્યો નહીં.લાલો મને કહેવા લાગ્યો,જે ઘરમાં મારા માટે કશું નથી એ ઘર સ્મશાનરૂપ છે! મને પણ તે વખતે તેનું મુખ જોઈ એવું લાગ્યું,જે ઘર માં કનૈયા માટે કાંઈ નથી તે ઘર સ્મશાન જેવું છે. એટલે હું તો દોડતી જઈને પિયરથી બધું પાછું લઈ આવી. યશોદા ગોપીઓને કહે છે, તમે કહો છો કે લાલો તોફાન કરે છે, પણ હું જ્યારે પૂછું છું ત્યારે તે ના પાડે છે. માટે હવે તો તમે કનૈયાને ચોરી કરતાં પકડી લાવો તો હું તમારી વાત સાચી માનીશ. વાચક ચાહક મિત્રો,આજે લોકશાહીનું મહાપર્વ ચૂંટણી આપણા રાજ્યની પચ્ચીસ સહિત લોકસભાની ચોરાણું બેઠકો માટે સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થશે તો આપણે અવશ્ય મતદાન કરી લોકશાહીને ઉજાગર કરીએ. મતદાન કરવું જ જોઈએ. ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે સવારે વહેલા પહેલા મતદાન કરી આપણી ફરજ બજાવીએ.

# પ્રિયંકા ચોપરાનો પતિ નિક ભયંકર વાયરસની ઝપેટમાં

## પ્રિયંકા ચોપરાના પતિ નિક જોનસ તેના બેન્ડ સાથે મેક્સિકોના અલગ-અલગ શહેરોમાં પરફોર્મ કરવાના હતા



પ્રિયંકા ચોપરાના પતિ નિક જોનસ તેના બેન્ડ સાથે મેક્સિકોના અલગ-અલગ શહેરોમાં પરફોર્મ કરવાના હતા. પરંતુ ગાયકે તેના આગામી તમામ શો કેન્સલ કરી દીધા છે. નિકે શો કેન્સલ થવા પાછળનું કારણ સમજાવતો એક વીડિયો શેર કર્યો છે. તેણે પોતાના વીડિયોમાં જણાવ્યું કે તેને ઈન્ફ્લ્યુએન્ઝા-એથી ચેપ લાગ્યો છે. આ વાયરસના કારણે તેના નાક અને અવાજ પર પ્રતિકૂળ અસર થઈ છે જેના કારણે તે પરફોર્મ કરી શકતો નથી. નિક જોનસ તેના વીડિયોમાં કહે છે, 'હાય મિત્રો. હું ઈન્ફ્લ્યુએન્ઝા-એ ના ભયંકર રોગ સામે લડી રહ્યો છું. આ વાયરસ ખૂબ ફેલાઈ રહ્યો છે અને હું અત્યારે ગાવા માટે સક્ષમ નથી. અમે હંમેશા તમને લોકોને શ્રેષ્ઠ શો આપવા માટે સક્ષમ બનવા માગીએ



છીએ અને હું અત્યારે મેક્સિકોમાં આ શો માટે તે કરી શકું તેવી સ્થિતિમાં નથી.ઈન્ફ્લ્યુએન્ઝા-એ એક પ્રકારનો વાયરસ છે જે પક્ષીઓ અને માણસોમાં ફેલાય છે. આ સામાન્ય શરદી અને ઉધરસનું ખતરનાક સ્વરૂપ છે જે આંખો, નાક અને ગળાને સીધી અસર કરે છે. શ્વાસ લેવામાં તકલીફ થાય છે. આ વાયરસની ગંભીરતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે તે કોવિડ-૧૯નું કારણ બને છે. આ વાયરસના લક્ષણોમાં તાવ, શરદી, માથાનો દુખાવો, સ્નાયુઓમાં દુખાવો, થાક, છીંક આવવી, વહેતું નાક, ગળું, ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ છે. મેક્સિકોમાં આ વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે. પ્રકાર છ ઈન્ફ્લ્યુએન્ઝા એ એક સામાન્ય ચેપ છે જે વ્યાપક ફ્લૂ ફાટી નીકળવાનું કારણ બની શકે છે. તે તાવ, શરીરમાં દુખાવો, શરદી, થાક અને અન્ય લક્ષણોનું કારણ બની શકે છે. ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરાના પતિ અને જોનાસ બ્રધર્સ નિક જોનાસની તબિયત છેલ્લા કેટલાક સમયથી ઠીક નથી. પ્રખ્યાત ગાયક-કલાકારે તાજેતરના વિડિઓમાં જાહેર કર્યું છે કે તેને ઈન્ફ્લ્યુએન્ઝા એ હોવાનું નિદાન થયું છે. જોનાસ બ્રધર્સ, જેમાં નિક, કેવિન અને જો જોનાસનો સમાવેશ થાય છે, તે આ સપ્તાહના અંતમાં મેક્સિકોમાં પ્રદર્શન કરવાના હતા, પરંતુ શો હવે ફરીથી શેડ્યૂલ કરવામાં આવ્યા છે. નિક જોનાસને ઈન્ફ્લ્યુએન્ઝા છ હોવાનું નિદાન થયું, આગામી શો રદ કર્યા. ઈન્ફ્લ્યુએન્ઝા જેને ફ્લૂ તરીકે પણ ઓળખવામાં આવે છે.

# પોતાના પિતાની છેલ્લી ઈચ્છા પૂરી ન કરી શક્યા



સંજય લીલા ભણસાલી એક ફિલ્મ નિર્માતા છે જે મહાન ફિલ્મો બનાવવા અને સુંદર વાર્તાઓ કહેવા માટે જાણીતા છે. નેટફ્લિક્સ પર તેનો પહેલો વેબ શો 'હીરામંડીઃ ધ ડાયમંડ બઝાર' આ સાબિત કરી રહ્યો છે. લોકો 'હીરામંડી'ને પસંદ કરી રહ્યા છે. આમાં ભણસાલીએ તેમના દ્વારા બનાવેલી જાદુઈ દુનિયા બતાવી છે. શોમાં મોટા અને સુંદર સેટ, શાનદાર દ્રશ્યો, શાનદાર સંવાદો, અદભૂત કેમેરા વર્ક અને શાનદાર સંગીત છે. આ દર્શાવે છે કે ભણસાલી એક ઉત્કૃષ્ટ દિગ્દર્શક છે, જે ભારતીય વાર્તાઓને વિશિષ્ટ રીતે કેવી રીતે રજૂ કરવી તે જાણે છે. જો કે ભણસાલી પોતાની ફિલ્મોમાં લાગણીઓને સારી રીતે દર્શાવવામાં માહેર છે, પણ કહેવાય છે કે તેમના પિતા નવીન ભણસાલી ક્યારેય સફળતા મેળવી શક્યા નથી. હવે તેના નવા ઈન્ટરવ્યુમાં ભણસાલીએ તેના પિતાની છેલ્લી ઈચ્છા પૂરી ન કરી શકવાની ભાવનાત્મક વાર્તા કહી છે. ભણસાલીના પિતા નવીન ભણસાલી નિર્માતા હતા. તે તેની કારકિદીમાં વધુ સફળતા મેળવી શક્યો ન હતો. નવીન ભણસાલીની છેલ્લી ફિલ્મ 'જહાજી લૂંટેરા' હતી, જે બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. આ ફિલ્મ ડાયરેક્ટર આકુએ બનાવી હતી. આ ફેન્ટસી એક્શન ફિલ્મમાં અનવર હુસૈન, શશિકલા, મારુતિ રાવ અને પી જયરાજે કામ કર્યુ હતું. સંજય લીલા ભણસાલીએ ધ ન્યૂયોર્ક ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યુમાં પોતાના પિતાને યાદ કર્યા હતા. ભણસાલીએ જણાવ્યું કે જ્યારે તેમના પિતા નવીન ખૂબ બીમાર હતા ત્યારે તેમણે પુત્ર સંજય પાસેથી કંઈક ખાસ માંગ્યું હતું. તેને એક આદિવાસી ગાયકની કેસેટ જોઈતી હતી, જે દેશના ભાગલા પછી ભારતના બીજા ભાગમાં જતો રહ્યો હતો, જ્યાં તેનો પરિવાર હતો. તે પ્રખ્યાત ગાયિકા રેશમાનું ગીત 'હયો રબ્બા' સાંભળવા માંગતો હતો. ભણસાલીએ કહ્યું કે રેશમાનો અવાજ કાચો અને તાલીમ વગરનો હતો. વિભાજન પછી, રેશમા પાકિસ્તાનમાં રહેતી હતી, જ્યાં ભણસાલીના પરિવારના મૂળ પણ હતા.મૃત્યુ પહેલા નવીન ભણસાલી 'હયો રબ્બા' ગીત સાંભળવા માંગતા હતા. પરંતુ જ્યારે યુવાન સંજય લીલા ભણસાલી તેના પિતા માટે કેસેટ લઈને પાછો ફર્યો ત્યારે તેના પિતા બેભાન અવસ્થામાં પડ્યા હતા અને તરત જ કોમામાં ચાલ્યા ગયા હતા. સંજયે પહોળી આંખોથી તેની સામે જોયું, એક યાદ જે આજે પણ તેની સાથે છે. સંજય લીલા ભણસાલીએ કહ્યું, 'તે કોમામાં ચાલ્યા ગયા હતા. મારી પાસે હૈયો રબ્બા ગીત વગાડવાની કોઈ જગ્યા નહોતી, અને મારી માતા મને ગીત વગાડવાનું કહેતી હતી.

# હથિયાર સપ્લાયર અનુજનો પરિવાર હાઈકોર્ટમાં પહોંચ્યો

## બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગના મામલાને લઈને એક નવું અપડેટ સામે આવ્યું છે

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગના મામલામાં એક નવું અપડેટ સામે આવ્યું છે. આ કેસ સાથે જોડાયેલા અનુજ થપન નામના આરોપીએ થોડા દિવસો પહેલા કથિત રીતે જેલમાં આત્મહત્યા કરી લીધી હતી. આમાં વ્યક્તિનું મોત થયું હતું. હવે મૃતક અનુજ થપનના પરિવાર વતી મુંબઈ હાઈકોર્ટમાં રિટ દાખલ કરવામાં આવી છે. જેમાં મૃતક અનુજ થપનના પરિવારે હાઈકોર્ટમાં સલમાન ખાન વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી છે. એટલું જ નહીં મૃતકના પરિવારે આ મામલે સીબીઆઈ તપાસની માંગ પણ કરી છે. થાપનના પરિવારજનો અને વકીલોનો આરોપ છે કે તે આત્મહત્યા નથી, પરંતુ અનુજના મૃત્યુ પાછળ કોઈ કાવતરું છે, જેની સીબીઆઈ દ્વારા તપાસ થવી જોઈએ. મળતી માહિતી મુજબ અનુજ થાપન એ જ આરોપીઓને હથિયાર પૂરા પાડ્યા હતા જેમણે ૧૪ એપ્રિલે સલમાન ખાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગ કર્યુ હતું. થોડા દિવસ પહેલા આરોપી અનુજ થાપને પોલીસ કસ્ટડીમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ પછી તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં તેનું મોત થઈ ગયું. અનુજના પરિવારે તેમના પુત્રના મૃત્યુ પર શંકા વ્યક્ત કરી



હતી. તેણે કહ્યું હતું કે અનુજે કેવી રીતે જીવ ગુમાવ્યો તેની તપાસ થવી જોઈએ. થોડા દિવસો પહેલા પોલીસે કાર્યવાહી કરીને પંજાબમાંથી બે આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં ૩૭ વર્ષીય સોનુ સુભાષ ચંદ્રા અને ૩૨ વર્ષીય અનુજ થપનનો સમાવેશ થાય છે. મળતી માહિતી મુજબ, અનુજ લોરેન્સ બિશ્નોઈ ગેંગના સંપર્કમાં હતો. તે ટ્રક હેલ્પર તરીકે કામ કરે છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે સુરતની તાપી નદીમાંથી એક પિસ્તોલ અને કેટલાક જીવતા કારતૂસ મળી આવ્યા હતા. બ્રાન્ચનો દાવો છે કે આ એ જ હથિયારો હતા જેનો ઉપયોગ ૧૪ એપ્રિલે સલમાન ખાનના ઘરે ફાયરિંગ માટે કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આ હથિયારો અનુજ અને સુભાષ દ્વારા સપ્લાય કરવામાં આવ્યા હતા. અનુજ અને સુભાષે ૧૫ માર્ચે ગોળીબાર કરનારા આરોપી વિકી અને સાગરને દેશી બનાવટની બે પિસ્તોલ અને કારતુસ આપ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે અનુજ થાપન મુંબઈ નજીક રાયગઢના પનવેલમાં આવ્યો હતો. અહીં તેણે બાઈક સવાર બદમાશોને હથિયારો આપ્યા હતા. ૧૫ માર્ચે અનુજે ૩૮ રાઉન્ડ સાથે બે પિસ્તોલ સપ્લાય કરી હતી. અનુજ થોડા કલાકો સુધી પનવેલમાં શૂટર્સ સાથે રહ્યો હતો. ત્યાંથી નીકળતા પહેલા બદમાશોએ બે રાઉન્ડ ફાયરિંગ કરીને હથિયારો બરાબર કામ કરી રહ્યા છે કે નહીં તેની પણ તપાસ કરી હતી. મળતી માહિતી મુજબ અનુજ થાપને ક્રાઈમ બ્રાંચના લોકઅપના બાથરૂમમાં કથિત રીતે આત્મહત્યા કરી લીધી હતી. આ માટે તેણે કાર્પેટ કાપડનો ઉપયોગ કર્યો હતો. તેણે બાથરૂમની બારીમાંથી ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. લોકઅપથી લઈને બાથરૂમમાં પ્રવેશ સુધીના સીસીટીવી ફૂટેજ પોલીસની દેખરેખ હેઠળ છે. પરંતુ જ્યાં તેણે ફાંસી લગાવી તે બાથરૂમની અંદર કોઈ દેખરેખ નથી. ૧૪ એપ્રિલે સવારે ૪:૫૨ કલાકે બે બાઈક સવાર શૂટરોએ સલમાન ખાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટ પર ૫ રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું.

# ૧૧ વર્ષના પુત્રના મૃત્યુ બાદ શેખરની હાલત ખરાબ



શેખર સુમનને બે પુત્રો હતા. મોટો પુત્ર આયુષ અને નાનો પુત્ર અધ્યયન. આયુષ એક દુર્લભ બીમારીથી પીડિત હતો, જેના કારણે તેનું ૧૧ વર્ષની વયે અવસાન થયું હતું. શેખરે જણાવ્યું કે તેના બાળકની હાલત નાજુક હોવા છતાં એક નિર્દેશકે તેને શૂટિંગ માટે બોલાવ્યો હતો. તેણે કહ્યું કે તેનો બીમાર દીકરો તેનો હાથ પકડીને બેઠો હતો. તે પિતા શેખરને તેને ન છોડવા વિનંતી કરી રહ્યો હતો. અભિનેતાએ એમ પણ કહ્યું કે તેના પુત્ર આયુષના નિધન બાદ તેને ભગવાનમાંથી વિશ્વાસ ઉઠી ગયો છે. એફએમ કેનેડા સાથે વાત કરતી વખતે, શેખર સુમને તે ક્ષણ યાદ કરી જ્યારે તે પોતાના બાળકને પોતાના હાથમાં પકડીને ચમત્કાર માટે પ્રાર્થના કરી રહ્યો હતો. તેણે કહ્યું, 'પણ કોઈ ચમત્કાર નથી.' તેણે યાદ કર્યુ કે તેના પુત્રની હાલત ખરાબ હોવા છતાં એક નિર્દેશકે તેને શૂટિંગ કરવા કહ્યું હતું. તેણે કહ્યું, 'એક દિવસ ભારે વરસાદ પડી રહ્યો હતો અને આયુષ ખૂબ જ બીમાર હતો. દિગ્દર્શકને ખબર હતી કે મારો દીકરો બીમાર છે, છતાં તેણે મને બે-ત્રણ કલાક માટે શૂટિંગ પર આવવા વિનંતી કરી. મેં ના પાડી દીધી હતી. ડિરેક્ટરે કહ્યું- કૃપા કરીને આવો, મને મોટું નુકસાન થશે. હું સંમત થયો. જ્યારે હું ઘરની બહાર નીકળી રહ્યો હતો, ત્યારે આયુષે મારો હાથ પકડીને કહ્યું- પપ્પા, કૃપા કરીને ના જાઓ. મેં તેનો હાથ છોડ્યો અને તેને વચન આપ્યું કે હું જલ્દી પાછો આવીશ. એ ક્ષણ હું ક્યારેય ભૂલી શકતો નથી. શેખર સુમને જણાવ્યું કે તેમના પુત્રએ દુનિયા છોડી દીધી પછી તેમને ભગવાનમાંથી વિશ્વાસ ઉઠી ગયો હતો. તેણે પોતાના ઘરનું મંદિર બંધ કરી દીધું હતું. તેણે કહ્યું, 'બધી મૂર્તિઓ હટાવીને બહાર ફેંકી દેવામાં આવી હતી. મંદિર બંધ હતું. મેં કહ્યું હતું કે જે ભગવાને મને આટલું દુઃખ આપ્યું, મને આટલું દુઃખ આપ્યું, મારા નાના માસૂમ બાળકનો જીવ લીધો તે ભગવાન પાસે હું ક્યારેય નહીં જઈશ. અભિનેતાએ એમ પણ કહ્યું કે તેની પત્ની તેના પુત્ર આયુષને બીમારીથી પીડિત જોઈને એટલી નારાજ થઈ ગઈ કે તેણે ભગવાનને પ્રાર્થના કરી કે તે તેને પોતાની પાસે બોલાવે. તેણે કહ્યું કે તે હજુ પણ પુત્ર ગુમાવવાના દુઃખમાંથી બહાર આવ્યો નથી. તે હજી પણ દરરોજ તેના બાળકને યાદ કરે છે. અગાઉ એક ઈન્ટરવ્યુમાં શેખર સુમને કહ્યું હતું કે ૧૯૮૯માં જ્યારથી તેમને તેમના પુત્રની બીમારીની જાણ થઈ, ત્યારથી તેમને એવું લાગવા લાગ્યું કે જાણે તેમનું જીવન, તેમની કારકિદી, તેમનો પરિવાર, બધું જ સમાપ્ત થઈ ગયું છે. તેણે દરેક દિવસ તેના બાળક સાથે તેની બાહોમાં વિતાવ્યો, કારણ કે તે જાણતો હતો કે એક દિવસ તેણે આ દુનિયા છોડી દેવી છે.

### ૧૩ એપિસોડમાં ધ કપિલ શર્મા શોનું 'પેક્ડ અપ' થયું

# શું ધ કપિલ શર્મા શો નેટફ્લિક્સ પર ફરી પાછો આવશે?

## 'ધ ગ્રેટ ઈન્ડિયન કોમેડી શો'નું ડેબ્યુ ખૂબ જ શાનદાર હતું, નવી સીઝનનો સેટ ખૂબ જ ભવ્ય હતો, તે જોતા સેટ પર કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે

નેટફ્લિક્સ પર 'ધ ગ્રેટ ઈન્ડિયન કોમેડી શો'નું ડેબ્યુ ખૂબ જ શાનદાર હતું. નવી સીઝનનો સેટ ખૂબ જ ભવ્ય હતો, તે જોતા સેટ પર કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. કપિલ શર્માની સાથે તેના જૂના સાથીદારો કીકુ શારદા, સુનીલ ગ્રોવર, રાજીવ ઠાકુર, અર્ચના પુરણ સિંહ અને કૃષ્ણા અભિષેક નવી સીઝનનો ભાગ બન્યા. નવા શો સાથે સુનીલ અને કપિલની લડાઈનો પણ અંત આવ્યો. ૬ વર્ષ પછી બંને ફરી સાથે આવ્યા. બંને કોમેડિયનને એકસાથે જોઈને ચાહકોનો ઉત્સાહ ખૂબ જ વધી ગયો હતો. શોના પ્રથમ એપિસોડનું ઉદ્ઘાટન નીતુ કપૂર, રણબીર કપૂર અને રિદ્ધિમા કપૂરે કર્યું હતું. ગયા અઠવાડિયે નેટફ્લિક્સ દ્વારા



'ધ ગ્રેટ ઈન્ડિયન કોમેડી શો'ની સક્સેસ પાર્ટીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ બધું જોઈને મને લાગ્યું કે કપિલે OTT પર આવીને સાચો નિર્ણય લીધો છે. તેનો શો સારો ચાલી રહ્યો છે. લોકો તેને પસંદ કરી રહ્યા છે અને વ્યુઝ પણ મળી રહ્યા છે. પરંતુ જ્યારે શો બંધ કરવાની જાહેરાત કરવામાં આવી ત્યારે હૃદયને મોટો આંચકો લાગ્યો હતો. બધા સપના હોલ્ડ પર રહ્યા. ભાઈ, આ શું લાગણી હતી? આ શો શરૂ થયાને એક મહિનો પણ નથી થયો અને તે સમાપ્ત થવામાં છે. મતલબ એ જ થયું કે લાડુ પણ ખાઈ ગયા અને સ્વાદ પણ ન રહ્યો. સમાચાર આવ્યા કે ટીવીનો સુપરહિટ શો બે મહિનામાં બંધ થઈ જશે. એવી અટકળો હતી કે શો બંધ થવાનું સૌથી મોટું કારણ દર્શકોની સંખ્યા અને એ જ જૂના વન લાઈનર્સ હતા. જોકે એવું નથી. શો અટકતો નથી. આ બધુ માત્ર અફવા છે. આ એક કોમેડી ચેટ શો છે જે દર અઠવાડિયે આવે છે. ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શર્મા શોની પ્રથમ સીઝન ૧૩ એપિસોડની છે. હજુ ૭ એપિસોડ સ્ટ્રીમ થવાના બાકી છે. આગામી એપિસોડમાં, દર્શકોને હીરામંડી વેબ સિરીઝ અને પોપ સિંગર એડ શીરાન પણ જોવા મળશે. રિપોર્ટ્સ અનુસાર, આ શો ઘણી લોકપ્રિયતા મેળવી રહ્યો છે. આ વાત દર્શકોમાં ઘણી જોવા મળી રહી છે. આને ધ્યાનમાં રાખીને, આ શો ભવિષ્યમાં પણ તેના દર્શકોનું મનોરંજન કરવાનું ચાલુ રાખશે. કિકુ શારદાએ પણ સીઝન ૨ને લઈને કન્ફર્મેશન આપ્યું છે. કીકુએ કહ્યું કે તે નવી સીઝન સાથે ટૂંક સમયમાં પરત ફરશે. આશા છે કે આ વખતે કપિલ એ જ ભૂલો નહીં કરે જે તેણે તાજેતરમાં જ દોહરાવી છે.

### ફોન કોલ કરીને ઠગે બેંકમાંથી ઉપાડી લીધા રૂ. ૫ લાખ

# રાકેશ બેદીની પત્ની સાથે થયો ૪.૯૮ લાખ રૂપિયાના ફ્રોડનો શિકાર



બોલિવૂડ એક્ટર અને ટીવી ઈન્ડસ્ટ્રીનું જાણીતું નામ રાકેશ બેદી મુશ્કેલીમાં છે. તેની પત્ની આરાધના સાયબર ફ્રોડનો શિકાર બની છે જેના કારણે તેને ૫ લાખ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું છે. એક અજાણ્યા વ્યક્તિએ રાકેશ બેદીની પત્ની આરાધનાને ફોન કર્યો અને કહ્યું કે તે બેંકમાંથી ફોન કરી રહ્યો છે. આ પછી વ્યક્તિએ કહ્યું કે તેના ખાતામાં ભૂલથી પૈસા મોકલી દેવામાં આવ્યા હતા. જેથી પૈસા યોગ્ય ખાતામાં પાછા મોકલી શકાય, વ્યક્તિએ આરાધનાને તેનો ઓટીપી તેની સાથે શેર કરવા કહ્યું. જ્યારે આરાધનાને ફોન કરનાર પર શંકા ગઈ ત્યારે તેણે ફોન કાપી નાખ્યો. જોકે, તેમ છતાં તેના ખાતામાંથી ૪.૯૮ લાખ રૂપિયા ગાયબ થઈ ગયા હતા. છેતરપિંડી થયા બાદ આરાધનાએ બેંક અને પછી પોલીસનો સંપર્ક કર્યો. જે બાદ પોલીસે ફરિયાદ નોંધી હતી. રાકેશ બેદીની પત્ની આરાધના વિરુદ્ધ મુંબઈના

## ફોન કરનાર પર શંકા ગઈ ત્યારે તેણે ફોન કાપી નાખ્યો

ઓશિવારા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો કેસ નોંધવામાં આવ્યો છે. હાલ મામલાની તપાસ ચાલી રહી છે. તમને જણાવી દઈએ કે થોડા મહિના પહેલા જ રાકેશ બેદી પણ સાયબર ફ્રોડનો ભોગ બન્યા હતા જેમાં તેમને ૮૫ હજાર રૂપિયાનું નુકસાન સહન કરવું પડ્યું હતું. જાન્યુઆરીમાં રાકેશ બેદીએ ખુલાસો કર્યો હતો કે તે પુણેમાં તેનો ટુ બીએચકે ફ્લેટ વેચવા માંગે છે જેના માટે તેણે જાહેરાત આપી હતી. ત્યારબાદ આમી ઓફિસર હોવાનો દાવો કરનાર વ્યક્તિએ ફ્લેટ ખરીદવામાં રસ દાખવ્યો અને છેતરપિંડી કરવા માટે તેની બેંકિંગ વિગતો લીધી, જેના પછી બેદીને ૮૫ હજાર રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું. એક છેતરપિંડી કરનાર સંયુક્ત બેંક ખાતામાંથી રૂ. ૪.૯૮ લાખ ટ્રાન્સફર કર્યા, પીઢ અભિનેતા રાકેશ બેદીનું અને તેમની પત્ની આરાધના બેદી વગર OTP અથવા લિંક શેર કરવી. સાયબર ક્રાઈમ વિંગ તમામ બેંકો જ્યાં તે છે ત્યાં અનન્ય મની ટ્રેઈલ્સ ટ્રેસ કરવાનો પ્રયાસ કરી રહી છે. જમા કરવામાં આવ્યું છે. છેતરપિંડી કરનાર કોઈ ડેટા પ્રાપ્ત કર્યો નથી. કમિટ કરવા માટે લિંક્સ, રિમોટ એક્સેસ અથવા OTP દ્વારા છેતરપિંડી.

### અભિનેતા શ્રેયસ તલપડેએ કહ્યું...

# કોવિડની રસી લીધા પછી મને પણ થાક લાગવા લાગ્યો હતો...

બોલિવૂડના પ્રતિભાશાળી અભિનેતા શ્રેયસ તલપડે માટે ગત વર્ષનો ડિસેમ્બર મહિનો ઘણો મુશ્કેલ હતો. ૧૪ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ તેને અચાનક બેચેની લાગી. જ્યારે તેઓ હોસ્પિટલ પહોંચ્યા તો ખબર પડી કે તેમને હાર્ટ એટેક આવ્યો છે. હાર્ટ એટેક બાદ અભિનેતાની એન્જીયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. જોકે, હવે તે એકદમ સ્વસ્થ છે. સમયસર દવાઓ લેવી અને સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું. પરંતુ હવે અભિનેતાએ ચોંકાવનારો દાવો કર્યો છે. તેમનું કહેવું છે કે તેમનો હાર્ટ એટેક કોવિડ-૧૯ રસી સાથે સંબંધિત છે. એક લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં શ્રેયસ તલપડેએ પોતાના હાર્ટ એટેક વિશે વાત કરી છે. આ દરમિયાન તેણે ચોંકાવનારો દાવો કર્યો હતો. અભિનેતાએ કહ્યું કે તે એ વાતનો ઈનકાર કરી શકતો નથી કે કોવિડ-૧૯ રસીને તેના હાર્ટ એટેક સાથે કોઈ લેવાદેવા નથી. લેહરેન રેટ્રો સાથેની વાતચીતમાં અભિનેતાએ કહ્યું- હું મહિનામાં માત્ર એક જ વાર પીઉં છું. તમાકુ લેતા નથી. હા, મારું કોલેસ્ટ્રોલ લેવલ થોડું વધારે હતું. પરંતુ મને કહેવામાં આવ્યું કે આજે તે સામાન્ય છે. હું તેના માટે દવા લેતો હતો અને તે શમી ગયો હતો. અભિનેતાએ આગળ કહ્યું - મને ડાયાબિટીસ નથી, મને બ્લડ પ્રેશરની કોઈ સમસ્યા નથી, તો પછી હાર્ટ એટેકનું કારણ શું હોઈ શકે? અભિનેતાએ આગળ સવાલ કર્યો અને કહ્યું- જો આટલું ધ્યાન રાખ્યા પછી આવું થઈ શકે છે તો તેનું કારણ કંઈક બીજું છે. હું આ સિદ્ધાંતને નકારીશ નહીં. હું કોવિડ-૧૯ રસી પછી થોડો થાક અનુભવવા લાગ્યો. આમાં થોડું સત્ય છે અને આપણે તેને નકારી શકીએ નહીં. તે કોવિડ અથવા રસીના કારણે હોઈ શકે છે, પરંતુ હાર્ટ એટેકની ઘટના તેની સાથે જોડાયેલી છે. જ્યારથી શ્રેયસ તલપડેને શંકા છે કે તેનો હાર્ટ એટેક કોવિડ રસી સાથે સંબંધિત છે.



# IRCTC ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા ઉત્તર દર્શન યાત્રા (મથુરા, હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર અને વૈષ્ણો દેવી) યાત્રા ચલાવી રહી છે



। અમદાવાદ, તા.૬ ।

ભારતીય રેલવેની મિની રત્ન કંપની ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC) દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન દ્વારા ઉત્તર દર્શન યાત્રા (મથુરા, હરિદ્વાર, ઋષિકેશ, અમૃતસર અને વૈષ્ણો દેવી) યાત્રા ટ્રેન નું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જે ૨૫.૦૫.૨૪ ના રોજ રાજકોટ શહેરથી ઉત્તર દર્શન યાત્રા માટે રવાના થશે.

આ યાત્રા ભારત ગૌરવ ટ્રેન હેઠળ ૨૫ મે ૨૦૨૪ થી ૦૨ જૂન ૨૦૨૪ (૦૮ રાત્રિ / ૦૯ દિવસ) સુધીની રહેશે. આ યાત્રા દરમિયાન IRCTC મથુરા - શ્રી કૃષ્ણ જન્મ ભૂમિ, હરિદ્વાર મા સાંજે ગંગા આરતી, ઋષિકેશ, અમૃતસર - સુવર્ણ મંદિર અને વાઘા બોર્ડર અને શ્રી માતા વૈષ્ણોદેવી મંદિર જેવા ધાર્મિક સ્થળોએ લઈ જશે. IRCTC તેના મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. આ અંતર્ગત, આ પ્રવાસ માટે ત્રણ શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે, જેમાં સ્ટાન્ડર્ડ ક્લાસ (સ્લીપર) માટે રૂ. ૧૮,૩૦૦/-, કમ્ફર્ટ ક્લાસ -3AC માટે રૂ. ૨૯,૯૦૦/- અને સુપિરિયર ક્લાસ- 2AC માટે રૂ. ૪૨,૪૦૦/-, -ના દરો નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રવાસમાં IRCTC દ્વારા LTC સુવિધા પણ આપવામાં આવી રહી છે. ૨૫ મે ૨૦૨૪ ના રોજ ચાલનારી આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી, નડિયાદ, આણંદ, વડોદરા, રતલામ અને કોટા થી બેસી શકશે.

IRCTC દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પૅકેજમાં સવારનો નાસ્તો, લંચ અને ડિનર ઑન બોર્ડ અને ઑફ બોર્ડ શુદ્ધ શાકાહારી ભોજન આપ વામાં આવશે. પ્રવાસની માહિતી આપવા માટે આ ટ્રેનમાં જાહેરાતની સુવિધા ઉપલબ્ધ છે.ટ્રેનના દરેક કોચમાં એસ્કોર્ટ અને સિક્યોરિટી ગાર્ડ પણ ઉપલબ્ધ રહેશે. IRCTC દ્વારા આ પ્રવાસમાં મુસાફરોનો વીમો પણ સામેલ છે.

આ ટ્રેનનું બુકિંગ શરૂ થઈ ગયું છે, રસ ધરાવતા પ્રવાસીઓ IRCTC વેબસાઈટ (irctc-tourism.com) પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન બુકિંગ કરાવી શકે છે. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ. આર.સી.ટી.સી. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઓફિસનો સંપર્ક કરી શકો છો. આ માટે મુસાફરો વોટ્સએપ અથવા ફોન નંબરઃ- ૭૦૨૧૦૯૦૬૨૬, ૭૦૨૧૦૯૦૬૧૨, ૭૦૨૧૦૯૦૫૭૨, ૯૩૨૧૯૦૧૮૪૯, ૯૩૨૧૯૦૧૮૫૧, ૯૩૨૧૯૦૧૮૫૨, ૭૦૨૧૦૯૦૬૪૪, ૭૦૨૧૦૯૦૮૩૭, ૭૦૨૧૦૯૦૪૯૮ પર સંપર્ક કરી શકે છે.

# ૭-અમદાવાદ પૂર્વ સંસદીય મતદાર વિભાગના કંટ્રોલ રૂમનો ટેલિફોન નંબર-૦૭૯-૨૯૬૧૧૬૬૫ કાર્યરત કરાયો

। (માહિતી) અમદાવાદ, તા.૬ ।

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત તા.૭/૫/૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન વિધાનસભા મતવિભાગ કક્ષાએ નાગરિકો/ મતદારો / રાજકીય પક્ષો / ઉમેદવારો વગેરે દ્વારા મળતી ફરિયાદોનો ત્વરિત નિકાલ કરવાનો રહે છે. ચૂંટણી સબંધિત ફરિયાદના નિવારણ માટે ચૂંટણી અધિકારી, ૭-અમદાવાદ પૂર્વ સંસદીય મતદાર વિભાગ અને જિલ્લા વિકાસ અધિકારી, અમદાવાદ દ્વારા આ લોકસભા મતદાર વિભાગ માટે કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો છે અને તેના સંપર્ક કરવા માટે ટેલિફોન નંબર પણ જાહેર કરાયો છે. ૭-અમદાવાદ પૂર્વ સંસદીય મતદાર વિભાગના કંટ્રોલ રૂમનો ટેલિફોન નંબર- ૦૭૯-૨૯૬૧૧૬૬૫ છે, જેના ઉપર ચૂંટણી અધિકારીશ્રીનો સંપર્ક સાધી શકશે. ચૂંટણી સબંધિત કરિયાદ નિવારણ માટે આ કન્ટ્રોલ રૂમ અને ટેલિફોન નંબર રાઉન્ડ ધી કલોક કાર્યરત રહેશે, એવું નાયબ કલેકટરશ્રી, ચૂંટણી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સુરેન્દ્રનગરના દસાડા તાલુકામા ડમ્પરે લોડીંગ રીક્ષાને અડફેટે લેતાં રીક્ષા ચાલકનુ ઘટનાસ્થળે મોત

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૬ ।

બેફામ ચાલતા ડમ્પર ચાલકો અવારનવાર અકસ્માત સર્જે છે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામા વિસાવડી રોડ વિહત માતાના મંદિર પાસે ડમ્પરે લોડીંગ રીક્ષાને અડફેટે લેતાં રીક્ષા ચાલકનુ ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. વડગામમાં રહેતા પિતા અને પુત્ર લોડીંગ રિક્ષામાં લાકડા ભરી જઈ રહ્યા હતા ત્યારે પાછળથી બેફામ ડમ્પર ચાલકે ટક્કર મારતા રીક્ષા ફંગોળાઈ હતી અને રીક્ષા ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. સદનસીબે સગીરને કોઈ ઈજા પહોંચી ન હતી. ગંભીર ઈજાને પગલે ૩૧ વર્ષીય મુકેશ કરશનભાઈ રાવળ ( રહે. વડગામ,તા.દસાડા,જિ.સુરેદ્રનગર )નુ સગીર પુત્રની સામે જ કરુણ મોત નીપજ્યું હતુ.? અકસ્માત સર્જી અજાણ્યો ડમ્પરચાલક ફરાર થયો હતો. બનાવની જાણ થતા ઝીંઝુવાડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે પાટડી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો હતો અને ફરાર ડમ્પરચાલકને શોધવા માટે તજવીજ હાથ ધરી હતી.

# IRCTC ''માનસખંડ એક્સપ્રેસ - ભારત ગૌરવ'' 3AC ટ્રેન દ્વારા યાત્રા ચલાવી રહી છે



। અમદાવાદ તા.૬ ।

ભારતીય રેલવેની મિની રત્ન કંપની ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC) દ્વારા એક ભારત શ્રેષ્ઠ ભારત અને દેખો અપના દેશ અંતર્ગત અને ઉત્તરાખંડ ટુરીઝમ ડેવલપમેન્ટ બોર્ડના સહયોગથી દેવભૂમિ ઉત્તરાખંડ રાજ્યના અગ્રણી તીર્થસ્થાનો અને હેરિટેજ સ્થળોને આવરી લેતી ''માનસખંડ એક્સપ્રેસ - ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન'' નું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જે ૨૨.૦૫.૨૪ ના રોજ પુણે શહેરથી ઉત્તરાખંડ યાત્રા માટે રવાના થશે.

''માનસખંડ એક્સપ્રેસ - ભારત ગૌરવ'' 3AC પ્રવાસી ટ્રેન રહેશે. આ યાત્રા ૨૨ મે ૨૦૨૪ થી ૦૧ જૂન ૨૦૨૪ (૧૦ રાત્રિ / ૧૧ દિવસ) સુધીની રહેશે. આ યાત્રા દરમિયાન IRCTC ટનકપુર, પૂર્ણાગિરી, શારદા નદીનો ઘાટ, હાટ કાલિકા, પાતાળ ભુવનેશ્વર, ચંપાવત, લોહાઘાટ, ચૌકોરી, અલ્મોરા, નૈનિતાલ અને ભીમતાલની સૈર કરાવશે, IRCTC મુસાફરોને આરામદાયક મુસાફરી આપવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રવાસ માટે બે શ્રેણીઓ નક્કી કરવામાં આવી છે, જેમાં સ્ટાન્ડર્ડ ક્લાસ- માટે રૂ. ૨૮,૦૨૦/-, ડીલક્સ ક્લાસ - માટે રૂ. ૩૫,૩૪૦/- ના દરો નક્કી કરવામાં આવ્યા છે. આ પ્રવાસમાં IRCTC દ્વારા LTC સુવિધા પણ આપવામાં આવી રહી છે. ૨૨.૦૫.૨૪ ના રોજ ચાલનારી આ ટ્રેનમાં મુસાફરો પુણે, લોનાવાલા, કલ્યાણ, વસઈ, સુરત, વડોદરા, રતલામ, ઉજ્જૈન, સંત હીરદારમ નગર થી બેસી શકશે.

IRCTC દ્વારા શરૂ કરવામાં આવેલા આ ટૂર પૅકેજમાં સવારનો નાસ્તો, લંચ અને ડિનર ઑન બોર્ડ અને ઑફબોર્ડ નાસ્તો અને રાત્રિભોજન હોટેલ અથવા હોમસ્ટેમાં જ્યાં પેસેન્જર રોકાયા હોય અને બપોરનું ભોજન યોગ્ય જગ્યાએ રસ્તામાં જ હશે. ઘાટ રોડ સિવાય સ્ટાન્ડર્ડ પેકેજમાં નોન એસી ટ્રાન્સપોર્ટ અને ડીલક્સ પેકેજમાં એસી ટ્રાન્સપોર્ટ દ્વારા તમામ ટ્રાન્સફર અને જોવાલાયક સ્થળો માટે રહેશે. પ્રવાસની માહિતી માટે ટ્રેનમાં જાહેરાતની સુવિધા ઉપલબ્ધ છે, IRCTC ટુર મેનેજર જરૂરી સહાયતા માટે સમગ્ર પ્રવાસ દરમિયાન રહેશે. ટ્રેનના દરેક કોચમાં એસ્કોર્ટ અને સિક્યોરિટી ગાર્ડ પણ ઉપલબ્ધ રહેશે. આ પ્રવાસમાં મુસાફરો માટે મુસાફરી વીમો સામેલ છે.

આ ટ્રેનનું બુકિંગ શરૂ થઈ ગયું છે, રસ ધરાવતા પ્રવાસીઓ IRCTC વેબસાઈટ (irctc-tourism.com) પર અને અધિકૃત એજન્ટો પાસેથી પણ ઓનલાઈન બુકિંગ કરાવી શકે છે. આ અંગે વધુ માહિતી અને બુકિંગ માટે આઈ. આર.સી.ટી.સી. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત ઓફિસનો સંપર્ક કરી શકો છો. આ માટે મુસાફરો વોટ્સએપ અથવા ફોન નંબરઃ- ૭૦૨૧૦૯૦૬૨૬, ૭૦૨૧૦૯૦૬૧૨, ૭૦૨૧૦૯૦૬૪૪, ૯૩૨૧૯૦૧૮૪૯, ૯૩૨૧૯૦૧૮૫૧, ૯૩૨૧૯૦૧૮૫૨, ૭૦૨૧૦૯૦૫૭૨, ૭૦૨૧૦૯૦૮૩૭, ૭૦૨૧૦૯૦૪૯૮ પર સંપર્ક કરી શકે છે.

# વર્ષ ૨૦૨૪ની બાબા બર્ફાનીની પહેલી તસવીર અમરનાથ યાત્રા આ વર્ષે ૨૯ જૂનથી શરૂ થશે



। (એજન્સી) અમરનાથ, તા.૬ ।

પૌરાણિક કથાઓ અનુસાર, આ પવિત્ર ગુફામાં જ ભગવાન શિવે દેવી પાર્વતીને જીવન અને અનંતકાળનું રહસ્ય સંભળાવ્યું હતું. સાથે જ તેને ૫૧ શક્તિપીઠોમાંથી એક માનવામાં આવે છે. ભગવાન શિવ ના કરોડો ભક્તો દર વર્ષે આ પવિત્ર યાત્રા કરે છે.

આ વર્ષની અમરનાથ યાત્રા ૨૯ જૂનથી શરૂ થઈ રહી છે અને ૧૯ ઓગસ્ટ રક્ષાબંધન સુધી ચાલશે. લગભગ ૫૦ દિવસ સુધી ચાલનારી અમરનાથ યાત્રા માટે અત્યાર સુધીમાં ૧.૫ લાખથી વધુ શિવભક્તોએ રજીસ્ટ્રેશન કરાવી લીધું છે. અમરનાથ યાત્રા માટે રજીસ્ટ્રેશન ૧૫ એપ્રિલથી શરૂ થઈ ગયું છે. કોઈપણ ભક્ત જે આ યાત્રા પર જવા માંગે છે તે સત્તાવાર વેબસાઈટ https://jksasb.nic.in પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

વર્ષમાં માત્ર એક જ વખત થનારી આ પવિત્ર અમરનાથ યાત્રા બે રૂટથી થાય છે. પહેલો માર્ગ અનંતનાગ જિલ્લામાં પરંપરાગત ૪૮ કિમી લાંબા નુનવાન-પહલગામ માર્ગ દ્વારા છે અને બીજો માર્ગ ગાંદરબલ જિલ્લામાં ૧૪ કિમી ટૂંકા અને સાંકડા બાલટાલ માર્ગ દ્વારા છે. આ યાત્રાનું આયોજન જમ્મુ અને કાશ્મીર સરકાર અને શ્રી અમરનાથ જી શ્રાઈન બોર્ડના સંયુક્ત સહયોગથી કરવામાં આવે છે. પૌરાણિક કથાઓ અનુસાર, આ પવિત્ર ગુફામાં જ ભગવાન શિવે દેવી પાર્વતીને જીવન અને અનંતકાળનું રહસ્ય સંભળાવ્યું હતું. સાથે જ તેને ૫૧ શક્તિપીઠોમાંથી એક માનવામાં આવે છે. દર વર્ષે અહીં કોઈ ચોક્કસ જગ્યાએ પડતા પાણીના ટીપામાંથી શિવલિંગની રચના થાય છે. જેના દર્શન કરવા માટે દેશ અને દુનિયામાં થી કરોડો ભક્તો આ મુશ્કેલ યાત્રા કરીને બાબા અમરનાથ ની ગુફા સુધી પહોંચે છે અને તેમના દુર્લભ દર્શન કરે છે.

# પાટણમાં રાધનપુર હાઈવે પર ત્રિપલ અકસ્માત



। (એજન્સી) રાધનપુર, તા.૬ ।

પાટણમાં રાધનપુર હાઈવે પર પીપળી ગામ પાસે ત્રણ ટ્રેલરો અથડાતાં ટ્રેલરમાં ડ્રાઈવર અને કંડક્ટર ફસાઈ જતાં એકનું મોત નિપજ્યું છે અને એકને ગંભીર ઈજાઓ પહોંચી છે. રાધનપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. આ ત્રિપલ અકસ્માતની ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. આ ત્રિપલ અકસ્માતની મળતી માહિત મુજબ ત્રણ ટ્રેલરો અથડાતાં ટ્રેલરમાં ડ્રાઈવર અને કંડક્ટર ફસાઈ ગયા હતા. આ ઘટના સર્જાતા આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. લોકોએ ભારે જહેમત બાદ ત્રણ ટ્રેલરોને ક્રેન વડે છૂટા પાડ્યા હતા. આ ઘટનાની જાણ રાધનપુર પોલીસને કરવામાં આવી હતી. હાઈવે ઓથોરિટીની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતના નિવૃત મહિલા આંગણવાડી કાર્યકરો અને હેલ્પરો સરકારી લાભોથી વંચિત



। (એજન્સી) ગીર સોમનાથ, તા.૬ ।

ગીર સોમનાથનાં કોડીનાર ખાતે નિવૃત મહિલા આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોને સુપ્રીમ કોર્ટ ચુકાદામાં જણાવ્યા અનુસાર છ મહિનામાં તેઓને મળતા લાભો આપી દેવાની વાત કરી હતી જે આજ દિવસ સુધી ન મળતા ન મળતા આ નિવૃત મહિલાઓમાં આક્રોશ જોવા મળ્યો હતો. ભારતની સુપ્રીમ કોર્ટે ૬ મહિના પહેલા એવો ચુકાદો આપ્યો હતો કે ''નિવૃત આંગણવાડી મહિલા કાર્યકરો અને હેલ્પરોને ગ્રેચ્યુટી નો લાભ મળવો જોઈએ ''જે અનુસંધાને કેટલીક મહિલાઓને આ લાભ મળ્યો હતો જ્યારે કોડીનાર તાલુકા અને શહેરી વિભાગની ૮૦ જેટલી મહિલાઓને ગુજરાત સરકાર દ્વારા ગ્રેચ્યુટીથી વંચિત રાખવામાં આવી છે.

પોતાના અધિકાર માટે વારંવારની રજૂઆતો છતાં નિરાકરણ ન આવતા આખરે આ મહિલાઓ રણચંડી બની ઉગ્ર આક્રોશ સાથે આવેદન લઈને કોડીનાર મામલતદાર કચેરીએ પહોંચી હતી. જ્યાં મામલતદાર ચૂંટણીના કામે બહાર હોય મહિલાઓ દ્વારા સોમનાથ જિલ્લા કલેકટરને જાણ કરવામાં આવી હતી. કલેકટર દ્વારા કોડીનાર મામલતદારને સૂચના મળ્યા બાદ મામલતદાર કચેરીએ આવ્યા હતા. આ દરમિયાન આ ૮૦ આંગણવાડી નિવૃત મહિલા કર્મચારીઓ મામલતદાર કચેરી ખાતે ધરણા પર બેસી ને રામધૂન બોલતી હતી તેઓને શાંત પાડીને આવેદન સ્વીકાર્યું હતું. આ સાથે જ કલેકટરની વિશેષ સૂચનાથી આજે સવારે આઈસીડીએસનાં પ્રોગ્રામ ઓફિસર હીરાબેન રાજસાખા કોડીનાર આવ્યા હતા અને આ તમામ બહેનોને મળી જણાવ્યું હતું કે હાલ આચાર સંહિતા અમલમાં હોય ચૂંટણી પુરી થયા બાદ સરકારમાં રજુઆત કરવામાં આવશે અને ચૂંટણી બાદ ૯૦ દિવસમાં આપ સૌની ન્યાયિક અને યોગ્ય માગણી પૂર્ણ કરવામાં આવશે. તેમની આ પ્રકારની લેખિત ખાત્રી આપ્યા બાદ તમામ બહેનોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.તથા આગામી તારીખ ૭ ના રોજ ઉત્સાહપૂર્વક મતદાન કરશે તેવી વળતી ખાત્રી પણ આપી હતી. સરકારી તંત્ર દ્વારા હાલ તો આ સમસ્યાને ચૂંટણી પછી ટાળી દેવામાં આવી છે પરંતુ હવે જોવાનું એ રહ્યું કે ચૂંટણી પછી ૯૦ દિવસનો જે વાયદો આપવામાં આવ્યો છે.

# અમદાવાદમાં અસામાજિક તત્વો ફરી થયા સક્રિય, યુવક પર જીવલેણ હુમલો કરી નાક કાપી નાખ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ શહેરમાં અસામાજિક તત્વો ફરી સક્રિય થયા હોય અને શનતી ધોળવાનો પ્રયાસ કર્યો હોય તેવો એક કિસ્સો બન્યો છે, અમદાવાદ શહેરના સોલા અને બોપલ વિસ્તારમાં રહેતા બે યુવકો કાર લઈને ચાંદલોડિયા દુર્ગા વિદ્યાલય પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કેટલાંક માથાભારે તત્વોએ લૂંટના ઈરાદે કારને રોકીને બંને યુવકોને માર મારી છરીથી નાક વાઢી નાખ્યું હતું. યુવક ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલ સારવાર અર્થે ખસેડી સોલા પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરમાં સોલામાં આવેલા ફોરમ બંગ્લોઝમાં રહેતા ૨૧ વર્ષીય પ્રયાગ પટેલ અને મિત્ર દેવ રાઠોડ રાત્રિએ રાણીપમાં મિત્રનો જન્મ દિવસ ઉઝવી પરત ફરી રહ્યા હતા. દરમિયાન દુર્ગા વિદ્યાલય પાસે રસ્તામાં છ યુવકો બાઈક પર સવાર બે યુવકોને હેરાન કરી રહ્યા હતા. આ સમયે કારને જોતાં જ યુવકો કારમાં સવાર પ્રયાગ અને દેવને ઉતારી ઢોર માર માર્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારે સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. દરેક વસ્તુ પર પ્રેમ બતાવવો તે યોગ્ય નથી, આના થી તમારા સંબંધો સુધારવા ને બદલે બગડી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે.

**કર્ક (ડ,હ) :**

આજે અન્ય લોકો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**સિંહ (મ,ટ) :**

આજે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે-એના કરતાં તમારે મગજ શાંત રાખી તમારી લાગણીઓ તમારા પ્રેમી કે પ્રેમિકાને જણાવવી જોઈએ.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે આનંદથી ભરેલો સારો દિવસ છે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે. કામના સ્થળે તમારી સફળતના માર્ગમાં જેઓ અંતરાય બની રહ્યા હતા.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમયમાં તે તમારા કામ આવી શકે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામમાં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો। બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો.

**ધન (ભ,ધ,ફ) :**

તમારા બળપણની યાદગીરીઓ આજે તમને વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું.

**મકર (ખ,જ) :**

આજે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારા ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો.

# દુનિયામાં એક અનોખો ટાપુ જ્યાં ઝેરી સાપનું રાજ છે

**વિષુવવૃત્તની નજીક સ્થિત હોવાને કારણે અહીં ગાઢ જંગલો અને ઘણાં પ્રાણીઓ જોવા મળે છે, જેમાંથી સાપ સૌથી વધુ છે**



જો તમને લાગે કે દુનિયાના સૌથી ખતરનાક સાપ ફક્ત ભારતમાં જ જોવા મળે છે તો એવું નથી. વાસ્તવિકતા એ છે કે, દુનિયામાં ઘણા એવા જંગલો છે જ્યાં સાપ મોટી સંખ્યામાં જોવા મળે છે. પરંતુ શું તમે જાણો છો કે દુનિયામાં માત્ર એક જ આખો ટાપુ છે જ્યાં સાપનું રાજ છે. આ ઉપરાંત આ ટાપુ પર જવાની હિંમત કોઈ મનુષ્ય કરી શકતો નથી. અહીં જે પણ જાય છે તેને સાપ મારી નાખે છે. **Ilha da Quenamada** નામનો આ ટાપુ બ્રાઝિલની નજીક છે. ઈલ્હા દા ક્વેનામાડા વિશ્વમાં સાપના ટાપુ તરીકે ઓળખાય છે. તે બ્રાઝિલના સાઓ પાઉલોના દરિયાકિનારાથી ૩૩ કિલોમીટરના અંતરે સ્થિત છે, જે ચાર લાખ ૩૦ હજાર ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો છે. વિષુવવૃત્તની નજીક સ્થિત હોવાને કારણે અહીં ગાઢ જંગલો અને ઘણાં પ્રાણીઓ જોવા મળે છે, જેમાંથી સાપ સૌથી વધુ છે. ઈલ્હા દા ક્વેનામાડામાં સાપની ઘણી પ્રજાતિઓ રહે છે. આમાં ગોલ્ટન લાન્સહેડ વાઈપર નામની લુપ્તપ્રાય પ્રજાતિનો પણ સમાવેશ થાય છે. તેને વિશ્વના સૌથી ઝેરી સાપ માનવામાં આવે છે. તેની લંબાઈ લગભગ ૪૬ ઈંચ છે અને તેનો રંગ પીળો અને ભૂરો છે. ૨૦૧૫ના આંકલન મુજબ અહીં લગભગ બેથી ચાર હજાર સાપ છે. અહીં દર ૭૫ ચોરસ મીટરમાં એક સાપ જોવા મળે છે. ઘણાં લોકો એવો પણ દાવો કરે છે કે, અહીં દર કિલોમીટરે પાંચ સાપ રહે છે. સાપ વિશે લોકોમાં ઘણી વાતો ફરે છે, જેમાં એવું કહેવામાં આવે છે કે જે કોઈ પણ આ ટાપુ પર ગયો પછી ભલે તે માછીમાર હોય કે કેળાની શોધમાં હોય કે પછી કોઈ અન્ય, અહીં આવ્યા પછી ચોક્કસ મૃત્યુ પામે છે. ગોલ્ડન લેન્સહેડ વાઈપર દ્વારા માણસો મર્યા ગયા હોવાના સત્તાવાર અહેવાલ ક્યારેય મળ્યા નથી. માનવીઓ પર આ સાપના ઝેરની અસરોનું ક્યારેય પરીક્ષણ કરવામાં આવ્યું નથી, પરંતુ એવું જોવામાં આવ્યું છે કે, ઉત્તર અથવા દક્ષિણ અમેરિકાના અન્ય સાપ કરતાં અન્ય લેન્સહેડ સાપ વધુ માનવ મૃત્યુ માટે જવાબદાર છે. લેન્સહેડ સાપના ડંખથી મૃત્યુની સંભાવના સાત ટકા છે. સારવાર બાદ પણ મૃત્યુની શક્યતા માત્ર ત્રણ ટકા હોવાનું કહેવાય છે. મૃત્યુના કારણોમાં સામાન્ય રીતે આંતરડામાંથી રક્તસ્રાવ, કિડનીની નિષ્ફળતા, મગજનું હેમરેજ અને સ્નાયુ પેશીઓનું ગંભીર નેક્રોસિસ છે.

# પહેલા ગાડીના ટાયર કાળા નહી પણ સફેદ હતા

**૧૮મી સદીના અંતમાં, કંપનીઓને અહેસાસ થવા લાગ્યો કે તેઓને સફેદ ટાયરનો વિકલ્પ શોધવાની જરૂર છે કારણ કે તે ખૂબ જ ઝડપથી ખાઈ જાય છે**



આજે સામાન્ય રીતે રોડ પર દોડતા વાહનો પર કાળા ટાયર જ જોવા મળે છે. સંભવ છે કે ૧૦ માંથી ૧૦ વાહનોના ટાયર કાળા દેખાય. પરંતુ હંમેશાથી આવું નહતું. એક સમય હતો જ્યારે ટાયર કાળા નહીં સફેદ હતાં. આ શરુઆતી કારના સમયની વાત છે. એવું કેમ હતું અને આખરે તેનો રંગ કેમ બદલવામાં આવ્યો? આ એક રસપ્રદ વાત છે. પહેલા પૈડા લાકડાના બનેલા હતા. લાકડાનું પૈડું લોખંડની પરત ચઢાવવામાં આવતી હતી. ૧૯મી સદીના મધ્યમાં રબરનો ઉપયોગ થવા લાગ્યો. ત્યારબાદ લોખંડની જગ્યા રબરના જ ટાયરનો ઉપયોગ થવા લાગ્યો. રબરના ટાયર બનાવવાનું શુ થયું અને પછી ધીમે-ધીમે તેમાં બદલાવની સાથે તેને બહેતર કરવામાં આવ્યું. ૧૮૪૫માં પહેલીવાર હવાથી ભરેલા ઈન્ફ્લેટેબલ ટાયર રજૂ કરવામાં આવ્યા હત, પરંતુ લોકોએ તેનો ઉપયોગ કર્યો નહીં અને ખત્મ થઈ ગયા. ૧૮૮૮માં, તેઓ ફરી એકવાર બજારમાં લાવવામાં આવ્યા અને આ વખતે લોકોએ તેમને સ્વીકારી લીધા. આવું કેમ થયું તે એક અલગ કહાની છે. પહેલા ટાયરનો રંગ સફેદ હતો. રબર સફેદ અથવા હલ્કો પીળો-સફેદ હતો, તેથી ટાયર પણ સમાન રંગના બનેલા હતા. આ સાથે, તેને મજબૂત કરવા અને તેની પકડ વધારવા માટે રબરમાં ઝિંક ઓક્સાઈડ ઉમેરવામાં આવ્યું હતું. જેના કારણે ટાયર સાવ સફેદ થઈ જતા હતાં. પરંતુ આ ટાયરમાં સમસ્યા હતી, તે ઝડપથી બગડી જતા અને તે ટકાઉ નહતાં. ૨૦મી શતાબ્દીની શરુઆતમાં આ સમસ્યાનું નિરાકરણ મળી ગયું હતું. ૧૮મી સદીના અંતમાં, કંપનીઓને અહેસાસ થવા લાગ્યો કે તેઓને સફેદ ટાયરનો વિકલ્પ શોધવાની જરૂર છે કારણ કે તે ખૂબ જ ઝડપથી ખાઈ જાય છે. ૧૯મી સદીના અંત સુધીમાં તેનું ઓપ્શન મળ્યું. કાર નિર્માતા કંપની વેબસાઈટ અનુસાર, ખાલી રબરની જગ્યાએ રબરને સૂટ સાથે મિક્સ કરવામાં આવતાં. તેમાં મોટાભાગની માત્રા કારબ્નની હતી તેથી ટાયર કાળા થવા લાગ્યા. ત્યારબાદ સૂટની જગ્યાએ કાર્બન બ્લેકને મિશ્રણમાં કરવા લાગ્યું. તેનાથી ટાયરનો રંગ તો કાળો જ રહ્યો, સાથે જ ટાયરોના ઘસારાની પ્રતિરોધક ક્ષમતા પણ વધારવામાં આવી. એવું માનવામાં આવતું હતું કે પહેલાં જ્યાં ફક્ત રબરવાળા ટાયર ૫૦૦૦ કિમી ચાલતાં હતાં. નવા ટાયર ૧૫૦૦૦ કિમી ઉપર ચાલવા લાગ્યાં. નોંધનીય છે કે ૧૯૨૦-૩૦ના દાયકામાં કંપનીઓએ પોતાની જાતને અલગ પાડવા માટે સફેદ દિવાલના ટાયર બનાવ્યા હતા. જેમાં, જમીનના સંપર્કમાં આવેલો ભાગ કાળો હતો જ્યારે બાજુથી દેખાતો ભાગ સફેદ હતો. જોકે, આ ટાયરની ફેશન લાંબો સમય ટકી શકી નહીં.

# વર્ષોથી દુનિયા ફરે છે કપલ, એમાંથી જ પૈસા પણ કમાય

**માર્કો અગાઉ શિકાગોમાં એક્સેન્ચરમાં કામ કરતો હતો, દરમિયાન, ફ્રાન આર્જેન્ટિનામાં ઇન્ટર્નશિપ કરી રહી હતી**



આપણામાંથી મોટા ભાગના લોકો દિવસ-રાત વર્લ્ડ ટ્રાવેલ એટલે કે દુનિયા ફરવા વિશે વિચારતા રહે છે. પરંતુ, દર વખતે તેઓ પૈસા અને રજાઓ વિશે વિચારીને તેમનું સ્વપ્ન છોડી દે છે. સખત પ્રયાસ કરવા છતાં, રજાઓ દરમિયાન ફક્ત આસપાસના સ્થળો જ જોઈ શકીએ છીએ. પરંતુ, અહીં અમે તમને એક એવા કપલ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે ટ્રાવેલિંગના આ શોખને ચાલુ રાખવા માટે એક અદ્ભુત આઈડિયા લઈને આવ્યા હતા. આ આઈડિયા એટલો સારો ચાલ્યો કે તે લગભગ ૫ વર્ષથી દુનિયાના અલગ-અલગ સ્થળોએ ફરે છે અને પૈસા પણ કમાઈ રહ્યા છે. આટલું જ નહીં, તેમને હોટેલમાં રહેવા માટે પૈસા ચૂકવવાના નથી અને ટિકિટ માટે પણ ખર્ચ કરવો પડતો નથી. ખરેખર તો આ અદ્ભુત વિચાર માર્કો અને ફ્રાનનો છે. બંનેને મુસાફરી કરવી ખૂબ ગમે છે. માર્કો અગાઉ શિકાગોમાં એક્સેન્ચરમાં કામ કરતો હતો. દરમિયાન, ફ્રાન આર્જેન્ટિનામાં ઈન્ટર્નશિપ કરી રહી હતી. એકવાર વર્ષ ૨૦૧૬માં બંને એક ટ્રિપ દરમિયાન મળ્યા હતા. આ પછી બંને એકબીજાને પસંદ કરવા લાગ્યા અને લગભગ એક વર્ષ સુધી લોન્ગ ડિસ્ટન્સ રિલેશનશિપમાં રહ્યા. આ સમય દરમિયાન, અન્ય લોકો ડેટ પર જવા માટે કેફે અથવા રેસ્ટોરન્ટ પસંદ કરે છે. પણ આ કપળે તો ડેટ પર જવા માટે જુદા જુદા દેશો પસંદ કરવાનું પસંદ કર્યું. આ સમયગાળા દરમિયાન, બંનેએ ભારત, થાઈલેન્ડ, બ્રાઝિલ અને આર્જેન્ટિના જેવા દેશોમાં એકબીજાને ડેટ કર્યા હતા. એક વર્ષ સુધી લોન્ગ ડિસ્ટન્સ રિલેશનશિપમાં રહ્યા બાદ આ કપલે ટ્રાવેલિંગના આ શોખને જ પોતાની લાઈફ સ્ટાઈલ બનાવવાનું નક્કી કર્યું. આ અંગે બંનેએ યોગ્ય આયોજન કર્યું અને વર્ષ ૨૦૧૮માં તેઓ નોકરી છોડીને દુનિયાની મુસાફરી કરવા નીકળ્યા. શરૂઆતમાં આ કપલ લાઈફ કોચિંગ બિઝનેસ શરૂ કરવા ઈચ્છતું હતું. પરંતુ, દર થોડાક દિવસે હોટલ બદલાવાને કારણે તે પોતાનો બિઝનેસ શરૂ થઈ શક્યો ન હતો. તેઓ સ્થિરતા ઈચ્છતા હતા. આ ઉપરાંત હોટેલ અને ફ્લાઈટનો ખર્ચ પણ બચાવવો પડે એમ હતો.

### લોકો ચોકલેટ ટ્રેન થયા દિવાના

# શું તમે જોઈ છે ક્યારેય ચોકલેટ ટ્રેન? સવારી તો નહીં કરી શકો





તમે ઘણી ટ્રેનો જોઈ હશે, પરંતુ આજે અમે તમને જે ટ્રેન વિશે જણાવવા જઈ રહ્યા છીએ, તેને તમે કોઈ રેલ્વે સ્ટેશન પર નહીં જોઈ હોય. જી હાં, અમે તમને બતાવવા જઈ રહ્યા છીએ ચોકલેટ ટ્રેન. ફ્રેન્ચ-સ્વિસ શેફ અમૉરી ગુઈચોને આ ખાસ ટ્રેન બનાવી છે. આ શેફ ઈન્સ્ટાગ્રામ પર ચોકલેટમાંથી સમાન વસ્તુઓ બનાવવા માટે ઈન્સ્ટાગ્રામ પર ખૂબ પ્રખ્યાત છે. તેમની ફૂડ આર્ટ તેની કળાની સાથે સાથે પરફેક્શન માટે પણ ફેમસ છે. તેની તાજા ક્લિપમાં શેફે જણાવ્યું કે તેણે કયાં પ્રકારની ચોકલેટ બનાવી છે. સૌ પ્રથમ શેફએ એન્જિનનો આકાર બનાવ્યો છે. ત્યારબાદ સિલિંડ્રિકલ પાર્ટ્સને તૈયાર કરવામાં આવે છે. ત્યારબાદ તે એન્જિનના ફ્રન્ટને ઢાંકે છે અને ચોકલેટથી પહેલાં પૈડા બનાવે છે. ત્યારબાદ આ તમામ શેપ્સને ફાઈનલ ટચ આપવામાં આવે છે. ટ્રેનમાં ચઢવા માટે નાનકડી સીઢી અને બીજું ડેકોરેશનની વસ્તુ પણ લગાવવામાં આવે છે. જો તમે વિચારી રહ્યા છો કે હવે ટ્રેન કમ્પ્લિટ થઈ ગઈ છે તો થોભી જાવ. હજું તો ટ્રેનને કલર કરવાનું બાકી છે. તેના માટે પણ ખાસ એડિબલ કલર્સન ઉપયોગ કરવામાં આવે છે. ટ્રેનને કાળા, લાલ અને સોનેરી રંગોથી સજાવ્યા બાદ તે ખૂબ જ સુંદર લાગી રહી છે. પણ વાત અહીં પૂરી નથી થતી. તેને બિલકુલ ચાલતી-ફરતી ટ્રેન જેવું બતાવવા માટે તેના ટૉપ પર ખાસ રીતે ધુમાડો નીકાળવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારબાદ એક સોનેરી રંગની ઘંટડી ઉમેરીને વિન્ટેજ ટ્રેન તરીકે પૂર્ણ કરવામાં આવે છે. આ રીલને ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કરવામાં આવી ત્યારથી ૧૦ મિલિયનથી વધારે લોકો જોઈ ચુક્યા છે. આ સિવાય ૬૬૨ હજાર લોકોએ લાઈક પણ કરી છે.

# નિશ્ચિત માત્રાથી વધુ સોનું હોય તો તમારે તેના પૂરતાં કાગળિયા દર્શાવવા ફરજીયાત

**આ સવાલ હાલ ખૂબ ચર્ચામાં છે કારણ કે ઘણી જગ્યાઓ પર ઇનકમ ટેક્સ વિભાગ દ્વારા દરોડા પાડવાની ઘટનાઓ સામે આવી હતી**



ભારતીય સમાજમાં સદીઓથી સોનાને ખાસ મહત્વ આપવામાં આવે છે. આજે પણ દરેક ભારતીય માટે સોનું રોકાણનો એક સારો ઓપ્શન હોવાની સાથે સંપન્નતાની નિશાની પણ છે. ભારતીય મહિલાઓનો સોનાના આભૂષણો પ્રત્યેનો પ્રેમ કોઈનાથી છૂપો નથી. ઘણા લોકોને અહીં સવાલ થતો હશે કે શું એવો કોઇ નિયમ છે કે ઘરમાં એક લિમિટથી વધારે સોનું ન રાખી શકાય? તો તેનો સીધો અને સરળ જવાબ છે - ના ઘરમાં ગોલ્ડ રાખવા પર સરકારે કોઈ લિમિટ સેટ કરી નથી. આ સવાલ હાલ ખૂબ ચર્ચામાં છે કારણ કે ઘણી જગ્યાઓ પર ઈનકમ ટેક્સ વિભાગ દ્વારા દરોડા પાડવાની ઘટનાઓ સામે આવી હતી. આ દરમિયાન ઈનકમ ટેક્સ વિભાગે ઘરમાં મળેલા ઘરેણાં સહિત બધુ જ જપ્ત કરી લીધું હતું. ઘણા કિસ્સાઓમાં મહિલાઓએ પહેરેલા આભૂષણો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. જેને લઈને ટેક્સ પેયર્સ અને ટેક્સ વિભાગ વચ્ચે ઘણી વખત તણાવની સ્થિત પણ ઊભી થતી હતી. આ સમસ્યાના ઉકેલ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ એ એક પરિપત્ર બહાર પાડ્યો હતો. આ પરિપત્રમાં કહેવામાં આવ્યું હતું કે કોઈપણ દરોડામાં એક લિમિટ સુધી સોનું જપ્ત કરવામાં આવશે નહીં. ટેક્સ અને ઈન્વેસ્ટમેન્ટ એક્સપર્ટ બલવંત જૈનના જણાવ્યા અનુસાર, જો આ લિમિટમાં તમારી પાસે સોનું છે તો તેના દસ્તાવેજ ન હોવા પર પણ જપ્ત કરવામં આવતું નથી જ્યારે તેનાથી વધારે સોનું છે તો તમારી પાસે તેના યોગ્ય દસ્તાવેજ હોવા જોઈએ. જો બધું બરાબર હશે તો જપ્ત થશે નહીં. પરિણીત મહિલા પાસે ૫૦૦ ગ્રામ સોનું, અવિવાહિત મહિલા પાસે ૨૫૦ ગ્રામ સોનું અને પુરુષ પાસે ૧૦૦ ગ્રામ સોનું હોઈ શકે છે. જો તમારી પાસે દરોડા દરમિયાન એટલા સોનાંના દસ્તાવેજો ન હોય તો પણ તેને જપ્ત કરી શકાય નહીં. નોંધનીય છે કે, આ માત્ર આભૂષણો વિશે છે. **CBDT**ના પરિપત્રમાં સોનાના બિસ્કિટ અને ઈંટોનો કોઈ ઉલ્લેખ નથી. બળવંત જૈનના જણાવ્યા અનુસાર, ગોલ્ડ કંટ્રોલ એક્ટ ૧૯૬૮ હેઠળ ઘરમાં સોનું રાખવા પર મર્યાદા લગાવવામાં આવી હતી પરંતુ ૧૯૯૦માં તેને દૂર કરવામાં આવી હતી. ૧૯૯૪માં **CBDT**એ એક પરિપત્ર બહાર પાડીને તેના અધિકારીઓને ઉપરોક્ત મર્યાદા સુધી સોનાના દાગીના જપ્ત ન કરવાનો નિર્દેશ આપ્યો હતો. કરદાતાઓ અને આવકવેરા અધિકારીઓ વચ્ચે ઉભી થતી તણાવની સ્થિતિને ઘટાડવા માટે આ પગલું લેવામાં આવ્યું હતું. જો કે, જ્યારે ટેક્સ પેયર્સને તપાસ દરમિયાન વિભાગ સમક્ષ હાજર થવાનું કહેવામાં આવે છે, ત્યારે તેઓએ આટલા સોનાથી સંબંધિત સાચા દસ્તાવેજો બતાવવાના રહેશે. જો કોઈ વ્યક્તિને દાદા-દાદી અથવા પૂર્વજો પાસેથી સોનાના દાગીના વારસામાં મળ્યા હોય, તો પણ આ જ નિયમ લાગુ પડશે. તેઓએ તે સોનાના દસ્તાવેજો બતાવવાના રહેશે.

# દુનિયાનું સૌથી અનોખું ચાર પાંખોવાળું પક્ષી

**આ પક્ષીનું નામ છે સ્ટાન્ડર્ડ-વિંગ્ડ નાઈટઝર, જે વિશ્વનું સૌથી અનોખું પક્ષી માનવામાં આવે છે, તેની પાછળનું કારણ તેની અનોખી પાંખો છે**



પ્રકૃતિમાં હાજર દરેક જીવ તેની ક્ષમતા અને ગુણોને કારણે અન્ય જીવોથી અલગ દેખાય છે. હાલમાં જ, આવા જ એક જીવનો એક વીડિયો ઈન્ટરનેટ પર લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે, જેને જોઈને તમે પણ ચોંકી જશો. આ પક્ષીનું નામ છે સ્ટાન્ડર્ડ-વિંગ્ડ નાઈટઝર, જે વિશ્વનું સૌથી અનોખું પક્ષી માનવામાં આવે છે. તેની પાછળનું કારણ તેની અનોખી પાંખો છે. વિડીયોમાં જુઓ આ પક્ષીના પીછાઓની વિશેષતા. રિપોર્ટ અનુસાર, આ એક નિશાચર પક્ષી છે, જે ઘુવડની જેમ દિવસે સુવે છે. સ્ટાન્ડર્ડ-વિંગ્ડ નાઈટઝર પક્ષી પંતગે અને ભૃંગ જેવી જંતુઓને ખાવાનું પસંદ કરે છે. આ પક્ષીને બે અનોખા મોટા પીછાં છે, જે તેને અન્ય પક્ષીઓથી અલગ બનાવે છે. જ્યારે આ પક્ષીઓ ઉડે છે, ત્યારે તેઓ હવામાં તેમની પાંખો ઊભી ઉભી કરે છે, આ સમય દરમિયાન તેમની પાંખોની સુંદરતા જોવા લાયક હોય છે. આ પક્ષીની નવાઈની વાત એ છે કે તે માળો નથી બનાવતો, પરંતુ પોતાના ઈંડા જમીન પર મૂકે છે. સ્નાન્ડર્ડ-વિંગ્ડ નાઈટઝર પક્ષીનું સાઈન્ટિફિક નામ કૈપ્રિમુલગસ લૉન્ગિપેનિસ છે, જેના વિશે ખૂબ જ ઓછા લોકો જાણે છે. આ અનોખા પક્ષીનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવ્યો છે. માત્ર ૧૫ સેકન્ડના આ વીડિયોમાં પક્ષી જે રીતે ઉડે છે તે જોઈને તમે પણ ચોંકી જશો. વીડિયોમાં જોઈ શકાય છે કે નાની પાંખોની સાથે તેને બે મોટી પાંખો પણ છે. આ જ કારણ છે કે આ પક્ષીનો વીડિયો ખૂબ જ જોવામાં આવી રહ્યો છે અને પસંદ કરવામાં આવી રહ્યો છે. તમારી જાણકારી માટે જણાવી દઈએ કે આ પક્ષીઓ જંગલો અને ખુલ્લા મેદાનોમાં જોવા મળે છે.

# પ્લાસ્ટિકમાંથી નહીં, પરંતુ ગાયના આંતરડામાંથી બને છે ટેનિસ રેકેટ?

**રેકેટના આ તાર ગાયના આંતરડામાંથી બનાવવામાં આવે છે, તેને બનાવવા માટે ગાયના આંતરડામાં હાજર સરોસ નામની પટલને કાઢીને સૂકવવામાં આવે છે**



ઠંડીની મોસમ શરૂ થઈ ગઈ છે. ભારતમાં આ સિઝનમાં એક રમતની લોકપ્રિયતા નોંધપાત્ર રીતે વધી રહી છે. લોકો સાંજે ઘરની બહાર ટેનિસ રમતા જોવા મળે છે. રમત ગમે તે હોય, તે માનવ શરીર માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. અનેક લોકો ટેનિસ રમવાનું પસંદ કરે છે, પરંતુ હાલમાં જ આ ગેમ સાથે જોડાયેલી એક હકીકત સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી હતી, જેણે બધાને ચોંકાવી દીધા હતા. જો તમે પણ ટેનિસ રમો છો, તો તમારી પાસે પણ રેકેટ હશે. આજ સુધી ઘણા લોકો માનતા હતા કે, આ રેકેટના તાર પ્લાસ્ટિકના બનેલા છે. જો તમે પણ આ લોકોમાં સામેલ છો તો અમે જણાવી દઈએ કે, એવું નથી. આ રેકેટના તાર પ્લાસ્ટિકમાંથી નહીં, પણ ગાયના આંતરડામાંથી બનાવવામાં આવે છે.

ટેનિસ રેકેટના આ તાર ગાયના આંતરડામાંથી બનાવવામાં આવે છે. તેને બનાવવા માટે ગાયના આંતરડામાં હાજર સરોસ નામની પટલને કાઢીને સૂકવવામાં આવે છે. આ પટલમાં કોલેજન હોય છે જે આંતરડાને ખેંચવામાં મદદ કરે છે. આ સ્થિતિસ્થાપકતા ટેનિસ રેકેટને બાઉન્સ આપવામાં મદદ કરે છે. વિશ્વના મોટા ભાગના ટોચના ટેનિસ ખેલાડીઓ ગાયના આંતરડામાંથી બનેલા ટેનિસ રેકેટનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. ટેનિસ રેકેટના ઈતિહાસની વાત કરીએ તો, તે પહેલીવાર ૧૮૭૫માં ઘેટાંના આંતરડામાંથી બનાવવામાં આવ્યું હતું, પરંતુ ૧૯૬૦ પછી તેમાં ગાયના આંતરડાના તારનો ઉપયોગ થવા લાગ્યો હતો. જાણીને નવાઈ લાગશે કે, એક રેકેટના તાર બનાવવા માટે બે ગાયના આંતરડાનો ઉપયોગ કરવામાં આવે છે. કેટલાક ટેનિસમાં કૃત્રિમ તારનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ ખેલાડીઓ આંતરડાના તારથી બનેલા રેકેટને પસંદ કરે છે. તેમના મતે આ રમતને વધુ આરામદાયક બનાવે છે.

### સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી મતદાન યોજાશે

# ૨૫ લોકસભા અને ૫ વિધાનસભાની પાંચ બેઠક પર આજે મતદાન યોજાશે

। (એજન્સી) ગાધીનગર, તા.૬ ।

ગુજરાતની લોકસભાની ૨૫ અને વિધાનસભાની પાંચ બેઠક માટે ગઈકાલે ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થયા હતા. ૭ મેના રોજ સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી મતદાન યોજાશે. ગુજરાત રાજ્યની ૨૫ લોકસભા બેઠક પર ૪,૯૭,૬૮,૬૮૭ મતદારો નોંધાયેલા છે, જે મતદાન કરીને લોકસભાના ૨૬૬ અને વિધાનસભાના ૨૫ ઉમેદવારોનું ભાવે નક્કી કરશે. આખરી મતદાર યાદીમાં ૧૮ થી ૧૯ વર્ષની ધરાવતા ૧૨,૨૦,૪૩૮ મતદારો પ્રથમ વખત મતદાન કરશે. આવતીકાલે રાજયના ૪૯,૧૪૦ મતદાન મથકો ખાતે મતદાન યોજાશે. આ મતદાન પૂર્વે રાજકીય પક્ષો દ્વારા છેલ્લી ઘડીના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. ગત ૦૫ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં કુલ ૪,૯૪,૪૯,૪૬૯ મતદારો નોંધાયેલા હતા. ત્યારબાદ ૦૯ એપ્રિલ, ૨૦૨૪ સુધી મતદાર તરીકે નોંધણી માટે મળેલી અરજીઓ પૈકી ૩,૧૯,૨૦૯ મતદારોનો પુરવણી મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં ૨,૫૬,૧૬,૫૪૦ પુરૂષ, ૨,૪૧,૫૦,૬૦૩ સ્ત્રી અને અન્યના ૧,૫૩૪ મળી કુલ ૪,૯૭,૬૮,૬૭૭ મતદારોનો સમાવેશ થાય છે. રાજ્યમાં યોજાનાર ચૂંટણીમાં યુવાઓ મોટા પ્રમાણમાં મતદાનમાં ભાગ લેશે. આ વર્ષે ગુજરાતમાં ૧૮થી ૨૯ વય જૂથનાં કુલ ૧,૧૬,૦૬,૧૮૮ યુવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ૮૫ વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ મતદારોની કુલ સંખ્યા ૪,૧૯,૫૮૪ છે.

રાજ્યમાં ૧૦,૦૩૬ મતદારો શતાયુ એટલે કે ૧૦૦ વર્ષ કે તેનાથી વધુ વયના છે. ૩,૭૫,૬૭૩ મતદારોને દિવ્યાંગ મતદાર તરીકે ચિન્હિત કરવામાં આવ્યા છે. રાજ્યમાં મતદાતાની સંખ્યાના આધારે સૌથી મોટી લોકસભા બેઠક નવસારી છે, જેમાં ૨૨,૨૩,૫૫૦ મતદારો છે, જ્યારે ભરૂચ લોકસભા બેઠકમાં સૌથી ઓછા ૧૭,૨૩,૩૫૩ મતદારો છે. રાજ્યમાં કુલ ૨૭,૫૫૫ સેવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. આ સાથે જ વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબંધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માં હરીફ ઉમેદવારની કુલ સંખ્યા ૨૬૬ થઈ છે. જે પૈકી ૨૪૭ પુરુષ ઉમેદવારો, ૧૯ સ્ત્રી ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં ૨૪-સુરત લોકસભા મતવિભાગના ઉમેદવાર બિન હરીફ જાહેર થયા છે, જ્યારે પાંચ વિધાનસભા પેટા ચૂંટણીમા આખરી ઉમેદવારની સંખ્યા ૨૪ છે. લોકસભાની સામાન્ય ચૂંટણીમાં તમામ વર્ગના મતદારોની સહભાગિતા વધે અને વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે જાગૃતિ કેળવવા રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત પ્રથમ વખત મતદાન કરનાર મતદારો માટે કોલેજમાં મતદાન જાગૃતિના કેમ્પ તથા કેમ્પસએમ્બેસેડર્સનીનિમણૂંક,મહિલામતદાન જાગૃતિ માટે આંગણવાડી ખાતે બેઠક, ઈન્ડસ્ટ્રીઝમાં વોટર અવેરનેસ ફોરમ દ્વારા મતદાર જાગૃતિ અને સવેતન રજા અંગેની બેઠક, જિલ્લા અને રાજ્ય કક્ષાએ મતદાન જાગૃતિ માટે સોશિયલ મીડિયા દ્વારા મતદાન જાગૃતિ માટે ઈન્ફ્લુઅન્સર્સ તેમજ આઈકન્સ સાથે સહભાગિતા, સોસાયટી મિટિંગ્સ સહિતની પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. આવતીકાલે રાજ્યની ૨૫ લોકસભા બેઠક અને પાંચ વિધાનસભા બેઠકો માટે મતદાન યોજાશે જેમાં ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. કુલ ૨૫ સંસદીય મતવિભાગોમાં કુલ પૈકી ૪૯૧૪૦ મતદાન મથક પર મતદાન યોજાશે. ગુજરાત રાજ્યના ચૂંટણી પંચો દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, શહેરી વિસ્તારમાં ૧૭,૨૭૫ ગ્રામીણ વિસ્તારમાં ૩૩,૫૧૩ કુલ ૫૦,૭૭૮ મતદાન મથકો પર મતદાન યોજાશે. જેમાં ૧૨૨૫ મતદાન મથકો મહિલા સંચાલિત છે, ૧૭૫ મોડલ મતદાન મથક કોષો અને ૨૪,૮૯૩ મતદાન મથકો પરથી વેબ કાસ્ટિંગ કરવામાં આવશે.

### મતદાન અવશ્ય કરજો : સી.આર.પાટીલ

## તમારો મત એ યજ્ઞમાં એક મૂલ્યવાન આહુતિ : પાટીલ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં સર્વાંગી વિકાસ અને વિકસિત ભારતનો યજ્ઞ આરંભ્યો છે : ભાજપના પ્રમુખ

। (એજન્સી) ગાંધીનગર, તા.૬ ।



દેશભરમાં ત્રીજા તબક્કાનું મતદાન થવા જઈ રહ્યું છે. જેમાં ગુજરાતની ૨૬ પૈકી ૨૫ લોકસભા બેઠકો તથા વિધાનસભાની પેટા ચૂંટણીની પાંચ બેઠકો માટે મતદાન થવા જઈ રહ્યું છે. દેશભરમાં ગરમીના પ્રકોપને જોતાં મતદાન મંગળવારે સવારે ૭થી સાંજના ૬ વાગ્યા દરમિયાન રાજ્યમાં પચાસ હજારથી વધુ મતદાન મથકો મતદાન થવાનું છે. જેથી વધુને વધુ નાગરિકો ઠડાં પહોરે મતદાન કરવા જઈ શકે આ મતદાન પૂર્વે ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે રાજ્યના તમામ મતદારોને મત આપવા માટે અપીલ કરી છે અને સાથે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, તમે સૌ મતદાનની પવિત્ર ફરજ નિભાવશો જ !.

વધુમાં સી. આર. પાટિલે ઉમેર્યું હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપણાં દેશમાં સર્વાંગી વિકાસ અને વિકસિત ભારતનો યજ્ઞ આરંભ્યો છે, જેથી તમારો મત એ યજ્ઞમાં એક મૂલ્યવાન આહુતિ સાબિત થઈ શકે છે તેથી મતદાન અવશ્ય કરજો. પાટીલે જણાવ્યું છે કે, ૭મી મેના રોજ મત આપવા જાવ ત્યારે એક નજર તમારા સંતાનો કે એમના સંતાનો પર કરજો.. અને નક્કી કરજો કે તમારો મત એમનાં વધુ સલામત, વધુ ઉજ્જ્વળ ભ?વિષ્ય માટે હશે. એક નજર તમારી બહેન પર, તમારી માતા પર.. અને એમને મળતા સન્માન, સલામતી, અધિકાર વિશે વિચારજો. તમારો મત એમના માટે હશે. વિતેલા દસ વર્ષોએ ભારતીય હોવાનું સન્માન અપાવ્યું છે. દુનિયામાં કોઈપણ ખૂણે અભિમાનપૂર્વક 'આઇ એમ ફ્રોમ ઈન્ડિયા' એવું કહી શકાય છે. તમારો મત ભારતીય હોવાના એ અભિમાનમાં વૃદ્ધિ માટે હશે.

### રૂપાલા સામે ક્ષત્રિયોના વિરોધ વચ્ચે ભાજપે ભર્યું પગલું

## ભાજપને મત આપીને મોટું દિલ બતાવવાની અપીલ કરી

### ગુજરાતમાં ભાજપના વરિષ્ઠ ક્ષત્રિય નેતાઓએ પુરષોત્તમ રૂપાલા દ્વારા કરાયેલા નિવેદન પર દુઃખ વ્યક્ત કર્યું હતું

। (એજન્સી) રાજકોટ, તા.૬ ।

ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ૭ મેના રોજ મતદાન છે. મતદાન પહેલા ભાજપે રાજપૂત સમુદાયને મનાવવા માટે એક છેલ્લી ચાલ કરી હતી. ભાજપના તમામ ક્ષત્રિય આગેવાનોએ નિવેદનો આપી સમાજને ભાજપને મત આપવા અપીલ કરી હતી. કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનથી નારાજ ક્ષત્રિય મતદારોને મનાવવા માટે ભાજપે મોટી અને આખરી પગલું ભર્યું છે. ભાજપના તમામ ક્ષત્રિય આગેવાનોએ રાજપૂત સમાજને રવિવારે લોકસભા ચૂંટણી પ્રચારના અંત પહેલા રાષ્ટ્રીય હિતમાં ભાજપને મત આપવા અપીલ કરી છે. ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ૭મી મેના રોજ મતદાન થવાનું છે.

મળતાં અહેવાલ મુજબ ગુજરાતમાં ભાજપના વરિષ્ઠ ક્ષત્રિય નેતાઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ.કે.જાડેજા, પ્રદીપસિંહ જાડેજા, માંધાતાસિંહ જાડેજા, કેસરી દેવસિંહ ઝાલા, બળવંતસિંહ રાજપૂત, જયદ્રથસિંહ પરમાર, મહેન્દ્રસિંહ સરવૈયા, કિરીટસિંહ રાણા, ધર્મેન્દ્રસિંહ સિંહ જાડેજા, સી.કે. રાઉલજી, અરુણસિંહ રાણા, વિરેન્દ્રસિંહ જાડેજા અને પ્રદ્યુમનસિંહ જાડેજાએ એક નિવેદન જારી કરીને તેમના સમુદાયને ભાજપને મત આપીને મોટું દિલ બતાવવાની અપીલ કરી હતી. ત્યારે ઉપરોક્ત નેતાઓએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે, "પુરષોત્તમ રૂપાલાએ તેમના નિવેદન પર દુઃખ વ્યક્ત કર્યું છે અને ક્ષત્રિય સમાજની ઘણી વખત માફી માંગી છે." રૂપાલાએ વારંવાર માફી માગી ત્યારે ક્ષત્રિય સમાજે 'ક્ષમા વીરસ્ય ભૂષણમ'ના નારા લગાવીને ત્યાગ અને બલિદાનની ભવ્ય પરંપરા દર્શાવીને રાષ્ટ્રહિતમાં ઉદારતા દાખવવી જોઈએ. ભાજપ ગુજરાતના ક્ષત્રિય આગેવાનોએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી શક્તિ બનવા જઈ રહ્યું છે. આ સંદર્ભમાં દેશ અને સનાતન ધર્મની રક્ષા કરવી એ આપણી ફરજ છે. જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતને ગૌરવ અપાવી રહ્યા છે, ત્યારે તેમની સાથે સહકાર આપવો અને આ લોકશાહી પ્રક્રિયાનો ભાગ બનવું એ આપણું રાષ્ટ્રીય કર્તવ્ય છે. ભાજપના નેતાઓએ કહ્યું કે, તેઓ પણ રૂપાલાના નિવેદનથી દુખી અને આઘાતમાં છે. જોકે, તેમણે કહ્યું કે, દેશ અને રાજ્યના વિકાસમાં ક્ષત્રિય સમાજનો ફાળો છે.

### પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી

## ૭ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી

### દિલ્હીની જેમ અમદાવાદની શાળાઓને બોમ્બથી ઉડાવાની ધમકી : બોંબ સે ઉડા દેંગે રોક શકે તો રોક લો

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।



છેલ્લા ઘણા દિવસોથી દિલ્હી એનસીઆરની ૧૦૦ થી વધુ શાળાઓને બોમ્બની ધમકી મળી હતી. જે બાદ વહીવટીતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. આ સાથે જ હવે મળતી માહિતી મુજબ અમદાવાદની સાત શાળાઓને ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે. અમદાવાદ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ મામલે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.મતદાનના એક દિવસ પહેલા આજે સવારે એક ઈમેલ આવ્યો હતો જેમાં એક પછી એક ૭ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. જે બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ એક્શનમાં આવી હતી અને ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

આ ઘટના અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજીત રાજિયને કહ્યું કે આ મેઈલ એક એક્સટર્નલ સર્વરથી આવ્યો છે અને મેઈલ કહે છે કે જેઓ તેનું પાલન નહીં કરે તેમની સામે અમે કડક કાર્યવાહી કરીશું અને અમે તેને ઉડાવી દઈશું. આ સિવાય બીજો મેસેજ પણ આપવામાં આવ્યો છે. પોલીસ, અફવાઓથી સાવધ રહો વધુમાં તેમને જણાવ્યું હતું કે આજે સવારે ૭-૮ શાળામાં એક મેઈલ આવ્યો છે. અમે આ મેલ પર કડક કાર્યવાહી કરીશું, જેઓ નહીં માને તેમને બોમ્બમારો કરવામાં આવશે. એક બાહ્ય સર્વર અને તે નકલી મેઈલ હોવાનું જણાય છે. તેની ટેકનિકલ તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ભારતમાં આ પ્રકારના મેઈલ સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે, લોકો પર પણ પોલીસ દ્વારા નજર રાખવામાં આવી રહી છે જેથી તેઓને કોઈપણ અજાણ્યું જણાય તો પોલીસને જાણ કરવામાં આવે. ડીપીએસ બોપલ, આનંદ નિકેતન બોપલ,એશિયા ઈંગ્લિશ સ્કૂલ, વસ્ત્રાપુર,કેલોરેક્સ સ્કૂલ, ઘાટલોડિયા,ન્યુ નોબલ સ્કૂલ વ્યાસવાડી, નરોડા,ઓએનજીસી કેન્દ્રીય વિદ્યાલય, ચાંદખેડા, અમૃતા વિદ્યાલય, ઘાટલોડિયા આ શાળાઓને ઈમેલ મળ્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

### ભરૂચમાં ત્રણ મુખ્ય ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામશે

। (એજન્સી) ભરૂચ, તા.૬ ।

ભરૂચ એક સંવેદનશીલ નગર છે. વસાવા ફજ વસાવાના ખેલમાં ત્રણ મુખ્ય ઉમેદવારો ભાજપના મનસુખ વસાવા , આપના ચૈતર વસાવા અને ભારતીય ટ્રાયબલ પાર્ટીના દિલીપ વસાવા વચ્ચે ખરાખરીનો જંગ જામશે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભરૂચ પોલીસના ૨૮૦૦ કરતા વધુ પોલીસકર્મીઓ અને અધિકારીઓ ખડેપગે રહેશે. ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છીય ઘટના ન બને તે માટે ઘણા દિવસો અગાઉથી કવાયત શરુ કરાવી દીધી હતી. પોલીસે ૫૦ કરતા વધુ લોકો સામે પાસ અને ૧૧૬ લોકો સામે તડિપારની કાર્યવાહી કરી છે. આ ઉપરાંત બિનહિસાબી ૨૭ લાખ રૂપિયા ઝડપી પાડી તેને સીઝ કર્યા છે. પોલીસ વડાએ સ્પષ્ટતા કરી છે કે કાયદો અને વ્યવસ્થાના મુદ્દે પોલીસ કોઈપણ પ્રકારની બાંધછોડ કરશે નહિ.

### ભરૂચમાં ત્રણ મુખ્ય ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ જામશે

। (એજન્સી) ભરૂચ, તા.૬ ।

ભરૂચ એક સંવેદનશીલ નગર છે. વસાવા ફજ વસાવાના ખેલમાં ત્રણ મુખ્ય ઉમેદવારો ભાજપના મનસુખ વસાવા , આપના ચૈતર વસાવા અને ભારતીય ટ્રાયબલ પાર્ટીના દિલીપ વસાવા વચ્ચે ખરાખરીનો જંગ જામશે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભરૂચ પોલીસના ૨૮૦૦ કરતા વધુ પોલીસકર્મીઓ અને અધિકારીઓ ખડેપગે રહેશે. ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છીય ઘટના ન બને તે માટે ઘણા દિવસો અગાઉથી કવાયત શરુ



જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે. અને સંયુક્ત પોલીસ કમિશનર અજય ચૌધરીના અધ્યક્ષસ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

### પાંચ દિવસ માટે હીટવેવ વોર્નિંગ

## અમદાવાદમાં ત્રણ દિવસ માટે યલો એલર્ટ જાહેર

### ગુજરાતમાં મતદાનના દિવસે ગરમીનો પારો વધવાની શક્યતા

। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. તો બીજી બાજુ મંગળવારે લોકસભા ચૂંટણી માટેનું મતદાન પણ થવાનું છે. જેના કારણે ગુજરાતની હવામાં જ હાલ ગરમાવો દેખાઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ગુજરાતમાં આગામી પાંચ દિવસ કેટલાક જિલ્લાઓમા હીટવેવની વોર્નિંગ આપવામાં આવી છે. આ સાથે અમદાવાદમાં પણ ત્રણ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવની આજની આગાહી પ્રમાણે, ગુજરાતમાં ૨૪ કલાક દરમિયાન વાતાવરણ યથાવત રહેશે જે બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાશે. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૯.૨ ડિગ્રી અને ગાંધીનગરમાં ૩૮.૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં મહત્તમ તાપમાનની વાત કરીએ તો અમરેલી અને ભાવનગરમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. જ્યારે આગામી ૨૪ કલાકમાં એટલે કે મતદાનના દિવસે અમદાવાદમાં ૪૨ ડિગ્રીની આસપાસ, ગાંધીનગરમાં ૪૦ ડિગ્રી, જ્યારે સુરતમાં ૩૯ ડિગ્રી આસપાસ, રાજકોટમાં ૪૦ ડિગ્રી, કચ્છ ૪૧ ડિગ્રીની આસપાસ નોંધાશે. સામાન્ય રીતે મહત્તમ તાપમાન બેથી ચાર વાગ્યા સુધીમાં મેક્સીમમ હોય છે.

### કલેક્ટરે નાગરિકોને અવશ્ય મતદાન કરવા અપીલ કરી

## જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજવા જિલ્લા વહીવટી તંત્ર સુસજ્જ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

રાજ્યમાં ચૂંટણી પ્રચારના પડઘમ શાંત થઈ ગયા છે. અમદાવાદ જિલ્લામાં કુલ ૫૪૫૯ મતદાન મથકો પર આવતીકાલે મતદાન યોજાશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે. અને સંયુક્ત પોલીસ કમિશનર અજય ચૌધરીએ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્રની તૈયારીઓની વિગતો પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી રજૂ કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.એ જિલ્લાના સૌ નાગરિકોને સહપરિવાર અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી.જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ વિગતો પૂરી પાડતા જણાવ્યું હતું કે, જિલ્લામાં કુલ ૬૦,૭૪,૦૦૫ મતદારો આવતીકાલે મતદાન કરશે. જિલ્લામાં ૩૧,૫૧,૩૧૨ પુરુષ મતદારો અને ૨૯,૨૨,૪૪૯ સ્ત્રી મતદારો તથા ૨૪૪ અન્ય મતદારો મતદાન કરશે. જિલ્લામાં ૧૪૭ સખી સંચાલિત, ૨૧ દિવ્યાંગ સંચાલિત તથા ૨૧ આદર્શ મતદાન મથકો પણ ઊભા કરવામાં આવ્યા છે. મતદાન મથકો પર પાણી, મેડિકલ કિટ, રેમ્પ, ટોઈલેટ, સાયનેજીસ, હાઈજીન કિટ, વેલ્ફેર કિટ સહિતની એસ્યોર્ડ મિનિમમ ફેસીલીટી (AMF) ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે, એવું તેમણે ઉમેર્યું હતું. વધુમાં વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, અ.મ્યુ.કો. દ્વારા જે મતદારો ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ, વોટર ઈન્ફોર્મેશન સ્લીપની ઝેરોક્ષ કે મતદાન બાદ આંગળી ઉપર સહીની નિશાની બતાવશે.

### અમિત જેઠવા હત્યા કેસમાં હાઇકોર્ટનો મોટો ચૂકાદો

## અમિત જેઠવા હત્યા કેસમાં દીનુ બોઘા સોલંકી સહિત તમામ નિર્દોષ છૂટ્યા



। (એજન્સી) અમદાવાદ, તા.૬ ।

અમદાવાદમાં આરટીઆઇ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની વર્ષ ૨૦૧૦માં હત્યા કરવામાં આવી હતી જેમાં ભાજપના નેતા દીનુ બોઘા સોલંકી સામે આ હત્યાકાંડમાં સામેલ હોવાના આરોપ થયા હતા. હવે આ કેસમાં ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો આવી ગયો છે અને દીનુ બોઘા સોલંકી સહિત તમામ આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે. લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં આવતી કાલે વોટિંગ થવાનું છે ત્યારે આ મહત્ત્વનો ચુકાદો આવ્યો છે. અમિત જેઠવાને ગુજરાત હાઈકોર્ટની સામે જ ગોળી મારવામાં આવી હતી અને તે સમયે સૌથી ચકચારી કેસ હતો. ગુજરાત હાઈકોર્ટમાં ભાજપના નેતા અને ભૂતપૂર્વ સાંસદ દીનુ બોઘા સોલંકીને મોટી રાહત મળી છે. અમિત જેઠવા હત્યા કેસમાં પકડાયેલા દીનુ બોઘા સોલંકી સહિત તમામ આરોપીઓનો છૂટકારો થયો છે. અન્ય આરોપીઓમાં શૈલેષ પંડ્યા, ઉદાજી ઠાકોર, શિવા પચાણ, શિવા સોલંકી, બહાદુરસિંહ વાઢેર (પોલીસ કોન્સ્ટેબલ) અને સંજય ચૌહાણ સામેલ હતા. હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન એવો મત રજુ થયો હતો કે તપાસ એજન્સીઓ અને પ્રોસિક્યુશન સત્યની શોધ કરી શકી નથી. ૨૦૧૦માં આરટીઆઈ એક્ટિવિસ્ટ અમિત જેઠવાની હત્યા કરાઈ હતી. ત્યાર પછી હત્યામાં સામેલ હોવાના આરોપસર દીનુ બોઘા સોલંકીની પણ ધરપકડ કરાઈ હતી. હાલમાં દિનુ બોઘા સોલંકી જામીન પર બહાર હતા. આખા કેસની વાત કરીએ તો ૨૦ જુલાઈ ૨૦૧૦ના રોજ હાઈકોર્ટ સામે લગભગ સાડા આઠ વાગ્યે અમિત જેઠવાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જેઠવા તે દિવસે હાઈકોર્ટમાં એફિડેવિટ કરવા માટે આવ્યા હતા કે ભાજપના નેતા દીનું બોઘાથી તેમના જીવને જોખમ છે. હત્યા બાદ અમિત જેઠવાના પિતા ભીખાભાઈ જેઠવાએ ગીર સોમનાથના પૂર્વ સાંસદ દીનુ બોઘા સોલંકી સહિત ૭ લોકો સામે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨